કુમાર

તંત્રી રવિશંકર રાવળ

અંક ૬૨



માહ ઉગતી પ્રજાનું માસિક '૮૫

કુમાર
માહ ૧૯૯૫
અંક ૬૨

ચેતવણી

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બ   પડયા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી.
લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ.
મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨
ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી.
લેખકો: જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખા અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



શુષ્કભૂમિનાં અતિથિ
ચિત્રકાર : રસિકલાલ ન. પરીખ

કુમાર

માહ
૧૯૮૫

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

નાવિકબાળનું ગીત

સાગર-સાગર જહીં ભેટીને ઉછળે
ત્યાં મારે હોડલાં હંકારવાં જી રે;
રચે પ્રચંડ દુર્ગ મોજાંની માળ જ્યાં
ત્યાં મારે હીંચકા ઝુલાવવા જી રે.

ભમનારા દેશદેશ આવે અનિલરાજ
પાંખે ચડીને એની ઉડવું જી રે;
સુરજ ને ચંદ્ર ડુબે ઉદધિના ઉરમાં
એની સંગાથ જગત ઘુમવું જી રે.

તરતાં તે મોગરાનાં ફુલ સમાં ફીણને
લેઇ લેઈ હાથમાં ઉછાળવાં જી રે;
ચાંપી ચરણ તળે ઘુઘવતાં નીરને
સાગરસપાટીએ સંચરવાં જી રે.

અણમોલાં મોતી ને રત્નોના દ્વિપમાં
ખાંતેથી વ્હાણવટું ખેડવું જી રે;
ગહન ઉંડાણભર્યા સાગર-સંગીતમાં
મારું યે એક તાન પુરવું જી રે.

ચુ. દા. પાટડિયા





ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓએ તેમની લડતમાં અણીશુદ્ધ વિજય મેળવ્યો. એ પાઠ પરથી આખા દેશના વિદ્યાર્થીઓની આંખો ઉઘડી ગઈ છે કે પ્રિન્સિપાલો, પ્રોફેસરો અને શાળાની ઈમારતો વિદ્યાર્થીને માટે છે. વિદ્યાર્થીઓ તેમનો ત્યાગ કરશે તે દિવસે એ બધાંનું અસ્તિત્વ સાવ નકામું બની જશે. પોતાના જીવનને યોગ્ય ભણતર ક્યાંથી અને કેવી રીતે મેળવવું તેનો ઇલાજ વિદ્યાર્થીઓને જડશે તે જ વખતે આ ઠોકી પાડેલી કેળવણી અને જુઠા સંસ્કારો નાબુદ થઈ જવાના.

વિદ્યાર્થીઓ પોતે જ કૉલેજ ઉભી કરી શકે, પોતે જ પોતાના ધ્યેયને અનુકુળ અધ્યાપકો શોધી કાઢી તેમને આમંત્રે અને પોતાના વિકાસનો ક્રમ જાતે જ સંભાળી શકે એ વાત માત્ર કલ્પના નથી. આજે યુરોપ અને અમેરિકાની સંસ્કારી શાળાઓમાં, શિક્ષકોનાં કોઇ જાતનાં અઘટિત દોર કે અસર વિદ્યાર્થીઓ ઉપર ન ચાલવા પામે અને તેઓ પોતાનાં અભ્યાસ, વર્તન અને વિચારમાં સ્વતંત્ર રહી શકે એવા સફળ પ્રયોગો ચાલે છે. ડાલ્ટન નામની શિક્ષણ–યોજના આજે સર્વવ્યાપક બની જાય છે. વિદ્યાર્થીઓમાંના જેઓ દેશમાં સ્વતંત્રતાનું વાતાવરણ લાવવા ઇંતેજાર હોય તેમણે જાતે મૉન્ટેસોરી, ડૉલ્ટન કે એવું કોઈ અનુકુળ પ્રકારનું સ્વતંત્રતામય શિક્ષણ આપવા અને ભાવિ વિદ્યાર્થીઓને સ્વતંત્ર બનાવવા જાતે એવા શિક્ષક બનવું જોઇએ.

ભાવનગર દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના સંચાલકોએ આવા શિક્ષણની તાલીમ માટે એક અધ્યાપન મંદિર શરૂ કર્યું છે. બી. એ. કે એમ. એ. થવાના અભિલાષીઓમાંના થોડા એ માર્ગે ઉતરે તો જરૂર સ્વતંત્રતાના આદ્ય સૈનિકો તરીકે કીર્તિ મેળવી જાય. સાચા શિક્ષકોને માટે આજ દેશનાં બાળકોનાં જિગર તલસી રહ્યાં છે. આજનાં પાંચ કલાકનાં કેદખાનાં અને શિક્ષકની ફોજદારીમાંથી પોતાને છુટા કરે એવા કોઇ દેવદુતો ક્યારે આવે તેની આશા તેઓ આતુરતાથી ભરી રહ્યાં છે.

પણ આજનો જુવાન પોતાના મનની ગતિ ઓળખી શકતો નથી. ગોખણિયા અભ્યાસની ટેવને લીધે તે હમેશાં કોઈ પાઠ આપનારની રાહ જોતો અતિશુન્ય દેખાય છે. શું કરવું તેનો વિચાર પણ કોઇ તેને આપે યા બતાવે તો જ તે ચાલી શકે. તેનાથી કૉલેજ છોડાતી નથી, કારણકે ઘર તરફથી મળતો ખર્ચ તરત બંધ થવાની તેને બીક છે. તેનાથી દૂરના પ્રાંતમાં ઉડી જઇ શકાતું નથી, કારણકે નિર્વાહ પુરતું કંઈ કામ—અરે મજુરી પણ—કરવાની તેના બીચારામાં શકુર રહી નથી. પ્રોફેસર કે પ્રિન્સિપાલને જરા પણ નારાજ કરવાની હામ તેનામાં નથી, કારણકે તેમનો એક જ લીટો તેનાં સર્ટિફિકેટોને ફરીઅર ધોઈ નાખશે એવા ભયથી તે હમેશાં ફફડતો હોય છે. અને કૉલેજની છાપ લીધા પછી દુનિયાનાં બીજા માણસોમાં તે ભળી શકતો નથી અથવા તેમને કોઇ રીતે ઉપયોગી થઇ શકતો નથી, કારણકે તેની અરધી જીંદગી સુધી મળેલું શિક્ષણ એ વેઠ હોય છે. પરિણામે ભાવિ સંસારનો લોભ અને પોતાની જાતની અશક્તિ તેને જીવતા મુરદા જેવો બનાવી દે છે.

યુવક–મંડળો અને વિદ્યાર્થી–મંડળો મોટા ડહાપણભર્યા નિબંધો અને પાર્લામેંટની ચર્ચાઓ કરતાં પહેલાં પોતાની જાતની ચર્ચા કરે અને નવા સ્વતંત્ર માર્ગો ઉઘાડી એ રસ્તે પ્રયાણ કરે તો જ તેમની વાક્ચાતુરી અને જ્ઞાન લેખે લાગવાનાં તથા દીર્ઘજીવી થવાનાં. નહિતર વિદ્યાર્થી અવસ્થામાં ગમે તેટલી તેજસ્વી કારકીર્દિ હોવા છતાં તે સરકારી નોકર થયો એટલે મોઢે તાળું પડવાનું; પોતાનો સંસાર સાચવી રાખવાને લોભે તે કોઈ જાતનો સામાજિક બળવો પણ કરી શકવાનો નહિ; અને પૈસા તો કેટલાક કમાવાનો કે દેશ સેવામાં કંઇ એ આપી શકે? વિદ્યાર્થીજીવનમાંથી જ જેઓ સ્વાશ્રય અને સ્વાતંત્ર્યની તાલીમ નહિ મેળવે તે કદિ સ્વતંત્રતાની વાટે નહિ ચડી શકે.

તમારી આસપાસ કેટલાં માણસો રોજગાર મેળવી રહ્યાં છે તે જુઓ. તેમાં તમારૂં ભણતર ક્યાં યે પણ કામ આવશે કે નહિ તેનો વિચાર કરો. તમે કોઇ પણ જાતનું ઉપયોગી કામ અત્યારથી જ હાથ કરવા માંડો. લોકો આપમેળે તમને બોલાવે અથવા તમે લોકોને આકર્ષી શકો એવી આવડત, કામ કે ચપળતા પ્રાપ્ત કરવાના પ્રયત્ન આજથી જ આદરો. તેમ કરતાં સાથોસાથ તમારૂં ચારિત્ર્ય ઘડાશે, આવડત વધશે અને તમે વહેલા સ્વાશ્રયી અને સ્વતંત્ર બની શકશો.

હસ્તલિખિત માસિકોના તંત્રીઓને

આવતી તા. ૨૯, ૩૦, ૩૧ મી માર્ચના રોજ અમરેલી મુકામે ભરાનારી ચોથી પુસ્તકાલય પરિષદની સાથે એક પુસ્તકાલય પ્રદર્શન ભરવાનું ઠર્યું છે; તેમાં ગુજરાતનાં હસ્તલિખિત માસિકોને પણ સ્થાન આપવાનું તેના કાર્યવાહકોએ ઠરાવ્યું છે, અને તે માટે સૌ હસ્તલિખિત માસિકોના તંત્રીઓને પોતાનો એકેક સારો, નમુનેદાર અંક મોકલી આપવાની વિનંતિ કરવાની અમને સૂચના થઇ છે. અંકો ૨૦મી માર્ચ પહેલાં શ્રી મતાપરાય ગિરધરલાલ મહેતા, પુસ્તકાલય પ્રદર્શન, અમરેલી, એ સરનામે નીચેની વિગતોની પુરી માહિતી સાથે મોકલવાં: (૧) નામ (૨) સ્થળ (૩) તંત્રી (૪) કઈ જાતનું સામયિક (૫) કઇ સંસ્થા ચલાવે છે? (૬) લેખકો જાતેજ લખે છે કે સારા અક્ષર વાળી કોઇ એક જ વ્યક્તિ પાસે લખાવે છે? (૭) સચિત્ર કે નહિ? (૮) કોઇ સ્ત્રી લેખકોના લેખો કદિ આવે છે? (૯) કેટલા વખતથી ચાલે છે (૧૦) ઉપરાંત જાણવા જેવી કાંઇ હકીકત.

કોઇ ઉત્સાહી તંત્રીઓ આ પ્રસંગ માટે ખાસ પુસ્તકાલય પ્રદર્શન અંક કાઢશે અને તેની એક નકલ પ્રદર્શનમાં રાખવા માટે ભેટ મોકલશે તો આભાર સાથે સ્વીકારી તેને સંગ્રહમાં રાખવામાં આવશે. અંક પાછા મેળવવા ઈચ્છનારાઓને પાછા મળશે.



ખોટો રૂપિયો

(ચિત્રકાર : રવિશંકર રાવળ)

યુનિવર્સિટીની ટંકશાળમાંથી નીકળેલો ગ્રેજ્યુએટ સંસારમાં ખોટા રૂપિયા જેવો છે. પોલીસ ખાતાને યોગ્ય ખડતલપણું ને હીમત તેનામાં રહ્યાં નથી; સરકારી કે કેળવણી ખાતામાં તેને માટે સ્થાન નથી; વેપાર, ખેતી કે કારીગરી માટે તે નક્કામો છે, કેમકે તેને માટે જરૂરની અનુભવી વ્યવહારબુદ્ધિ કે મહેનતભરી ક્રિયાશક્તિ તેને મળ્યાં નથી. પરિણામે આટઆટલું ખર્ચ કર્યા પછી પણ માબાપને તો તે ભાર રૂપ જ રહે છે. આ કરુણ દશામાં તેની ડિગ્રીની આશા પર વાટ જોઇ બેઠેલાં તેનાં ગરીબ સ્ત્રી-બાળકોની શી વલે?

જગતની ભૂગોળમાં ને માનવીના જ્ઞાનમાં અપૂર્વ ઉમેરો કરનાર વૈજ્ઞાનિક સમુદ્રવીર

કૅપ્ટન કુક



લેખક

ડૉ. કાન્તિલાલ છ. પંડયા

એમ. એ., પીએચ. ડી., ડી. આઇ. સી.

જગતના સર્વ કાળના વહાણવટીઓમાં કૅપ્ટન જેમ્સ કુકનું નામ હરીફ વગર અદ્વિતીય સ્થાને શોભે છે.

'નેચર'

બસેં વર્ષ પછી પણ એ બહાદુર અંગ્રેજ શોધકને, આજનું મોટામાં મોટું વિજ્ઞાનપત્ર 'નેચર' આ પ્રમાણે અભિનંદન આપે છે.

એ કુક—કૅપ્ટન જેમ્સ કુક—કોણ હતો? બસેં વર્ષે આજે એની કીર્તિ હજી કેમ ગવાય છે?

એક અત્યંત ગરીબ વર્ગનો એ બાળક હતો. એનો જન્મ સન ૧૭૨૮ના ઑક્ટોબરની ૨૭મી તારીખે થયો: ઇગ્લંડના જાણીતા યૉર્કશાયર પરગણાના ક્લીવલૅન્ડ નામે જીલ્લાના એક નાનકડા અજાણ્યા માર્ટન ગામમાં.

એવી ગરીબ એ કુટુંબની સ્થિતિ હતી કે એમાં જન્મેલ ને ઉછરેલ કોઈ માણસ જાણીતું થાય જ નહિ. છતાં જેમ્સ કુક વહાણનો કપ્તાન થયો, બહાદુર સફરી થયો, નામચીન શોધક થયો, અને આજ બસેં વર્ષે પણ મહેકે છે એવી અમર કીર્તિ મેળવી ગયો. એના જન્મનો દ્વિશતાબ્દિ-મહોત્સવ ગયા ઑકટોબરમાં ઉજવાયો અને તે પ્રસંગે એની કીર્તિના ડંકા ફરીફરી વાગ્યા. એના પોતાના સ્વપ્નમાં પણ નહિ હોય એવી નામના એની આજે થઇ છે.

એનો બાપ એક મામુલી મજુર હતો. ખેતી કરતો. ઉપરાંત ખેતી સંબંધી બેલિફનું કામ કરી માંડમાંડ પેટ ભરતો. જેમ્સ તેર ચૌદ વર્ષનો થયો ત્યાં લગી, વ્હીટબીની પાસેના એક દુકાનદારને ત્યાં ઉમેદવારી કરતો રહ્યો હતો. પછી ભણતરનું—કેળવણીનું—નિશાળનું તો ઠેકાણું જ શેનું હોય?

છતાં 'ચન્દ્ર છુપે નહિ બાદલ છાયો' તેમ એની કુદરતી શક્તિએ તથા ચારિત્ર્યબળે એને વિકાસ અપાવ્યો: એ એટલે લગી કે તેણે આપણા ભૂગોળના જ્ઞાનની પુષ્કળ ને સંગીન વૃદ્ધિ કરી, બે સરસમાં સરસ તથા અઢળક સંપત્તિવાળા ટાપુઓ—ન્યૂ ઝીલૅન્ડ તથા ઑસ્ટ્રેલિયાની ઉપર બ્રિટિશ વાવટો ફરકાવ્યો, વિટેમિનનું નામ પણ કોઇના સ્વપ્નમાં નહોતું ત્યારે 'વિટેમિન સી'ની શોધનો પાયો મુકયો, દરિયાઇ જીવનમાં તે વખતે હજારો માણસોના અચુક પ્રાણ લેનાર ભયાનક રોગોમાંથી આરોગ્યનું સંરક્ષણ કેમ કરવું તે શીખવ્યું, અને સારા જગતના નાવિક સંશોધકોમાં ઉંચામાં ઉંચું પદ પ્રાપ્ત કર્યું.

કોઇ પુછશે કે આ બધું કેવી રીતે થયું? એનો ઉદય કોઇ ચમત્કારિક નસીબ-પલટાથી થયો નથી. એના મુળમાં અનેક વાતો રહેલી છે. તેમાંની એક મુખ્ય વાત તે એનો ઉત્કટ સમુદ્ર-મોહ.

આ શબ્દ જ આપણને નવો છે, તો તેથી વ્યક્ત થતો ભાવ તો ખાસ નવો હોય જ. છતાં આપણને અજાણી એ ચીજે જગતમાં કેટલાં યે યુવાન હૃદયોને હલમલાવી નાખ્યાં છે, કેટલાંને સર્વસ્વનો ત્યાગ કરાવી તેમના આખા જીવનનું પરિવર્તન કરાવી દીધું છે, એટલું જ નહિ પણ એ સાહસિક વીરોનાં પરાક્રમો દ્વારા એ ચીજે આખી દુનિયાના ઇતિહાસમાં અનેક યુગ-પલટા કરી દીધા છે! એના એકલાનો ઇતિહાસ જ જોવા જેવો છે.

આપણે ત્યાં દરિયાઇ સફરથી બીતાં ને અભડાતાં અનેક સ્ત્રીપુરુષો જોઇએ છીએ. હોડીમાં પગ મુકતાં યે કાળજું કંપે! વહાણ તો દીઠાં પણ ન હોય તો દરિયાની સફર તો ક્યાંથી જ કરી હોય! આજે પણ કેટલા યે જુવાનો સરસમાં સરસ સ્ટીમરમાં પણ એકદમ 'માંદા' થઈ જાય છે અને એમની બધી સફર લગભગ પથારીમાં પુરી થાય છે, તથા જ્યારે કિનારો દેખે ત્યારે જ એમના જીવમાં જીવ આવે છે. છતાં


ગુજરાતમાં ય બંદરો હતાં, વહાણો બંધાતાં, વહાણો હંકારાતાં; સમર્થ વહાણવટીઓ પણ આપણે ત્યાં થઇ ગયા છે; અને દરિયાને ખોળે રમનારી થોડીઘણી વસ્તી (જોકે હવે તદ્દન ગરીબ) હજી ય સમુદ્રતીરે રહી છે ખરી.*

બ્રિટનના જેવો દેશઃ ચારે તરફ પાણી, ને સમુદ્રની સાથે તો રોજ વ્યવહાર કરવો પડે, નહિ તો જીવાય જ નહિ. ત્યાં કેટલાકનાં દિલમાં સમુદ્રને માટે મુળથી જ કાંઇક અજબ આકર્ષણ થઇ જાય છે. એ આકર્ષણ નશા જેવું બળવાન થઈ પડે છે. આજલગી હજારો યુવકો તેના મોહક આહ્વાનના પ્રત્યુત્તરમાં સઘળું જીવન અર્પી ચુકયા છે. તેથી જ તો આવું ઉત્તમ નૌકાસૈન્ય, આવો ઉત્તમ ખલાસીવર્ગ, આટલો બળવાન સમુદ્રવ્યાપાર, અને તેને અંગે રહેલા વીરતાના અનેક ગુણો આપણે એ દેશમાં જોઇએ છીએ.



કૅપ્ટન કુક

એક મામુલી મજુરનો આ છોકરો બ્રિટિશ સામ્રાજ્યને રચનાર મોટા માણસોમાં યે મોટો થઇ ગયો, અને માનવ જ્ઞાનનો એક પરમ પિતા થઇ ગયો. આપણા મોટામાં મોટા મહાસાગરની ઉંડાઇ એણે માપી; આપણા ભૂગોળના જ્ઞાનની પુષ્કળ ને સંગીન વૃદ્ધિ એણે કરી; બે સરસમાં સરસ, અઢળક સંપત્તિવાળા ટાપુઓ—ન્યૂ ઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયા પર બ્રિટિશ વાવટો એણે ફરકાવ્યો; વિટામિનનું નામ પણ કોઈના સ્વપ્નમાં ન હતું એ વખતે વિટામિન 'સી'ની શોધનો એણે પાયો મુકયો; અને સારા જગતના નાવિક સંશોધકોમાં વૈજ્ઞાનિક સમુદ્રવીર તરીકે ઉંચામાં ઉંચું પદ એણે પ્રાપ્ત કર્યું.




દરિયાથી દૂર રહેનાર, એક ખેડુતનો દીકરો, એક દુકાનદારનો નોકર, તદ્દન અભણ ગરીબ છોકરો: એને આ સમુદ્ર-લગની કયાંથી લાગી તે કોણ કહી શકશે! પણ તે લાગી તે લાગી. ઘરબાર, માબાપ, નોકરી બધું છોડીને, પોતાનું ભૂતભવિષ્ય બન્ને મુઠીમાં બાંધીને, નાનો જેમ્સ ભાગ્યો, ને પોતાની આ તરસ છીપાવવા તદ્દન નવા કાર્યપ્રદેશમાં —તદ્દન અજાણ્યા જીવન પ્રવાહમાં, ઉતરી પડ્યો.'

આખું કૌમાર ને યૌવન એણે ઇંગ્લંડને પૂર્વ તરફને કિનારેકિનારે ફરતાં નાનાંનાનાં વહાણોમાં વીતાવ્યું. ઉત્તર સમુદ્ર એ જ એની હાઇસ્કુલ અને એ જ એની યુનિવર્સિટિ! એન્જીનમાં કોયલા પુરનારની કોટડી એ જ એનું અભ્યાસ-મન્દિર!

આમ કરતે કરતે ૨૭ વર્ષની ઉમરે તે પહોંચ્યો. નાનાં નાનાં કાર્યોમાં એનું જીવન જતું હતું. એવામાં એકાએક આભમાંથી વિજળી ઝબકે તેમ યુગપલટાની ઘડી આવી. બહારથી ક્ષુદ્ર દેખાતી જીવનચર્યા દરમ્યાન એણે કેવી વિશેષ તૈયારી કરી હતી, બીજા સાહસિકોમાં અને આ યુવકમાં ય, મુળથી, પ્રકૃતિથી, શો ફેર હતો તે હવે પ્રકટ થયું.

ટેમ્સ નદીના શાન્ત વક્ષઃસ્થળ ઉપર એનું વેપારી વહાણ આરામ લેતું પડ્યું હતું. આસપાસ લડાઇની મનવારો હતી. વિગ્રહ થવાના ભણકારા વાગતા હતા. યુદ્ધમાં ભરતી કરવા માટે લલચાવનારા દલાલોની ટુકડીઓ ચોતરફ નીકળી ચુકી હતી. આવે કાળે એક બાજુ જયાં સ્ટીમ એન્જીનનો શોધક વૉટ, ૧૯ વર્ષની કાચી વયનો, લંડનમાં સાવ અજાણ્યો એકલવાયો,

* આની એક આગુધારી સાબીતી મળી આવે છે. સમુદ્ર-સેવાની તાલીમને માટે એક વર્ષ થયાં સરકારે 'ડફરીન' નૌકાની ઉપર કુમારોને તાલીમ આપવા માંડી છે. પ્રતિ વર્ષ ચુંટી ચુંટીને ત્રીસેક કુમારો આખા હિન્દમાંથી લે છે. આ બીજું વર્ષ શરૂ થયું. હું નવ ગુજરાતને પ્રશ્ન પુછું છું કે આમાં ગુજરાતીઓ કેટલા છે? આ વર્ષની નામાવલિમાં તો મને એકાદ પારસી ભાઈ સિવાય કોઇ ગુજરાતી નામ જડયું નહિ. આપણી ઋછાં, ખાવાપીવાનાં બંધનો તથા કાંઈક ભીરુતા, આપણુને આખા હિન્દમાં છેક પાછળ પાડી દે છે.



કુક જ્યાં આંક-અક્ષર માંડતાં શીખેલો એ શાળા



સ્ટેઇથ્સની જે નાનકડી દુકાને કુક કુમારવયમાં ઉમેદવારી કરતો તે દુકાન.

એમને આ દલાલોના પંજામાં ફસી પડાય એવા ડરથી, નાસતો ભાગતો સંતાતો ફરતો હતો, ત્યારે બીજી બાજુ મુશ્કેલીઓથી કઠણ થયેલા તથા સાહસોત્સુક આ વીર યુવકે સ્વેચ્છાથી વેપારી વહાણની નિરાંતવાળી સહીસલામત કૅબિન છોડી દીધી અને લડાઈના મનવારની ખુલ્લી ડેકનાં જોખમો સ્વીકાર્યાં. વેપારી વહાણનો અમલદાર મટી જેમ્સ કુક નૌકાસૈન્યમાં સ્વયંસેવક સૈનિક તરીકે જોડાયો.

પણ ત્યાગથી એનું નસીબ ફર્યું. હવે જ જાણે એ પોતાને માટે નિર્માયેલા ખરા પ્રદેશમાં આવી ચડ્યો હોય એમ થયું. ધીરેધીરે નૌકાસૈન્યમાં એને પદવી મળી. ઉદ્યોગથી, દૃઢ મિજાજથી, મળતાવડા સ્વભાવથી, બાહોશીથી તેમ જ સ્વાનુભવથી, નૌકાસૈન્યની સેવા એનાથી વધારે સારી કરી શકે એવા એ સમયે બહુ થોડા હશે,—કદાચ કોઈ નહિ હોય.

માત્ર ચાર વર્ષમાં, ૧૭૫૯માં, 'મરક્યુરી' નામના વહાણનો તે નાખુદા-કપ્તાન-નીમાયો.

મહાન પિટના કીર્તિકાળના તે દિવસો હતા. ફ્રાન્સની સાથેના યુદ્ધમાં જે અનેક વિજયો ઇંગ્લંડે મેળવ્યા તથા જે પરાક્રમપરંપરાથી આખું ઇંગ્લંડ તથા આખું જગત આભું બની ગયું, તે વિજયોનો તથા પરાક્રમોનો એ કાળ હતો. એ પરાક્રમી કાળમાં આ વિજ્ઞાનવીરની કારકીર્દિ શરૂ થઈ.

કૅનેડાની જીત તે વખતે થઈ. પ્રાણને ભોગે પણ કૅનેડાનું પાટનગર ક્વિબેક, જનરલ વુલ્ફે ફ્રેન્ચ પાસેથી લીધું ત્યારે કૅપ્ટન કુક પણ હાજર હતો. તે જીત પછીથી એણે, ક્વિબેકથી માંડીને છેક સમુદ્રકિનારા લગી, સેન્ટ લૉરેન્સ નદીનું નાવિક તથા વૈજ્ઞાનિક અવલોકન–**survey** કર્યું.--એક હજાર માઈલથી યે વધારે લાંબો આ જળમાર્ગ છે: એની એ અવલોકન–સફરને પરિણામે અંગ્રેજી નાવો નિર્ભય થયાં, ઇંગ્લન્ડ–કૅનેડાના સંબંધ તથા વ્યવહાર દૃઢ થયા, એટલું જ નહિ પણ વૈજ્ઞાનિક વર્ગમાં પણ આ કામની કદર થઈ. કુકનું નામ કીર્તિમંત થયું.

પછી 'નૉર્થમ્બરલૅન્ડ' નામની નૌકાનો તે 'માસ્ટર' નીમાયો. આ દરમ્યાન મળેલી ફુરસદનો બધો વખત એણે ગણિત તથા ખગોળ ભણવા પાછળ ગાળ્યો.

પછી ન્યૂફાઉન્ડલૅન્ડ તથા લૅબ્રેડૉરના કિનારાનો 'સર્વે' કરી નકશા બનાવ્યા. એ કામ તથા સૂર્યગ્રહણનું એણે કરેલું અવલોકન—એ બંને વૈજ્ઞાનિક દૃષ્ટિએ એવાં મહત્ત્વવાળાં હતાં કે વૈજ્ઞાનિક અવલોકનકાર તરીકે એનું નામ વધુ મશહૂર થયું.

ચાળીસ વર્ષની એની વય થઈ ત્યારે એના જીવનની ખરેખરી ધન્ય ઘડી આવી. એક મહત્ત્વનું ખગોળવિષયક અવલોકન કરવાને એક કાફલો ઇંગ્લન્ડથી પૅસિફિક મહાસાગર જવા ઊપડ્યો. તે કાફલાની 'એન્ડેવર' ('Endeavour') (પ્રયત્ન) નામની નૌકાનો તે કપ્તાન નીમાયો, અને એ આખા વૈજ્ઞાનિક કાફલાનો નાયક નીમાયો. એ કાફલાનો હેતુ, સૂર્યની



યૉર્કશાયરના રૉબિનહૂડ અખાતનો કિનારો: જ્યાં કુકે ભાવિ જીવનની મહત્ત્વાકાંક્ષાઓ ગૂંથીગૂંથીને કુમારવય વીતાવેલી.

ઉપર થઇને શુક્રના તારાનું –'વીનસ'નું સંક્રમણ થવાનું હતું તેનું પુરેપુરૂં અવલોકન કરવાનો હતો. આ અવલોકનને માટે સમય ૧૭૬૯ના જુનની ૩જી તારીખનો હતો; ઉત્તમ સ્થળ પૅસિફિક મહાસાગરનું હતું.

વાત આમ બની. અગાઉ ૧૭૬૧ માં આવું સંક્રમણ થયું હતું, પણ કેટલાક પ્રસંગોને લીધે તેનાં જે અવલોકનો થયાં હતાં તે સૌ અસંતોષકારક માલુમ પડ્યાં હતાં. એટલે યુરોપના બધા ખગોળશાસ્ત્રીઓની નજર તથા આશા આ ૧૭૬૯ના સંક્રમણની ઉપર બંધાઇ. ઇગ્લન્ડની રૉયલ સોસાએટીની * કાઉન્સિલે તો ત્રણ વર્ષ અગાઉથી એની ચર્ચા ઉપાડી, અને ૧૭૬૮માં રાજા ત્રીજા જ્યૉર્જ ઉપર એક લાંબી અરજી મોકલી. તેમાં જણાવ્યું હતું કે—

'સૂર્યની ઉપર શુક્રના ગ્રહનું સંક્રમણ ૧૭૬૯ના જુનની ૩જી તારીખે થવાનું છે. એ બનાવ અનુકુળ તથા ગોગ્ય સ્થળોએથી ચોકસાઇપૂર્વક અવલોકી શકાય તો એ અવલોકન આપણી ખગોળવિદ્યાને ઉપકારક થાય એમ છે. ખગોળશાસ્ત્રની ઉપર નૌકાશાસ્ત્ર પણ કેટલો બધો આધાર રાખે છે! (અને નૌકાશાસ્ત્રની ઉપર દેશનાં વ્યાપાર-સંપત્તિ તથા ઉન્નતિ.) ઉત્તર-પ્રદેશોમાંથી જ આજ લગી એનાં જે અવલોકનો થઇ ચુકયાં છે તે કરતાં દક્ષિણ પ્રદેશોમાંથી શુદ્ધ અવલોકનો કરવામાં આવે તે ઘણા વધારે મહત્ત્વનાં થાય એમ છે.' આમ પ્રસંગનું માહાત્મ્ય દર્શાવી, રૉયલ સોસાએટીએ મુદ્દાની વાત કરી; ". . પણ આ સર્વનું ખર્ચ ઉઠાવવા જેવી રૉયલ સોસાએટીની સ્થિતિ નથી.'

પરિણામ એ થયું કે ત્રણ જુદા જુદા કાફલાઓ, વિજ્ઞાનશાસ્ત્રીઓ તથા અવલોકન-યંત્રોની સાથે, ત્રણ જુદે જુદે સ્થળે મોકલવાની રાજાએ મંજુરી આપી. લેફ્ટેનન્ટ કુક તથા મિ. ગ્રીન બંનેને પૅસિફિક મહાસાગરમાં, મિ. ડાયમંડ તથા મિ. વેલ્સને હડસનના અખાત તરફ, (એટલે ઉત્તર અમેરિકા તરફ,) અને મિ. કૉલને મદ્રાસ તરફ જવાનું નક્કી થયું. સૌથી દૂર જનાર કાફલો કુકનો હતો. એનું વહાણ 'એન્ડેવર' તૈયાર થયું. ૧૭૬૮ના મે માસમાં, લેફ્ટેનન્ટનું કમિશન, કપ્તાનની પદવી, ગ્રીન,–બૅન્ક્સ,–સોલેન્ડર આદિ કેટલાક બીજા વિજ્ઞાનશાસ્ત્રીઓ, તથા એક તરતી વેધશાળા–એ સૌને લઇને કુકે પ્રયાણ કર્યું.

આ ઉપાડી લેવાય એવી વેધશાળાઓ—એટલે આકાશનું અવલોકન કરવાને યોગ્ય અવલોકન-શાળાઓ સ્મીટને બનાવી આપી હતી. રૉયલ સોસાએટીએ તેને મુખ્ય મુખ્ય યંત્રોથી સજાવી આપી હતી. *

* એ એક મોટામાં મોટી વિદ્વત્સંસ્થા-વિજ્ઞાન સભા છે. એના સભ્ય થવું એ મોટું વૈજ્ઞાનિક માન ગણાય છે. હિન્દમાં હજી લગી ચાર જ હિન્દીઓ તે મેળવી શકયા છે: તેમને એફ. આર. એસ. એ અક્ષરોથી ઓળખવામાં આવે છે.

* એ યંત્રોનાં અંગ્રેજી નામ જ આપી શકાશે: '**Two reflecting telescopes, one with a Sollond micrometer, an astronomical quadrant, an astronomical clock, an alarum clock, a brass Hadley's sextant, a barometer, two thermometers and a dipping needle.**'

પૅસિફિક મહાસાગરમાં ટાહિટી અથવા ઓટેહાઇટે બેટ છે, ત્યાંથી આ અવલોકન કરવાનું હતું. ૧૭૬૯ના એપ્રિલની ૧૩મીએ—એટલે લગભગ ૧૧ મહિને—આ કાફલો ત્યાં પહોંચ્યો. જુનની ૩જીએ શુક્રનું સંક્રમણ બરોબર જોઇ શકાયું.

પછીથી કુકનું પોતાનું ખરૂં કામ શરૂ થયું! ત્યાંથી પાછા ફરતાં એણે પશ્ચિમ તરફ વહાણ હંકાર્યું. ઘણા દ્વિપોની મુલાકાત ને નોંધ લીધી. તેમાં ન્યૂ ઝીલેન્ડની તો આખી પ્રદક્ષિણા કરી અને એ સુંદર દ્વિપની ઉપર કેપ્ટન કુકે બ્રિટિશ ધ્વજ રોપ્યોઃ પહેલી જ વખત.

પછી આગળ જતાં તે ઑસ્ટ્રેલિયાના પૂર્વ કિનારા તરફ ફર્યો અને તે દરમ્યાન એક નવી, ચમકાવનારી તથા બહુ મોટાં પરિણામ લાવનારી શોધ એણે કરી.

ઑસ્ટ્રેલિયાની શોધ તો તે પહેલાં થઇ ગઇ હતી. એની શોધનો ઇતિહાસ પણ અદ્દભુત છે. એમાં તો કેટલી સદીઓના પ્રયાસો તથા હાસ્ય–કરુણના અનેક પ્રસંગો મળી આવે છે. પણ એ આડકથામાં કાંઇ અત્યારે ઉતરાય ? પરંતુ એટલું કહેવું જરૂરનું છે કે ઑસ્ટ્રેલિયા આપણા મનને લાગે છે તેવો નાનકડો બેટ નથી. એની લંબાઇ તેમ જ પહોળાઇ દરેક, આપણા હિંદની લંબાઇ તથા પહોળાઇ કરતાં વિશેષ છે!

એટલે એ વાત સમજી શકાશે કે કુક પહોંચ્યો તેની પહેલાં — ઘણાંય વર્ષો પહેલાં, ઑસ્ટ્રેલિયા જાણીતો થયો હતો તોપણ, તે તો માત્ર તેનો પશ્ચિમનો કિનારો જ—એક કટકો જ. અને એ તરફનો પ્રદેશ જરાય આકર્ષક નહોતો, બલ્કે નવા આવનારને પાછો નસાડી મુકે એવો કરડો દેખાતો. એક બે સદીથી એની આવી ખ્યાતિ હતી, તેથી આ લાંબા અરસામાં પણ ત્યાં વસવાનો કોઇ ગોરી પ્રજાએ—એના કહેવાતા શોધક ડચ લોકોએ પણ—કદિ વિચાર સરખો કર્યો નહોતો.

પણ કુક પૂર્વ કિનારે જઇ ચડ્યો અને એ તરફનો બધો પ્રદેશ એવો ફળદ્રુપ, લીલોતરીવાળો તથા રમણીય લાગ્યો કે તેને પોતાના ઘરનું જ સ્મરણ થયું, અને એ ભાગનું નામ એણે ન્યૂ સાઉથ વેલ્સ પાડયું. સ્વાભાવિકરીતે ત્યાં પણ એણે બ્રિટિશ ધ્વજનું આરોહણ કર્યું, અને આમ બ્રિટનના એક મોટા સંસ્થાનનો તે પિતા થયો.

આ શોધની વાતો જ્યારે કુક તથા એનાં માણસોએ ઘેર જઇને કરી ત્યારે ત્યાં એની ઘણી અસર થઇ. તે પછી થોડાં વર્ષોમાં અમેરિકા—આજ જેને યૂનાઇટેડ સ્ટેટ્સ કહીએ છીએ તે—સ્વતંત્ર થઈ ગયું, અને અંગ્રેજોને નવાં સંસ્થાનો વસાવવાનું જુનું દ્વાર બંધ થતાં, ઑસ્ટ્રેલિયા તરફ આકર્ષાએલા ચિત્તનું વલન હવે ત્યાં સંસ્થાન જમાવવાનું થયું. લગભગ વીસ વર્ષ પછી પહેલો ગોરો કાફલો ત્યાં વસવાટ માટે આવી પહોંચ્યોઃ આ બનાવ ૧૭૮૮ના જાન્યુઆરીની ૨૨મી તારીખે બન્યો. તે પછીનાં લગભગ ૧૫૯ વર્ષોનો ઑસ્ટ્રેલિયાનો ઇતિહાસ તથા વિસ્મયજનક વિકાસ પણ એક સરસ કથા થઇ શકે. પણ અત્યારે તો આપણે કુકના વહાણની સાથે જવાનું છે.

ઑસ્ટ્રેલિયાના પૂર્વ કિનારાની શોભા જોતે જોતે કુક બૅટેવિયા પહોંચ્યો. ત્યાં એનાં ઘણાં માણસો માંદાં પડ્યાં. બૅટેવિયા એ જાવાનું મુખ્ય શહેર. ત્યાંથી સીધો પશ્ચિમ તરફ—આખો હિંદી મહાસાગર ભેદીને તે આફ્રિકાની કેપ ઑવ ગુડ હોપ આગળ પહોંચ્યો, ને ત્યાંથી ૧૭૭૧ના જુનની ૧૨મીએ—ત્રણ વર્ષે ડોવરની પાસેના ડાઉન્સમાં લંગર નાખ્યું અને અંગ્રેજી કિનારા ઉપર પગ મુકયો. આ એની સૌથી વધારે સફળ તથા કીર્તિદાયી સફર હતી.

પણ આ લાંબી, ને તે દિવસોમાં અત્યન્ત શ્રમભરી સફરથી કુકને ન તો થાક લાગ્યો, કે ન એનો ઉત્સાહ સંતોષ પામ્યો. સાહસ–સફર–સમુદ્રયાનથી સંશોધન—એ તો એના લોહીમાં જ હતાં. ઘેર એક વર્ષ માંડ પુરૂં કરીને તે ફરીથી બીજી એક મોટી સફરે ચડ્યો. આ વખતનું કામ ખરેખર બહુ જ મહત્ત્વનું તથા સાહસને લલચાવનારૂં હતું.


તે કાળમાં એક એવી માન્યતા ચાલી રહી હતી કે એશિયા–યૂરોપ–આફ્રિકા આદિ સર્વ ખંડોની છેક દક્ષિણમાં એક મોટો ખંડ વસે છે. એ ખંડ કોઇએ દીઠો નહોતો. વળી એ ખંડને ખોળવા જનારા અનેક બહાદુર શોધકો કાં તો એમ ને એમ પાછા ફર્યા હતા, કે કાં તો કોઇ નવા નવા દ્વિપો જ જોઇ આવ્યા હતા, કે—વધારે કમનસીબ હોવાથી—બીલકુલ પાછા ફર્યા નહોતા. છતાં આ માન્યતા એટલી બધી ઉંડી ઉતરી હતી તથા એટલા વિસ્તારથી ફેલાઈ હતી કે



અજન્તાનું (વિહાર નં. ૧ની ભીંત પરનું) **ચિત્રાંકન**

નાગરાજ અને કાશીરાજનો સમાગમ

અજન્તાના મઠનો ઇતિહાસ ઈ. સ. ૬ઠ્ઠા સૈકા ઉપરનો છે એટલે ઓછામાં ઓછાં ૧૨૦૦ વર્ષ પૂર્વે હિંદની ચિત્રકળા કેટલી વિકાસ પામેલી હતી તેના અદ્ભુત નમુના ત્યાં જોવા મળે છે. ઉપરનું ચિત્ર વિહાર નં. ૧ની ભીંત પરથી લેવામાં આવ્યું છે. ¶ કોઇ જાતકની એ કથા છે. બોધિસત્વ એક કાળે નાગરાજ જન્મેલા ને કોઇ સંજોગે કાશીના બજારમાં તે બંદીવાન બની વેચાતા હતા. ત્યાંથી કાશીરાજની સવારી નીકળી. એમને સહજ અનુકંપા થતાં એમણે નાગરાજને મુક્તિ અપાવી. આદર સાથે પોતાને ભુવન લઇ આવ્યા, અને નાગરાજના સર્વ પરિવારને પણ એ કુટુંબમેળામાં નોતરી બોલાવ્યો. ઉદાત્ત હૃદયે નાગરાજ કાશીરાજને જીવનનું રહસ્ય સમજાવી રહ્યા છે અને સર્વ પરિજનો ભાવપૂર્ણ હૃદયે તે સાંભળી રહ્યા છે એ ઉપરના ચિત્રમાં આલેખવામાં આવ્યું છે. ¶ સમગ્ર નજરે જોતાં આખા ચિત્રનું સંવિધાન સમર્થ યોજના અને ચતુરાઇથી ભરેલું લાગે છે. તેની રેખાએ રેખામાં ચિત્રકારે આકૃતિ અને ભાવનું સચોટ દર્શન ઉતાર્યું છે. બંને રાજવીઓ, પ્રણયભર્યાં નેત્રો વાળી કન્યાઓ, મહેલની પરિચારિકાઓ, રાજ્ય-પુરોહિત, સેનાપતિ,—એકેએકના ચહેરા, હાથની મુદ્રાઓ અને અભિનય આખા યે પ્રસંગનો હેતુ સાર્થ કરતાં લાગે છે. સેનાપતિનો પરદેશી પોશાક, બખ્તર, તલવારની મુઠ અને કરડો ચહેરો તેનાં અધિકાર તથા જાતિ કંઇક જુદાં જ છે એમ બતાવે છે.-ચિત્રમાં ભારતવર્ષની સમૃદ્ધિ અને સુરસતાનું વાતાવરણ સ્પષ્ટ તરી આવે છે. મુળ ચિત્રમાં અવનવાં મિશ્રણો વડે રંગની જમાવટ કરીને મણિમાણિક તથા સુવર્ણ અલંકારોના સ્વાભાવિક પ્રકાશ અને તેજસ્વિતા, સોનેરી રંગ વાપર્યા વિના જ એવી અજબ કળાથી દર્શાવ્યાં છે કે આજના કુશળ ચિત્રકારો પણ તે જોઇ વિસ્મયમુગ્ધ થઇ જાય છે.



જેસળ તોળલની સમાધ
(ફોટો : છગનલાલ બનિયા)

જેસળ અને તોળલ કાઠિયાવાડમાં માર્ગી પંથનાં મોટાં ભક્તજન થઇ ગયાં. તોળલદે સલડી ગામના કાઠી ભક્ત સાસટિયાજીની સતી સ્ત્રી હતી: જેસળ કચ્છમાં આવેલા અંજાર ગામનો ફટાયો કુંવર હતો. જુવાનીના મદમાં ફાટેલો જેસળ, ભાઇ સામે તોફાન કરી બહારવટે નીકળ્યો હતો અને રાજ્યમાં અનેક જાતના જુલમો, રંજાડ તથા ઘોર પાપ કરતો. તોળલ પાસે એક અતિ સુંદર ઘોડી હતી. તેની કીર્તિ સાંભળી જેસળ તે ચોરવા ગયો. ફળિયામાં ભજન થતાં હતાં તે લાગ જોઈ જેસળે ઘોડીનો ખીલો ઉખેડયો; ત્યાં ઘોડીએ હણહણાટથી ખબર કરવાથી તોળલે આવી ફરી ખીલો મજબુત ઠોકયો. પુષ્કળ જોર કરવા છતાં પણ જેસળ એ ખીલો ખેંચી શકયો નહિ. આવા અતુલ બળ અને સૌંદર્ય વાળી સ્ત્રીને જોઇ જેસળને એના પર મોહ થયો. એટલામાં ભજનો પુરાં થયાં અને સતને લીધે એક જણનો પ્રસાદ વધ્યો; તે પરથી તપાસ કરતાં જેસળ મળી આવ્યો. ભક્ત સાસટિયાજીએ અતિથિનો ઉદાર દિલથી સત્કાર કર્યો અને પોતાને જોઇતી ચીજ માગી લેવા કહ્યું. જેસળે તો તોળલની જ માગણી કરી. સાસટિયાજીની આજ્ઞાથી સતી તોળલ જેસળની જોડે ચાલી નીકળી. કાઠિયાવાડથી કચ્છ જવા માટે દરિયાઇ ખાડી ઓળંગતાં રસ્તે તોફાન નડયું અને વહાણ ડુબવાની અણી પર આવતાં, મોત પાસે આવેલું જોઇ પાપી બહારવટીઓ ખુબ ડરવા લાગ્યો અને પોતાનાં ભયંકર કર્મો તથા પાપ સંભારી તોળલ આગળ તેનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. તોળલે તેને આશ્વાસન આપ્યું. એવામાં દરિયો શાંત થયો. જેસળને મન તો તોળલ જ જીવનદાન દેનારી દેવી જણાઇ. એનો મોહ ઉતરી ગયો અને 'માતા' કહીને પગે પડયો. સતીને ગુરુ બનાવી સાસટિયાજીને પાછાં સોંપ્યાં અને જીવ્યો ત્યાં સુધી સાધુ પુરુષ બની રહ્યો.

ખલાસીઓથી માંડીને તે ભૂગોળ–ખગોળના વિદ્વાનો-ના મનમાં પણ એ જ વાતનું ભૂત ભરાયું હતું: અને તેથી સ્વાભાવિકરીતે એ ગુપ્ત ને ભેદવાળા પણ મહાન દક્ષિણ-ખંડને ખોળ્યા વિના ચેન પડે એમ ન હોતું.

આવી ભૂમિવાળો ખંડ હોય તો તે છેક દક્ષિણ ધ્રુવ લગી વિસ્તારાએલો હોવો જોઇએ. આ ખંડ ખોળી કાઢવાને, અથવા તો આ વાતની તપાસ કરવાને ઇંગ્લન્ડમાંથી એક મોટો કાફલો તૈયાર કરવામાં આવ્યો: અને એની સરદારી માટે, દક્ષિણ સમુદ્રોને ખુંદી વળનાર, અનુભવી તથા સાહસિક, તેમજ વિજ્ઞાન-સંપન્ન કૅપ્ટન કુક જેવો બીજો સંશોધક કોણ મળે?

આ સાહસને માટે બે વહાણો ખરીદવામાં આવ્યાં હતાં. એક ૪૬૨ ટનનું હતું. એનું નામ 'રેઝોલ્યુશન' (નિશ્ચય) એવું હતું; બીજું કાંઇક નાનું, ૩૩૬ ટનનું, 'ઍડવેન્ચર' (સાહસ) નામનું હતું. સરકારી નૌકા-ખાતાએ–'ઍડમિરૅલ્ટી'એ–એ વહાણોને પુષ્કળ સામગ્રીથી લાદ્યાં, અને આમ કપ્તાન કુક, ૧૭૭૨ના જુલાઇની ૧૩માએ ફરીથી એક લાંબી તથા વધારે કપરી સફર ઉપર નીકળી પડ્યો.

આ સફરનું તથા શોધનું ફળ નિષેધાત્મક--નકાર-રૂપે આવ્યું. લાક્ષણિક ચોકસાઇથી તથા સંગીનતાથી કુકે પોતાનું કામ કર્યું. પણ કોઇ દક્ષિણ ખંડ એને જડ્યો નહિ; અને તેથી એ ખંડ તો 'પૌરાણિક' અથવા કાલ્પનિક જ હોવો જોઇએ એમ એણે પૃથ્વીની પ્રદક્ષિણા કરીને, એ મનાતા ખંડની આરપાર વહાણ હાંકીને, બતાવ્યું. એણે પોતાનાં વહાણ સીધાંદોર બરોબર દક્ષિણમાં ચલાવ્યે રાખ્યાં, ને પ્રદક્ષિણા પુરી કરીને એણે સાબિત કર્યું કે એવો કોઇ મહાન ખંડ છે જ નહિ.

આ પ્રમાણે આ દક્ષિણ મહાખંડની માન્યતાને એણે તોડી નાખી અને લગભગ એક સો વર્ષ લગી તે એવી જ સુષુપ્ત રહી. પછી ૧૮૮૬માં સર જહૉન મરેએ કેટલાંક જુજ પ્રમાણો ઉપરથી આ મોટા ખંડની માન્યતાને પુનર્જીવન આપ્યું, એટલું જ નહિ પણ એના આકારની રેખાકૃતિ પણ કાઢી. આ રેખાકૃતિને પાછળની શોધખોળો બહુ બદલાવી શકી નથી. જેને સ્કૉટ, એમંડસેન, તથા શૅકલટનના વીર પ્રયાસો તથા અમર પરાક્રમોએ 'ઍન્ટારકિટકા'ના ખંડના નામથી આજે જગદ્વિખ્યાત કરેલો છે, તે ખંડ એ વખતે તો અશોધિત–ગુપ્ત જ રહ્યો.*

પણ કુક કાંઇ છેક ખાલી હાથે પાછો આવે એવો નહોતો. ઉપર કહેલા ત્રણ અર્વાચીન વીરશોધકોના વૃત્તાન્તથી આપણે કાંઇક સમજી શકીએ છીએ કે કુક તથા એનો સમય આવા શીત પ્રદેશોની શોધ કરવાને માટે તદ્દન અયોગ્ય હતા. એક સદીથી પણ વધારે કાળ લગી વિજ્ઞાનનાં ફળો માનવ જાતિના હાથમાં આવ્યાં ત્યાર પછી જ એ આવા કઠિન કામને માટે તૈયાર થઈ શકી. પણ કુકે પાછા ફરતાંફરતાં કેટલુંક

---

* આ ઍન્ટારકિટકાનો આખો પ્રદેશ હિમમય છે. પ્રાચીન ગ્રીક લોકોએ એનાં સ્વપ્ન જોએલાં: સદીઓ લગી એને વિષે દઢ માન્યતા રહેલી: કુકના જમાનામાં તો કેટલાક વહાણવટીઓ તદ્દન ખાતરીથી એને માનતા. આજની સમજણ પ્રમાણે એ કાંઇ કોઇ નાનોસુનો જમીનનો કટકો નથી. લગભગ સનાતન હિમાલય જેવા એ વિસ્તારમાં, આખો યૂરોપ ને આખો ઑસ્ટ્રેલિયા બંને એમાં કરીએ એવડો ગંજાવર છે. દક્ષિણ ધ્રુવ, જ્યાં હવે માનવીનાં પરાક્રમી પગલાં જઈ ચુક્યાં છે તે એના ઉપર છે. પણ તેની જમીન ઉપર એકથી બે હજાર ફીટ જેટલો ઉંચો બરફનો થર જામેલો હશે!

આ ઍન્ટારકિટકાનો કિનારો જ લગભગ ચોવીસ હજાર માઇલનો છે. તેમાંથી માંડ છઠ્ઠો ભાગ બરફથી ઢંકાયો નહિ હોય. સ્થળેસ્થળે સેંકડો ફીટ ઉંચી બરફની ઉંચી સીધી કરાડો–દીવાલો જ સમુદ્રના તટ રૂપે બની રહી છે, એટલે તે સ્થળેથી તો એ ભૂમિ ઉપર પગ મુકાય જ નહિ.

સનાતન હિમનિવાસની આ ભૂમિમાં કેટલા ય પર્વતો પોતાનાં ઉન્નત ધવલ શિખરો ઉંચાં કરી રહ્યા છે. તેમાં એરીબસ ને ટેરર જેવા તો જ્વાળામુખી પણ છે, જેઓની ઝળતી પ્રચંડ ભઠ્ઠીઓ ચારે તરફ શ્વેત બરફથી આચ્છાદિત થએલી છે: કેમ જાણે સાગરનો ત્યાગ કરીને હિમાલયના પેટમાં વડવાનલે સ્થાન લીધું હોય ને!

એક કાળે—હજારોનાં હજારો વર્ષ પૂર્વે–આ પ્રદેશ પણ રમ્ય ઉપવનો તથા ફળદ્રુપ ખેતરોથી શોભિત થએલો હશે; કારણકે, (જોકે એના પોણા ભાગથી યે વધારે મોટો ભાગ એવો છે કે હજી પણ તેની ઉપર કોઇ માનવીનો પગ પડ્યો નથી ને આપણે એનો પા ભાગ પણ પુરો જોયો નથી, એટલે હજી લગી તે ઘણો અજ્ઞાત રહ્યો છે; છતાં, એ જમીનની અંદર કોલસો દેખાયો છે, તેથી પૂર્વ કાળનાં વૃક્ષ, વનસ્પતિ તથા ઉષ્ણતા સાબિત થાય છે.

આ ઍન્ટારકિટકાનું પ્રચંડ કુંડાળું આનપ્યે ઓળંગી જનાર પહેલો માનવી કુક હતો: ૧૭૭૩ના જાન્યુઆરીની ૧૭મી તારીખે આ તવારીખ ઘડાઇ.

બીજું મહત્ત્વનું કાર્ય કર્યું.

ન્યૂ ઝીલૅન્ડની એણે ફરીથી મુલાકાત લઈ એની ફરી પ્રદક્ષિણા કરી, ને દક્ષિણ તથા પૂર્વના ભાગો ખાસ તપાસ્યા. આગળ વધીને ન્યૂ કૅલિડોનિયા તથા નૉરફૉક દ્વિપો શોધી કાઢ્યા.

આ પ્રમાણે ઑસ્ટ્રેલિયા તથા ન્યૂ ઝીલૅન્ડનું ખરું સ્વરૂપ નકશાની ઉપર બતાવીને તથા બીજા દ્વિપો વગેરેની શોધ કરીને એણે ભૌગોલિક જ્ઞાનની ઘણી સમૃદ્ધિ કરી. ખરે, પૅસિફિક મહાસાગર તથા ઑસ્ટ્રેલેશિયા ખંડ વિષે એણે જેટલું જ્ઞાન આપ્યું છે તેટલું તે કાળ લગીમાં અન્ય કોઈએ પણ આપ્યું નહોતું.

આવું સૌથી પહેલા દરજ્જાનું સંશોધન કાર્ય પણ વિનયથી એણે કર્યું હતું. જો કોઇ વાતનું એને વધુમાં વધુ અભિમાન હોય તો તે એ કે આ ત્રણ વર્ષની આખી સફર દરમ્યાન, અજાણ્યાં હવાપાણીનાં અગણિત જોખમો ખેડતાં છતાં પણ, તેના આખા કાફલામાંથી માત્ર એક જ માણસ બીમારીથી મરણ પામ્યો હતો!

આ વાત આજે વીસમી સદીમાં પણ બહુ માનભરી કહેવાય; ત્યારે અઢારમી સદીની અવસ્થા તથા આરોગ્ય–જ્ઞાન જોતાં એ કોઇ અસાધારણ પરાક્રમ જેવી હતી. તે કાળમાં બકરાં કે ઘેટાંની પેઠે વહાણ ઉપરનાં માણસો ટોળાંબંધ મરી જતાં. એમને ખોરાક બગડેલો કોહી ગએલો મળતો; એમનું પીણું બધું ગંદું ને દૂષિત હતું; એમનું રહેવાનું હવા વગરનું તથા ચેપો ફેલાવે એવું, મલિન અને દુર્ગન્ધવાળું હતું.

પણ કુકે આ બધામાં ફેરફાર કરી નાખ્યો. કુતરાંનાં પાંજરાં જેવી ગંદવાડવાળી જગ્યામાં રહેવાનું હતું તેને બદલે ચોખ્ખી સગવડવાળી ઓરડીઓ તેણે તેમને માટે કાઢી આપી. વાસી સડેલા તથા કોહતા માંસને બદલે સારો ખોરાક આપવા માંડ્યો, અને ભયંકર સંહાર કરનાર 'સ્કર્વી'નો રોગ અટકાવવાને પુષ્કળ તાજી વનસ્પતિ તથા લીંબુનો રસ આપવા માંડ્યાં.

આજે આપણને વિજ્ઞાનથી આ બધી વાતો તરત સમજાય છે. આજે આપણે જાણીએ છીએ કે મરણ લાવનાર રોગો પણ સ્વચ્છ ખાનપાનથી તથા સ્વચ્છ નિયમસર રહેણી-કરણીથી નિવારી શકાય છે, અને 'સ્કર્વી' જેવો દુષ્ટ રોગ ફળ આદિ, તાજી વનસ્પતિ 'વિટામિન સી'વાળા પદાર્થો ખોરાકમાં ન લેવાયાથી જ થાય છે. પણ તે દિવસોમાં કેવળ પોતાની સમજણથી અખતરાઓ કરીને તેણે આ ઉપાયો શોધી કાઢ્યા ને તે દ્વારા હમેશને માટે અસંખ્ય માનવીઓના જીવ બચાવ્યા. એનું એ મોટામાં મોટું પરાક્રમ ગણાવું જોઇએ. 'રેઝોલ્યુશન' જહાજ પર સો માણસો હતાં તેમાંથી માત્ર એક જ આ રોગથી મર્યોઃ ત્રણ વર્ષના લાંબા અરસામાં તથા કડક કસોટી કરે એવી આબોહવામાં.

૧૭૭૫ના જુલાઇની ૩૦મી તારીખે આ સફર પુરી કરી કુકે પાછો ઇંગ્લન્ડમાં પગ મુકયો. પછીથી ૧૭૭૬ના ફેબ્રુઆરીની ૨૯મીએ એને કૅપ્ટનની પદવી મળી, અને તે પછી એથી યે વધારે ઉચ્ચ તથા વૈજ્ઞાનિક માન રૉયલ સોસાઇટીએ પોતાના ફેલો તરીકે એને ચૂંટીને આપ્યું. આમ એકી વખતે આ મુફલિસ મજુરનો પુત્ર કૅપ્ટન તથા એફ. આર. એસ. થયો.

એ જ વર્ષમાં આ રૉયલ સોસાઇટીની એક સભા આગળ એણે એક લેખ વાંચીને, વહાણ ઉપર પોતાનાં માણસોનું આરોગ્ય આવી સરસ રીતે સાચવવાને પોતે શા શા ઉપાયો લીધા હતા તેની સવિસ્તર હકીકત જાહેર કરી. તે માટે રૉયલ સોસાઇટીએ એનું વિશેષ સંમાન કરવાને, પોતાનો 'કોપલી મેડલ' નામનો ચન્દ્રક એને અર્પણ કર્યો.

આ ઉચ્ચ વૈજ્ઞાનિક પ્રતિષ્ઠાનને પ્રસંગે સર જ્હૉન પ્રિંગલે ઉભરાતે હૃદયે અસરકારક વચનો કહ્યાંઃ 'પ્રાચીન રોમે એક એવું શાસન કર્યું હતું કે જે કોઇ વ્યક્તિ કોઇ પણ એક શહેરીનો જીવ બચાવે તેને ' શહેરી મુકુટ ' (Civic Crown) આપવો. આમ હોય તો જે એક જ માણસે ઘણા જણના પ્રાણ બચાવ્યા હોય એટલું જ નહિ, પણ તે પ્રાણરક્ષણના પોતાના સર્વ ઉપાયો હમેશને માટે કામ લાગે એવા વ્યાવહારિક તેમ જ સર્વસુલભ કરી દીધા હોય, અને તેને લીધે જ આધેમાં આધેની સફરોમાં પણ બ્રિટન પોતાના વીર દરિયાઇ પુત્રોનું રક્ષણ કરી શકે, અને પરિણામે એ વીરો–દરેક પ્રકારના ભયની સામે ઝઝુમીને પણ–પોતાની માતૃભૂમિની કીર્તિની, સમૃદ્ધિની તથા મહાસાગરો ઉપરના સામ્રાજ્ય-શાસનની સ્થાપના કરી શકેઃ જે એક માણસને લીધે આ સર્વ થયું હોય તેને આપણે કેટલા મુકુટો ને કેટલા હારો આપીએ!'

આ વચનોમાંથી સામ્રાજ્ય-ગર્વનાં વચનો, જે



ઇ. સ. ૧૭૬૮થી ૧૭૭૧ સુધીની પોતાની પહેલી સફરમાં કૅપ્ટન કુકે ન્યૂઝીલાંડ શોધ્યો. એ આખા ટાપુની પ્રદક્ષિણા કરનાર પણ એ પહેલો જ માનવી હતો. 'એન્ડેવર' (પ્રયત્ન) નામના પોતાના જહાજમાં એણે ગિરિમાળાઓથી વીંટળાએલા એ ટાપુના કિનારે કિનારે ફરીને તેની પ્રદક્ષિણા કરી એ પ્રસંગ દર્શાવતું આ ચિત્ર છે.

અંગ્રેજોને સ્વાભાવિક છે, તે કાઢી લઇએ તોપણ તેથી કુકની આ મહાસેવાનું ગૌરવ ઘટતું નથી. કારણ કે એની આ સેવા કેવળ ઇંગ્લન્ડની નહોતી, પણ આખી માનવજાતિની છે. અને 'મહાસાગરો ઉપરનું સામ્રાજ્ય-શાસન' કોઇ પ્રજાનું હંમેશ ટકી શકે કે ન ટકી શકે; પણ સમુદ્રયાનમાં તેમજ પોતાના સાધારણ જીવનમાં, જળ ઉપર કે સ્થળ ઉપર, એક ખરાબમાં ખરાબ રોગથી આત્મરક્ષણ કરવાનું જ્ઞાન કુકે માનવીને આપ્યું છે તે તો જ્યાં લગી માનવજાતિ છે ત્યાં લગી કાયમ રહેશે.

પણ હવે કુકની બાકીની કથા કહીએ: એ ટુંકીજ છે.

દક્ષિણમાંથી હજી કુક પાછો પણ ફર્યો નથો તેટલામાં રૉયલ સોસાઇટી; સરકારી નૌકાખાતાને, એક બીજા દરિયાઇ સાહસનું ભૂગોળ તથા વિજ્ઞાનની દૃષ્ટિથી મહત્ત્વ કેટલું છે તે સમજાવવા મથી રહી હતી. આ વખતે ઉત્તર ધ્રુવ ઉપર આ વિદ્વત્સભાની દૃષ્ટિ હતી. મુખ્ય મુદ્દો એ જ હતો કે 'ઉત્તર ધ્રુવની દિશામાં સાધારણ માન્યતા છે તે કરતાં બહુ વધારે દૂર વહાણો દરિયો ખેડી શકે એમ છે.' અને તે વાતની ખાતરી કરવી.

આ વિષયમાં કેટલાક પ્રયાસો થઇ પણ ચુક્યા હતા. તેથી ઘેર આવ્યા પછી એક વર્ષ પુરૂં થયા પહેલાં કુકે ફરીથી નવી સફરની તૈયારી કરવા માંડી. પાછી 'રેઝોલ્યુશન' નૌકા સજાઇ, કુક કપ્તાન થયો અને



હવાઇ ટાપુના કારાકાકોઆ અખાતના કિનારા પર ત્યાંના વતનીઓ સાથેની એક નાની ઝપાઝપીમા ૧૭૭૯ના ફેબ્રુઆરીના ૧૪માએ (આજથી દોઢસો વર્ષ પહેલાં) કૅપ્ટન કુકનું મૃત્યુ થયું.

એની સાથે કૅપ્ટન ક્લાર્કની સરદારી નીચે 'ડિસ્કવરી' (શોધ) નામની બીજી નૌકા પણ ગઈ.

દુર્ભાગ્યે કુકની આ છેલ્લી સફર હતી.

આ સફરમાંની મુખ્ય શોધ હાવાઈ અથવા સેન્ડીચ નામના ટાપુઓની હતી. તે પછી ૧૭૭૮ના માર્ચની ૭મી તારીખે તે અમેરિકાને કિનારે ઉતર્યો. પછી આગળ ઉત્તર તરફ જતે જતે ૭૦° ૪૧/ લગી પહોંચ્યો. પણ રસ્તામાં બરફ એટલો નડ્યો કે ઑગસ્ટ માસમાં જ એને વહાણ પાછાં ફેરવવાં પડ્યાં.

પાછા વળતાં ફરીથી તે હવાઈ બેટમાં ઉતર્યો. પણ ત્યાંના વતનીઓ સાથેની એક નાની ઝપાઝપીમાં તે માર્યો ગયો. એની ઉમર લગભગ ૫૦ વર્ષની જ હતી. તે ૧૭૭૯ના ફેબ્રુઆરીની ૧૪મી તારીખ હતી.

આજે એ જ ટાપુઓ એને સંભારે છે. ગયા ઑગસ્ટમાં તેઓએ પોતાની શોધનો ૧૫૦મો વાર્ષિક મહોત્સવ ઉજવ્યો. આ ઑક્ટોબરમાં યૉર્કશાયરમાં એના જન્મની દ્વિ-શતાબ્દિનો મહોત્સવ ઉજવાયો. તે પ્રસંગે અનેક સ્થળેથી ને અનેક મોટાં પત્રોમાં કૅપ્ટન જેમ્સ કુકની કદર તથા એનાં પરાક્રમકથા પ્રકટ થઇ. 'નેચર'નું એક વચન તો આરંભમાં જ મુકાયું છે.

તે ઉપરાંત ભૌગોલિક તથા સામુદ્રિક સંશોધનોનો સમજનાર એક જણ કહે છે કે,

'પૃથ્વીની પ્રદક્ષિણા કરનાર વહાણવટીઓમાં કૅપ્ટન જેમ્સ કુકનું સ્થાન પ્રથમ ગણાય છે: એક તો આટલા ટુંકા સમયમાં એણે જે શોધો કરી તેની મહત્તાની દૃષ્ટિએ; બીજું, એ કાર્યની વૈજ્ઞાનિક ચોકસાઇની દૃષ્ટિએ; અને ત્રીજું, એની સાથેનાં માણસોના અદ્‌ભુત કહીએ એવા આરોગ્યરક્ષણની દૃષ્ટિએ.'

આટલી કીર્તિ, આટલી સફળતા તથા આટલી લોકપ્રિયતાનું ખરૂં કારણ કુકનું વ્યક્તિત્વ તથા ચારિત્ર્ય હતું એ નિઃસંશય છે. એની છબી આજે પણ જોશો તો તમને સ્પષ્ટ લાગશે કે આ જેવો બહાદુર નર છે તેવો જ ઉદાર, માયાળુ ને હૃદયની સાચી ખાનદાનીવાળો માણસ છે. "તે જેવો હીમતવાન હતો તેવો જ માયાળુ હતો; જેવો નીડર શોધક હતો તેવો જ કાળેલ, સમર્થ તથા યોજનાશીલ હતો—ખરે એક

બાહુ મોટો અને મહાનુભાવ પુરુષ એ હતો. જ્ઞાન મેળવવા તે સૌથી વિશેષ આતુર હતો; તોપણ સાથે સાથે જ પોતાના હાથ નીચેનાં માણસો તથા અન્ય સ્થળોના દેશી વતનીઓ, જેની જેની સાથે એને સંબંધમાં આવવું પડ્યું, તે તે સર્વેની સાથેના વ્યવહારમાં તે કોઇ સાધુ જેવો જ ઉદાર તથા સ્વાર્પણશીલ હતો.

"એક મામુલી મજુરનો આ પુત્ર બ્રિટિશ સામ્રાજ્યને રચનારા મોટા માણસોમાં ય એક મોટો થઇ ગયો, અને માનવ જ્ઞાનનો એક પરમ પિતા થઇ ગયો. આપણા મોટામાં મોટા મહાસાગરની ઉંડાઇ એણે માપી. જે કાળમાં ઈંગ્લન્ડ તથા ફ્રાન્સ વચ્ચે સખ્તમાં સખ્ત યુદ્ધો ચાલતાં હતાં તથા કડવામાં કડવી લાગણી પ્રવર્તતી હતી, તે કાળમાં આ ઉદાર વૈજ્ઞાનિક સમુદ્રવીરે ફ્રાન્સની ઉપર પણ એવી અસર કરી હતી, તથા ઉદારચિત્ત વિજ્ઞાનપૂજક ફ્રાન્સનું એટલું સન્માન મેળવ્યું હતું, કે જોકે દરિયામાં જે કોઇ બ્રિટિશ વહાણ મળે તેની સાથે તત્ક્ષણ ફ્રેન્ચ લોકો યુદ્ધ કરતા હતા, તોપણ કપ્તાન કુકનાં નાનાં બ્રિટિશ વહાણોને ફ્રાન્સે પુરેપુરી છુટથી સર્વ સાગર–મહાસાગરની ઉપર ભ્રમણ કરવા દીધાં." આમાં આપણે ફ્રાન્સની ગુણજ્ઞતાને તથા ધર્મયુદ્ધની ઉદારતાને વધારે વખાણીશું કે તેને પાત્ર થનાર આ વીર અંગ્રેજના વૈજ્ઞાનિક ચરિત્રને, એ કહેવું મુશ્કેલ છે. ખરી વાત એ છે કે પ્રત્યેક અન્યોન્યને ઉચિત તથા શોભાપ્રદ છે.

વળી એક અન્ય ગુણાનુરાગી લખે છે કે,

"નાયક તરીકેની એની સમર્થતા તથા એના વૈજ્ઞાનિક ખલાસીના ગુણો એ જ એની આ અપૂર્વ સિદ્ધિનું પુરૂં કારણ ન કહી શકાય. એની કાર્યકુશળતા ઉપરાંત એનું ચારિત્ર્ય વધારે કારણ રૂપ હતું. એક જ દાખલાથી આ વાત સ્પષ્ટ થશે. કંટાળા ભરેલા મહિનાના મહિનાઓ લગી એના હાથ તળેનાં માણસો એકના એક વહાણમાં પુરાઇ રહેતા ને અજાણી તથા વારંવાર ઉગ્ર આબોહવાની ક્રૂરતા વેઠતા તેવા આરસામાં પણ, એના વહાણનાં દફતરો જોતાં તોફાન ગરબડ આદિ માટેની સજાઓની સંખ્યા, તે કાળના બીજા કોઇ પણ વહાણ ઉપર થએલી સજાઓની સંખ્યા કરતાં, બહુ જ થોડી હતી."

આ પ્રમાણે આ મજુર–પુત્ર એક મોટામાં મોટો

(અનુસંધાન જોડેના કૉલમથી)

ખલાસી, મોટામાં મોટો શોધક, એક વિજ્ઞાનશાસ્ત્રી, અનેક માનવોની જીવ-રક્ષા કરનારો પરમ ઉપકારક હતો, એટલું જ નહિ પણ એની આ સર્વ કૃતિઓના કરતાં ય એનું ચારિત્ર્ય વધારે મોટું, વધારે સ્તુતિપાત્ર હતું.

જોકે એનાં સંતાન સૌ એક જ પેઢીમાં મૃત્યુ પામ્યાં અને લોક દૃષ્ટિએ એનો વંશ રહ્યો નથી, છતાં એની કૃતિની સુવાસ આ બસેં વર્ષ પછી પણ તાજી મેં મીઠી છે; એ જ એનો ખરો વંશવિસ્તાર છે.

કાન્તિલાલ છ. પંડ્યા

બાપુ ગોદર

અમદાવાદની પાસે ઉગમણી દિશાએ વસેલા પાટીદારોના એક નાનકડા ગામમાં આ નામચીન ઉઠાઉગીર હમણાં થોડાં વરસ પર થઇ ગયો. આમ તો એ સાધારણ ચોરી જ કરતો; પણ ભારે હીમતવાળો અને ઉસ્તાદ હતો. ધગધગતી જવાળા જેવા પાટીદારોનો કડપ પણ એને વશ ન કરી શક્યો. થાકીને આખરે ગામે અમુક માપ અનાજ એને ભરવાનું ઠરાવ્યું. એ પછી તે ગામનો બહુ બગાડ ન કરતો. ગોળનાં પાંચ માટલાં એકી વખતે ઉપાડી જવાની શક્તિ એ ધરાવતો. બરડા ઉપર ફોજદારનો સોટા પડે ત્યારે કહેતો કે 'બાપ, પહેરણ કાઢી નાખવા દો; એ ફાટી જશે.' અને પછી ગમે તેટલો માર પડે પરંતુ બાપુનું રૂંવાડું યે ન ફરકે!


ભાદરવામાં ઓત્રાચિત્રાનો તાપ પડતો હતો. ગામથી ગાઉ દૂર ભાદરવા આંબા પર કેરીનાં ઝુમખાં હેલે ચડ્યાં હતાં. વખત બે વખત સાખ પણ ગરતી હતી. કવખતે ફળની કેરડી જેવો એ આંબો સાચવવા કાળુમિયાં ચકચકિત ભાલો સજ્જ રાખી ગેરકાયદેસર કેરી ખાવા આવનારની રાહ જોઇ બેસી રહેતા. સારા પૈસા મળવાની લાલચે ભાત પણ એ આંબે જ ખાતા.

બાપુ ગોદરને સહેજ તાવ આવી ગએલો હોવાથી મો વલખાં મારતું હતું. કાંઇક ખાવા એનું મન લલચાયું. ત્યાં તો ભાદરવો આંબો યાદ આવ્યો. એની

(અનુસંધાન આગળ પાન ૬૪મે)

માલવણ

લેખક અને ફોટો લેનાર
સુરેશ દીક્ષિત બી. એ., એમ. એસસી.



સાગરનાં મોજાંમાં સ્નાન કરતા આપણા દેશના દક્ષિણ કિનારે નૈસર્ગિક રમણીયતાની ખોટ નથી. મુંબાઇથી છેક સેતુબંધ રામેશ્વર સુધી કલ્પવૃક્ષ જેવાં નાળીએરીનાં વનનાં વનથી એ કિનારો લીલાછમ વૃક્ષના ગાલીચા જેવો ભાસે છે. તેમાં યે મહાસાગરમાં પગ લંબાવતો સહ્યાદ્રી એ કિનારાની એકધારી રમણીયતાને અનેક રંગેરૂપે મઢે છે.

આપણા આખા યે દેશમાં ઇતિહાસનાં સમૃદ્ધ અવશેષો અસ્તવ્યસ્ત પડેલા છે. તેમાં યે ગઈ ત્રણ સદી પહેલાં હિંદુ સ્વતંત્રતાનો છેલ્લો અગ્નિ દક્ષિણમાં શમેલો, એટલે એની યાત્રાએ સૌકોઇને જવાનું મન થાય. ઉત્તરમાંથી વનવાટ લેતાં જે માર્ગે રામસીતાનાં પગલાં પડ્યાં હશે તે માર્ગ ધર્મભાવથી પણ વિપુલ સૌંદર્યમય હશે. રત્નાગિરિ અને સતારામાં તો મરાઠાઓની સ્વદેશસેવા અને સ્વાતંત્ર્યપ્રેમની ભરતીનાં પુર ફરી વળ્યાં હતાં. સ્વતંત્રતાની ઝંખનામાં તલવારની ધાર કે તોપના ગોળા તેમની ગણતરીમાં તુચ્છ હતા.

મુંબાઇથી ગોવા (પોર્ચ્યુગીઝ પ્રદેશ) જતી નાની સ્ટીમરમાં બેસતાં જળયાત્રાનાં જોખમ ઘણાનાં હૃદયમાં ડંખતાં હશે. જળનો ભય હજી આપણને ભાંગ્યો નથી. ઘણા યે વહેમીઓ હજી જળ ઓળંગતાં પહેલાં અક્ષતકંકુથી મહાસાગરને વધાવે છે. સ્ટીમર ઉપર ગંદકી અપાર હતી. તેમાં યે નીચેનો વર્ગ તો માલને બદલે માણસ લઈ જવાની ગોદી જેવો દેખાતો. કિનારાથી સ્ટીમર આઘે ને આઘે જતાં ઘડીક સૃષ્ટિનાં સુખદુઃખનું વિસ્મરણ થશે એવી આશામાં એકાદ કલાક ગાળ્યો. પણ નાની સ્ટીમર સમુદ્રના જોરે એટલી બીતી હતી કે કિનારાની દૃષ્ટિથી જરા યે આઘી ન ખસતી. આથી, જગતથી અલગ છતાં યે જગતના ત્રિવિધ તાપની છાયામાં હોવાનો ભણકાર ન જતો.

વખત જતાં હું મારા આઘેપાસેના આડોશી પાડોશીઓમાં કંઇક કુતૂહલથી રસ લેવા લાગ્યો. અમારા કહેવાના શિષ્ટ વર્ગમાં ઘણાખરા મુંબાઇમાં કોઇ યુરોપિયનના બટલર હતા, કોઈ 'મિલિટરી અને સ્ટ્રિંગ બૅન્ડના' ડાયરેકટર હતા તો કેટલાક 'સિવિલ અને મિલિટરી ટેલરિંગની' દુકાન ચલાવતા ડીસોઝા કે ડીકુઝ હતા. મુંબાઇમાં ઘણો યે વખત ઠાકોરદ્વાર આગળ ટોળાંબંધ જતા દેશી ખ્રિસ્તીઓને જોઇને એમના સંબંધે જાણવા કુતૂહલ થતું. એમની રીતભાત અને રહેણીકરણી સંબંધે આ નાનકડી આગબોટમાં કંઇક સારી માહિતી મેળવી શક્યો.

પોર્ચ્યુગીઝ ગોવાનો—એટલે કે કોંકણનો પ્રદેશ રોમન કૅથોલિક વટલાએલા ધર્મના ખ્રિસ્તીઓની વખાર જેવો છે. આલ્બુકર્કે ગોવામાં પોર્ચ્યુગીઝ સત્તા જોડે જ ઇશુની સત્તા સ્થાપવા પ્રયત્ન કરેલો. હિંદમાં પોર્ચ્યુગીઝ ઇતિહાસના કલંક રૂપે ને હિંદુઓની ધાર્મિક ટુંકી દૃષ્ટિના શરમભરેલા ઇતિહાસ રૂપે ગોવા અને વસાઇ જેવા પ્રદેશો છે. સત્તરમી સદીમાં યુરોપિય પ્રજા તલવાર અને બાયબલ એક જ મ્યાનમાં રાખતી હોવાનો ખ્યાલ ખોટો તો નથી જ. સમૂહનાં ધર્મ અને રહેણીકરણી ફેરવવાથી ત્રિશંકુ જેવી સ્થિતિ થવાનો ખ્યાલ મને થયો. ગોવાનાં ગામડાંઓના પુરુષો અને સ્ત્રીઓનાં, મુંબાઇમાં આવી કાળા સાહેબ અને કાળી મડમ બનવાના હાસ્યસ્પદ લટકા એમની જાતવાળા જ નાપસંદ કરે છે. એક સરળ-હૃદયી ગૃહસ્થે કબુલ પણ કર્યું કે 'સુધરેલી વહુ ભણવતાં અને નિભાવતાં ખર્ચાળ અને મોંઘી પડે છે. કોંકણમાં તેમના અરધા રીતરિવાજ હિંદુ જેવા હોય છે. પોતાનો ખરો રંગ બદલી પારકો રંગ ઝીલવા જતાં એમની જાતિસ્થિતિનો

વિચાર મને કંઇક મુંઝવવા લાગ્યો. 'स्वधर्मे निधनं श्रेय: पर धर्मो भयावह' તદ્દન ખોટું તો નથી જ.

નકશામાં સીધી લીટી જેવો લાગતો હિંદનો પશ્ચિમ કિનારો ખરેખર તો એમ નથી. તેમાં યે પશ્ચિમ ઘાટમાં તો એટલી બધી નાની મોટી ખાડીઓ આવી રહેલી છે કે એ કિનારા ઉપર જોઇએ તેટલાં સારાં બંદરો બાંધી શકાય. કેટલીક વખત આઘેઆઘે સુધી જતાં ભરતીનાં પાણી અને ઘણી વખત છેક સમુદ્રના ઉંડાણમાં પગ બોળતો ઘાટ આથમતા સૂર્યનાં કિરણમાં અદ્ભુત દેખાય છે. રત્નાગિરિ અને દેવગઢ જેવાં અર્ધચંદ્રાકાર કિનારા ઉપર આવેલાં બંદરો અને તેમનું રક્ષણ કરવા મરાઠાઓએ બાંધેલા અર્ધ ઝુકતાં ઝાડોથી ઢંકાએલા કિલ્લા ચક્ષુચુંબક છે. આગબોટ બંદર પાસે આવતાં, તેને મળવા માટે, જળને ઝોળે અને પવનને વેગે ધસી આવતી હોડીઓના સઢ આઘેથી ક્ષિતિજ ઉપર ઉડતા સફેદ બગલા જેવા લાગે છે.

શિવાજીના જીવનમાં જંજીરા કંટક સમાન ખુંચેલું. ત્યાંના હબસી નવાબે પેશ્વાઇને માત્ર એક જ વખત નમતું આપેલું. પણ કોણ જાણે છે કે કોંકણના દરવાજા જેવા એ રત્નાગિરિમાં બ્રહ્મદેશના છેલ્લા રાજા થીબોના જીવનનું અદશ્ય થતું છેલ્લું કરુણ પાનું લખાએલું છે?

મીલનાં ભુંગળાંવાળાં મોટાંમોટાં શહેરો જ જોવાલાયક હોય, તાજમહાલ કે કુતુબમિનાર જોવો એને જ કંઈ જન્મીને જોયું માનવું, કે વારાણસીના ઘાટે સ્નાન કરવામાં જ મહદ્ ભાગ્ય માનવું એવી વહેમી માન્યતા ઘણાના મનમાં સજ્જડ થએલી છે. ઘણા યે જણના પર્યટન સંબંધેના ખ્યાલો છીછરા અને હાસ્યાસ્પદ હોય છે. કોંકણને નામે ગોવાના વ્યવસ્થિત રસ્તા જોવામાં કે કુદરતને નામે કારવાર જેવા સ્થળે એકાદ સુઘડ હૉટેલના રહેવાસી થવામાં આપણી રખડપટ્ટીનો અંત ન જ આવવો જોઇએ. આવા કંઈક ખ્યાલે માલવણ જેવું અજાણ્યું, શાંત અને કોંકણના હૃદય જેવું સ્થાન મને વધારે ગમતું. આથી જ મધ્ય રાત્રિની નિર્જનતામાં, અને અંધકારમાં આકાશમાં ચળકતા તારાએ બતાવેલી વાટે આગબોટ છોડતાં જરા યે ક્ષોભ ન થતો.

કોંકણનું સૃષ્ટિસૌંદર્ય અલૌકિક છે. ઉંચાઉંચા લાલ માટી સાથે ભળેલા પત્થરના ટેકરા; ઉંડીઉંડી તાડ ને નાળીએરીનાં વનથી ઢંકાએલી ખીણો; આઘેઆઘે સમુદ્રમાંથી નીકળી ચોતરફ વીંટળાતું ધુપ જેવું ધુમ્મસ નયન થંભાવે છે. કોંકણ વનસ્પતિનો ભંડાર છે. જાતજાતની વનસ્પતિ ને લીલોતરીથી ભરેલા એ પ્રદેશમાં આપણા દેશનું અખુટ દ્રવ્ય સંતાએલું છે. કાજુ, આંબા, ફણસ, સોપારી કોકમ અને કરમદાં જેવાં ઝાડ તો અહીંના જ રહેવાસી છે. કોઇ આંબા ઉપર સંતાએલ વેન્ડા (ઑરકીડ) કે બીજા કોઈ ઝાડ ઉપરથી લટકતી ગુળવેલ (ગળો) મોહિનીના હીંચકાની સાંકળો જેવી લટકે છે. એવી વનલક્ષ્મીમાંથી પસાર થતી કુમકુમરંગી વાટો શાંતિને નિર્ભય બનાવે છે, તો કોઇ કોઇ સ્થળે ઘુમ્મટ વિનાનું દેવમંદિર એકાંતને ભવ્યતા આપી રહે છે. ચોમાસામાં તો આ સર્વ અનેક વહેળા અને ઝરણાંના આછાશેરા સંગીતથી સુરમય બની રહે છે.

જેવી લીલોતરી વૃક્ષોમાં છે તેવી લાલાશ અહીંના મનુષ્યોમાં નથી. લોકો ગરીબ છે, અજ્ઞાન અને દરિદ્ર છે. લુગડામાં લંગોટી અને રહેવામાં પર્ણકુટી તેઓ જાણે છે. છતાં યે અહીંની સ્ત્રીઓને અંબોડે વેણી અને નાકે વાળી જોઇ ચકિત થઇ રહેવાય. પીળા સોના કરતાં સફેદ ચાંદી કે રૂપે તેઓ અંગ મઢે છે. માછલી, ડાંગર અને નાળીએર ઉપર તેમનું જીવન છે. સારામાં સારી અને સોંઘામાં સોંઘી માછલી આ સ્થળે મળે છે. નાળીએરી એ તો ખરેખર કલ્પવૃક્ષ જ છે. એનો એકેએક ભાગ આ લોકોના જીવનમાં વણાએલો છે. કેટલા યે ગરીબો એની ઉપર ગુજરાન ચલાવે છે. નાળીએરીને અહીંના લોકો મ્હાડ કહે છે. ને તેના રસને મ્હાડી કહે છે, અને તેમાંથી નીરા નામનું નશો ચડે એવું પીણું બનાવે છે. તાડી તો આપણા દક્ષિણ ગુજરાતમાં અજાણી નથી. સ્પેનનો 'પોર્ટ,' ફ્રાન્સનો 'વાઇન' કે જર્મનીનો 'બીર' આપણા લોક પીએ તે કરતાં તાડી કે નીરા પીએ તેમાં કંઇ જ ખોટું નથી. નીલગિરિમાં 'ચ્હા'નાં ખેતરો વવાયાં તે પહેલાં અહીંના લોકો સવારના 'પેજ' (ચોખાની કાંજી) -





શંખલા વીણતી યુવતીઓ

પા દિવસનું કામ શરૂ કરતા. શેરડીના રસનો પણ અહીં તોટો નથી. કેટલીયે વખત આથે ફરી આવી શેરડીનો રસ કે નાળીએરીનું પાણી પીતાં મને વિચાર આવતો કે જે પ્રદેશમાં છાશ, શેરડી ને નાળીએર છે તે પ્રદેશ-માંથી 'લેમન' કે 'રાસબરી'ની શીશીઓને દેશ-નિકાલ શા માટે ન કરવી જોઇએ?

આ તરફ સાપની વસ્તી પણ ઘણી છે. આપણો દેશ સર્પ અને સર્પપૂજનને માટે પ્રખ્યાત છે. તેમાંયે દક્ષિણના દ્રાવિડો તો સર્પના અસલ પૂજારી. હિંદુસ્તાનના સર્વ સાપોમાં હળાહળ ઝેરી ફુરસા સાપ અહીં ઘણા થાય છે. રાત્રે દીવો લીધા વિના કે જોડા પહેર્યા વિના બહાર નીકળવું એટલે વીમો ઉતરાવવા જેવું.

સમુદ્રના જળમાં સ્નાન કરતા બાળક જેવો સિંધુ-દુર્ગ ઐતિહાસિક અવશેષ છે. તેમાંની સાકરવાવ ને દુધવાવનાં મીઠાં પાણી સમુદ્રના ખારા જળમાં નિર્મળ રહી શકે છે એથી વિસ્મય પમાય છે. સિંધુદુર્ગમાં શિવાજીનું મંદિર છે. એમાં શિવાજીનું પ્રતિમાપૂજન થાય છે. પાસે જ જરીમરી દેવીના મંદિરમાં ત્રિશૂળ-પૂજન કરાય છે. આ મંદિરમાં સંગ્રહાઇ રહેલાં કેટલાંક ઐતિહાસિક અવશેષો જોતાં દક્ષિણનો જ્વલંત ઇતિહાસ દૃષ્ટિ સમક્ષ આવી આંસુ લાવે છે. શિવાજીની મોહન-માળા, એક સોનાની કડી અને શેલું હજી આ મંદિરમાં છે. એની ભવાની તલવાર જે પહેલાં અહીં હતી તે આજ કલકત્તાનું સંગ્રહસ્થાન શોભાવી રહી છે. બાજીરાવ પેશ્વાનો લાલ દુપટ્ટો જોઈ તે વખતના સ્વદેશી માલ માટે ગૌરવ થયું. હિંદુસ્તાનના 'મલમલ' અને 'કૅલિકો' યૂરોપને અચંબો પમાડતાં એવો પણ વખત હતો; અને ત્યાંના 'ટ્વિડ' ને 'બ્લેઝર' આપણને આજ મોહ પમાડે છે એ પણ વખત જ છે ને!

કોટના ચણતરમાં શિવાજીએ પોતાના જમણા હાથની હથેળી અને ડાબા પગનું તળિયું દાબી આકાર પાડેલા છે. તેનું રક્ષણ કરવા નાની દહેરીઓ ચણી લીધી છે. આ ઐતિહાસિક અવશેષ ખરેખર સંઘરી રાખવા લાયક છે.

રેતાળ કિનારા ઉપર આળોટતાં મોજાં જોતાં-જોતાં, વાયુની લહેરમાં ક્ષિતિજમાં અદૃશ્ય થતા સૂર્યને નિહાળી કોના હૃદયમાં કાળની સમાધિનું ભાન નહિ



'કેશુરીના'નાં વૃક્ષ

થતું હોય! રક્તરંગી સંધ્યાના રંગમાં કંઇક પવિત્ર ભાવના છુપાએલી છે; તેટલા જ સાગરના ઘુઘવાટમાં અનંત અગાધ વિભૂતીના સૂર રહેલા છે. ત્રણ સદી પહેલાં લાકડાના કિલ્લા જેવાં શિવાજીનાં વહાણ આજ સમુદ્રના તરંગોમાં ચાસ પાડી રહ્યાં હતાં. વેપારની વણઝાર જેવાં તે વહાણો ઠેઠ આફ્રિકાના કિનારા સુધી અડકતાં. કિનારા ઉપર વસેલાં ઉંડાણના વૃક્ષ પોકારી ઉઠતાં હતાં કે એ દરિયાઇ કિલ્લા તો અમારાં શરીરના બનેલા હતા. આજે તો સ્ટીમરની સોડમાં ભરાતી હાથી આગળ કીડી જેવી લાગતી નૌકાઓ પણ પરદેશીઓ બનાવે છે.

ગાઉના ગાઉ સુધી લંબાએલો સપાટ કિનારો લીંગડ, ચીપી, ભોંય રીંગણી અને રેતીને બાંધતી લાંબી વેલો તથા ઘંટાકાર પુષ્પને છાતી ઉપર રાખી રહી શોભાયમાન થઇ રહે છે. ખારૂં જળ પીતાં પણ અમે જીવીશું એવી બુમ પાડતા 'ચીપી'ના છોડનું જીવન જોઇને ઉત્તર ધ્રુવ કે હિમાલય ઉપર આક્રમણ કરતા માનવોના

આગ્રહી આત્મા વૃક્ષમાં પણ વસેલો આપણુને લાગે. આવા સુંદર કિનારાને માછી લોકો અપાર ગંદો કરી નાખે છે ત્યારે ગુજરાતનાં ગામડાંઓમાં ઠામઠેકાણે ઉભરાતા ઉકરડાઓનું સ્મરણ થાય છે. પવનમાં ઘસડાતા કાજુ શેકવાની ભઠ્ઠીઓમાંથી નીકળતા ધુમાડા અને કેઝ્યુરીનાનાં શ્યામ વૃક્ષોથી છપાએલું શ્વેત વાતાવરણ આલ્હાદ આપે છે. સમુદ્રમાં કુદકા મારતી કોક માછલી કે શ્વેત ક્ષાર પક્ષીને જળતરંગો ઉપર નાચતાં દેખી માનવજીવનમાં પણ આનંદની મુક્તધારા કેમ નહિ હોય એવો પ્રશ્ન સહજ થઇ આવે છે.

અહીં સ્ત્રીઓ પણ પુરુષ જેટલી જ છુટથી કામ કરે છે. કેટલી યે યુવાન દેખાવડી ઘાટીલી સ્ત્રીઓ સમુદ્રમાંથી જીવતા શંખલા વીણી બજારમાં વેચવા લઇ જાય છે. પૈસે શેર શંખલા વેચી પેટ ભરતાં એ માનવોની ગરીબાઇ ખરેખર ચચરે છે. પર્ણકુટીનાં સુખ ગાનાર કવિ તેનાં દુઃખને પારખી નથી શકતો.

દરિયાની સપાટી નીચે અજબ લીલોતરી ફાલી રહી છે. * લીલી વેલ જેવી 'કૅાલરપા'ના છોડ તેમજ તેની મશ્કરી કરવા તેના જેવો વેશ લઇ સાથે હળી ગએલા 'હેલોપીલા'ના નવપુષ્પિત વેલા કે લાલ દ્રાક્ષ-



સાકરવાવ અને કિલ્લાનો એક ભાગ

ના લુમખા જેવા 'ક્રીસેમનીઆ' અથવા તો તરેહવાર લાલ પીળા ગાલીચા જેવા બીજી લીલના છોડોથી માનવ દૃષ્ટિથી સંતાએલી દરિયાઇ વનસ્પતિની એ સૃષ્ટિ જેમ રમણીય છે એ અજાણ સૃષ્ટિ અજબ છે તેટલી જ અનુપમ છે. વાસ મારતી 'હેલીસીરીસ'ના ઢગ કે 'કેલ્પોમેનીઆ'ના કોથળી જેવા ઘસડાઇ આવતા દડા, જાણે જોઇ રહેવાનું જ મન થયા કરે. આ લીલના ઢગના ઢગ વીણી અહીંના લોક નાળીએરીના ખાતર માટે વાપરે છે. વિલાયતમાં આ લીલ હોત તો તેમાંથી કેટલું યે 'આયોડીન' કે 'ચાઇનીઝ ગ્રાસ' બની હિંદુસ્તાન આવત. આપણે એ કહેવાવા દઇએ છીએ.

* આ લેખના લખનાર ભાઇ સુરેશ દીક્ષિત ('સૈનિક') સમુદ્રની વનસ્પતિનો પ્રથમ અભ્યાસ કરનાર પહેલા ગુજરાતી છે અને તેમાં શોધખોળ કરી થીસીઝ લખીને એમાંણે વનસ્પતિશાસ્ત્ર બાયોલોજીના એમ.એસસી.ની ડિગ્રી મેળવી છે એ ઘણા નહિ જાણતા હોય.

કોંકણનાં ડાંગરના ખેતર, ને નાળીએરી સોપારીના વૃક્ષ જોતાં એ ત્રણેયને આપણા ધર્મે આપણા જીવનમાં ઉચ્ચ રીતે પરોવેલાં હોવાથી પૂજ્ય ભાવે જોઇ રહેવાય છે. અક્ષત, સોપારી અને નાળીએરથી કયો હિંદુ દેવપૂજા નહિ કરતો હોય ! માનવજીવનના ઉષઃકાળમાં જેજે વસ્તુઓ તેને ઉપયોગી થએલી છે તેને આપણે છેક વેદકાળથી પૂજી નમી રહ્યા છીએ;—એ જ્વલંત આર્યસંસ્કૃતિ છે. કોંકણના ગરીબોને ઘેરેઘેર તુલસીક્યારા આવકાર આપી રહ્યા છે.

આ પ્રદેશની ગરીબાઇમાં જીવનનું કેટલું યે વિષ છુપાએલું છે. અહીંની સ્ત્રીઓ મુંબાઇના અનિતિના ધંધામાં ધુળ સાટે ફસાય છે કે વેચાય છે. અહીંના ગરીબ લોકો કોંકણની ચોખ્ખી હવા તજી મુંબાઇની મીલને ધુમાડે શ્વાસ ભરી રહ્યા છે; સ્વતંત્ર જીવન મુકી અહીંનાં ઘણા અજ્ઞાન દેશબંધુઓ મુંબાઇના કોઇ માળામાં લક્ષ્મીવાનનાં વાસણ ધોઈ જીવી રહ્યા છે! 'ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા.'

ક્યાં નેત્રોત્સવ સમી વનલક્ષ્મી અને ક્યાં દારિદ્રને ભોગ પડેલી માનવતા !



કિલ્લાનો દરવાજો (અંદરથી) સિંધુદુર્ગ

ગિરેબાજ ચિતુ



શ્રી ધનગોપાલ મુકરજી
'ગે-નેક' નામની કથા ઉપરથી

કબુતરો પાળવાનો શોખ હિંદુસ્તાનમાં આજકાલનો નથી. મુસલમાન સમયમાં એ શોખ પૂર્ણ કળાએ ખીલ્યો તે પહેલાં પણ સૈકાઓથી સંદેશાઓ વગેરે મોકલવા માટે કબુતરો પળાતાં એમ તવારીખો ઉપરથી જણાય છે, એટલું જ નહિ પણ ગિરેબાજ ને અક્કડ એ બે કબુતરની જાતો તો હિંદુસ્તાને જ દુનિયાને આપી છે. મુસલમાન રાજ્ય અમલમાં અને તે પછીના કાળમાં એ શોખ હિંદની પ્રજામાં ખીલીને એટલો ઘર કરતો આવ્યો છે કે તેનું એક નાનકડું શાસ્ત્ર આખું ઉભું થયું છે. કબુતરોની અનેકવિધ જાતો અને તેનાં રૂપરંગ, તેનાં લક્ષણ અને ખાસિયતો, તેનાં ખોરાક અને ઉછેર, તેની શક્તિ અને સૌંદર્ય–એ બધી હકીકતો એટલી રસભરી, કૌતુક જગાડે એવી અને આકર્ષક છે કે કોઈ જાદુગરની વાર્તા જેવી પક્ષીજીવનની એ અજબ-મનોહર સૃષ્ટિના પડદા આપણી આગળ એકવાર ઉઘડી જાય કે તેમાંથી નજર સરખી પાછી ખેંચવાનું મન થતું નથી.

કોણજાણે, મનુષ્ય ને મનુષ્ય વચ્ચેના પ્રેમ કરતાં મનુષ્ય અને પશુ-પ્રાણીઓ વચ્ચેનો પ્રેમ કોઇ અનોખો અને અલૌકિક છે. અને એ પ્રેમની સૃષ્ટિમાં એક વાર પ્રવેશ પામ્યા પછી તો, બીજાઓને ગૂઢ એવાં એ મૂક પ્રાણીઓના જીવનનાં રહસ્યો સ્વયં ખુલી જાય છે. એની ભાષાની ઉકલત તમને આપમેળે આવી જાય છે; એના વિનોદો ને વિષાદો તમે સમજી શકો છો; એની લાગણીઓના ભાવ ને પ્રેમના ઉછાળા તમે પામી શકો છો; એના હૃદયના ધબકારા જોડે જાણે તમારા હૃદયના ધબકારા એકતાલ થઇ જાય છે.

હિંદુસ્તાનનાં—ખાસ કરીને ઉત્તર હિંદનાં લગભગ બધાં મોટાં શહેરો અને મુખ્ય કસબાઓમાં કબુતરોના શોખ અને ઉછેર એટલા મોટા પ્રમાણમાં છે કે કબુતરની વસ્તી લગભગ માણસ જેટલી થવા જાય! તેમાં યે અમુક અમુક ભાગોમાં તો ઘેરેઘેર તમે લોટણ અને ગિરેબાજ, કરતા અને કાસદનાં જૂથનાં જૂથ જુઓ. પુંછડાની કળા કરીને, છેક તેને માથું અડી જાય એટલાં ટટ્ટાર થઇ ગર્વથી છાતી કાઢીને આંગણાંમાં ફરતાં અક્કડ (અથવા કરતા) કબુતરોની આસપાસ નાનાંનાનાં છોકરાં ગેલ કરતાં રમતાં હોય. આઠઆઠ દસદસ વરસના છોકરા સવારમાં ઉઠે કે તરત લોટણ અને ગિરેબાજની રમતો અને તાલીમ પાછળ જ લાગ્યા હોય. કોઇ તેના દાણાપાણીની તરખડમાં પડ્યો હોય, તો કોઇ તેનાં 'પર' (પીંછાં) સંભાળતો હોય. કોઇ પોતાના એકાદ માનીતા 'નંગ'ને હાથપર હુલાવી પ્રેમથી તેની ચાંચ હોઠ વડે ચુમતો હોય; અને પછી છટાભરી હલકથી અદ્ધર હાથ ઉછાળી તેને હવામાં વહેતું મુકે. એક ધામો, મધુરો ફફડાટ –અને માલતીનાં ફુલ જેવાં શ્વેત પિચ્છનો એ મનોહર ગોટો લહેકા લેતો છાપરે જઇ બેસે.

આવા દિલચસ્પ વાતાવરણમાં મારૂં બાળપણ ને કુમારવય વીત્યાં એ મારી જીંદગીનું હું મોટામાં મોટું સદ્‌ભાગ્ય માનું છું. આજ મોટી ઉમરે, દુનિયાની અનેક હવા ખાધા પછી અને વિવિધ રંગો નિહાળ્યા પછી, સ્વાર્થી મનુષ્યોના ગરજુ પ્રેમ કરતાં એ મુંગાં, પણ અંતરની અનેક ભાષાઓ સમજાવતાં નિખાલસ ને નિઃસ્વાર્થી પ્રેમી પંખીઓની મૈત્રીમાં ગાળેલા મારા ઉગતી અવસ્થાના દિવસોની કીમત મારે મન અનેકગણી વધારે છે.

સૌ પંખીઓમાં કબુતર મનોહર છે એટલું જ નહિ, પરંતુ એ ઉપયોગી છે; મનોહર છે તેના કરતાં વધારે ઉપયોગી છે;–ઉપયોગી છે તેનાં કરતાં વધારે વફાદાર અને પ્રેમાળ છે. કદાચ આથી જ તેનો શોખ હિંદુસ્તાનમાં આજ સૈકાઓ થયાં અખંડ ને એકધારો ચાલ્યો આવ્યો છે. બાદશાહો અને રાજારાજવીઓએ

તેમજ ગરીબો અને ફકીરોએ સૌએ એ પંખીને હુલાવ્યું છે ને પ્રિય કર્યું છે. શહેનશાહોના સંગેમરમરના મહેલો ને બાગબગીચા તેમજ ગરીબનાં ઘરઆંગણા ને ખેડુતોનાં વાડીખેતર—સૌને એ રૂપગૌરવ પંખીએ પોતાનાં સૌંદર્ય ને કૂજનથી મનોરમ ને મધુર બનાવ્યાં છે.

હજી આજ પણ વસંતઋતુના કોઇ પ્રફુલ્લ પ્રભાતે જુઓ તો ઉત્તર હિંદનાં શહેરોનાં છાપરાં મોગરાના ગોટા વેરાયા હોય એવાં કબુતરોથી સોહાતાં હોય છે, ને છોકરાઓ અદ્ધર રૂમાલ હલાવી હલાવી પોતાનાં કબુતરોને હવામાં ખેલાવતા હોય છે. ભુરા આકાશમાં ઉડી રહેલાં પૃથ્વીની પરીઓ જેવાં એ પંખીનાં ટોળાં અરધાએક કલાક સુધી ઉપર ફરે છે, ને પછી ધીમે ધીમે ટોળાંબંધ પોતપોતાનાં રહેઠાણ પર ઉતરી આવે છે. સૌ ઘરનાં છાપરાં ઉંચેથી તો એકસરખાં જ દેખાય. શેરીમાં જુદાજુદા ઘાટ અને નિશાનીઓ પરથી આપણે ઘર ઓળખીએ તેવાં કાંઇ ઉપરથી ઘર ઓળખાતાં નથી. પરંતુ કબુતરોની સ્મરણશક્તિ અને દિશાજ્ઞાન અદ્ભુત હોય છે.

ને એવો જ—એથી યે વધારે અદ્ભુત તેનો પ્રેમ હોય છે. હાથી અને કબુતરથી ચડિયાતાં વફાદાર પ્રાણી–પક્ષી મેં કદિ જાણ્યાં નથી. કુતરાં ને ઘોડાંને વિષે પણ એવું જ કહેવાય છે; પણ એનો મને અનુભવ નથી. પરંતુ આ બંને જોડે તો હું ઉછર્યો છું, મોટો થયો છું. મારા હાથી કિરીટની વાત મેં તમને અગાઉ કહી છે. આજ મારા કબુતર ચિત્રગ્રીવની વાત કહેવાનો છું. ચિત્રગ્રીવ એટલે સુંદર રંગીન ડોક વાળો. એની ડોકમાં ચમકતા ઘેરા આસમાની રંગનાં આકર્ષક છાંટણાં હતાં તેથી અમે તેનું નામ ચિત્રગ્રીવ પાડેલું. પણ પ્રેમ ને સરળતાથી અમે તેને ચિત્તુ કહેતા.

તમે જાણો કે તેની ડોક મુળ જન્મથી જ એવા સુંદર રંગોથી મંડિત હશે! ઇંડામાંથી ચિત્તુ નીકળ્યો ત્યારે તો ઝીણી રૂંવાંટીવાળું ભુખરૂં પીળું ટેંકું હતો. એનો ચમકદાર રંગ તો અનેક અઠવાડિયાં પછી ખીલ્યો. એ ત્રણ મહીનાનો થયો ત્યાં સુધી કોઇને કલ્પના સરખી પણ નહિ કે એ આટલો રૂપાળો થશે. પણ જ્યારે એની જુવાનીની જોડે એનાં પીછાંની ભભક ખીલી ઉઠી ત્યારે મારા ગામ આખામાં એવો રૂપાળો નંગ કોઇ નહોતો.—અને મારૂં ગામ એટલે ચાળીસ હજાર કબુતરનો અડ્ડો.

પણ આમ નહિ. હું તમને છેક પહેલેથી માંડીને વાત કહું. ચિત્તુનો બાપ એક નામી ગિરેબાજ કબુતર હતો. ગિરેબાજ કબુતર એ હિંદુસ્તાનની જ નિપજાવેલી અને કેળવેલી કબુતરની જાત છે અને દુનિયાને એ ઉંચી જાતની ભેટ કરવા માટે હિંદનાં ગર્વ અને કીર્તિ મશહૂર છે. એ જાતનાં કબુતરો ખુબ ઝડપથી અને ઉંચાંમાં ઉંચે ઉડી શકે છે. પણ એની જે મુખ્ય ખાસિયત છે (જેના ઉપરથી તેનું નામ પડ્યું છે) તે એ કે તે ઉડતાં ઉડતાં ગિરી કરી શકે છે. ગિરી કરવી એટલે ગુલાંટ ખાવી. હવાઈની પેઠે સુસવાટ કરતું એ ઉડે ને એકાદ વાંસ જેટલે ઉંચે જાય કે 'ફટાક' કરતુંક ને પાંખોનો અવાજ કરીને પાછલી ગુલાંટ ખાય. શહેરનાં અને શોખ ખાતર પાળેલાં કબુતરો આવી ગુલાંટો ખાધા જ કરે છે.* ઉંચે જતું જાય ને ગુલાંટ ખાતું જાય; વળી થોડે ઉંચે જાય ને ફરી ગુલાંટ ખાય

* ગિરેબાજ કબુતરની આ ખાસિયત વંશપરંપરાથી જ છે. અનેક જાતનાં કબુતરોનાં બચ્ચાં ઉછરતાં હોય તેમાં ગિરેબાજ હશે તે ઉડતાં શીખવા માંડશે તેની સાથે જ કમર (એટલે ગિરી) કરતાં શીખવા લાગશે. થોડું ઉડશે ને તરત પાંખોનો ફટકો મારી પાછલી ગુલાંટ ખાશે. એ જાતનો ગુણ કેટલો ઉપયોગી છે તે તો આપણે આગળ જોઇશું, પણ એની આ ખાસિયત ઘણીવાર અવગુણ પણ બની જાય છે. અતિશય ગિરી કરનારાં કબુતરો પછી ગિરી કર્યા જ કરે છે, તે એટલી બધી કે એમ કરતાં કરતાં પછી એ પોતાની જાત ઉપરથી કાબુ ગુમાવી બેસે છે. એ ગિરી કરતું જાય ને ઉડતું જાય; પણ પછી એનાથી આપમેળે નીચે અવાય જ નહિ! નીચે આવવા જાય કે પાછું ગિરી ખાઇ જવાય ને ઉંચે ઉડવું પડે; ફરી નીચે ઉતરવાનો પ્રયત્ન કરે કે ગુલાંટ ખાઇ જવાય. આવાં કબુતરો પરવશ બની જાય છે, ને તેને પકડીને નીચે લાવવાં પડે છે. સુભાગ્યે તે આવી ટેવને વશ બને છે ત્યારે બહુ ટુંકી ગિરી ખાતાં હોય છે એટલે ઝાડ કે છાપરાથી વધુ ઉંચે તે જતાં નથી અને સહેલાઈથી નીચે ઉતારી શકાય છે.

આમ, ગિરીના પરવશ બની ગએલા કબુતરને તુમ થઇ ગએલાં કહે છે. એ તુમ થાય એટલે પછી ઉડાવવા કે બીજા કોઇ ઉપયોગ માટે નકામાં. તે માત્ર બચ્ચાં લેવાના ખપમાં આવે છે. આવાં તુમ કબુતરોને સુધારવાનો એક રસ્તો હોય છે. તેનું પુછડું કાપી નાખવાથી પુછડાનાં પીછાંનો બોજ ઓછો થાય છે અને ગિરી ખાતાં છતાં તે પોતાના શરીરનું સમતોલન જાળવી શકે છે; અને આ હિકમતથી તુમ કબુતર ગિરીની અતિશયતા ભુલી જઇને ઘણીવાર સુધરી જાય છે.

આમ તે અતિશય ઉંચે ચડી શકે છે,---એટલે ઉંચે કે નરી આંખે તે દેખાય પણ નહિ.

પણ આપણે મુળ વાત પર આવીએ. ચિત્તુનો બાપ, મેં કહ્યું એમ ભારે નામી ગિરેબાજ હતો. તેની આંખ મોતીના જેવી સફેદ હતી. ઉંચા ખાનદાનના ગિરેબાજને જ એવી આંખ હોય છે. એ ઉડતો ત્યારે નરી આંખે દેખાય નહિ એટલે ઉંચે જતો. આથી અમે પિત્તળની મોટી પરાત–તાંસ–માં પાણી ભરી તેમાં આકાશનું પ્રતિબિંબ જોતા બેસતા; અને એ શાંત સ્થિર પાણીમાં કાડી જેવો, ઝીણા સફેદ ટપકા પેઠે તે દેખાતો! પરંતુ એટલી ઉંચાઇએ પણ એ ગિરી કરતો ને એની પાંખોનો ફટાકો, દૂર ફુટતા ફટાકડા જેવો આછો આછો, એટલે ઉંચેથી પણ સંભળાતો!

ચિત્તુમાં તેના બાપના આ ગુણ તો બધા ઉતર્યા જ; ઉપરાંત તેની માના ગુણ પણ ભળ્યા. તેની મા બહુ જ નીવડેલી કાસદ ઓલાદની હતી, અને રૂપમાં તો અમારા ગામ આખામાં મહારાણી જેવી ગણાતી. કાસદ કબુતરો કદમાં બધાં કબુતરો કરતાં મોટાં હોય છે,—લગભગ કાગડા જેવડાં. તેમની આંખો ખુબ મોટી (લગભગ પાઇ જેવડી) હોય છે. તાકાત અને સહનશક્તિમાં તો સૌ કબુતરો કરતાં કાસદ ચડિયાતાં હોય એ નિર્વિવાદ છે; નહિતર માઇલોના માઇલો સુધી એ ઝડપથી સંદેશાઓ કેમ લઇ જઇ શકે? ચિત્તુની મા એટલી જોરવાળી હતી કે એક વાર એની પાંખની ઝપટ મારા મોટા ભાઇના હાથ પર વાગેલી તો એનું કાંડું ઉતરી ગએલું.

બાપની રૂઆબભરી ભભક, અડગ નિર્ભયતા, ઉડવાનો વેગ અને ગિરી ખાવાની ચપળતા ચિત્તુમાં આવી, અને માનું મજબુત હાડ ને અખુટ સહનશક્તિ મળ્યાં. ઉપરાંત સૌંદર્ય અને ખાનદાનીમાં તો બંને પહેલી કોટિનાં હતાં. એટલે ચિત્તુ કેવું અદ્વિતીય નંગ હશે એ તમે કલ્પી શકશો. અમારે મન તે અમૂલ મણિ સમાન હતો.

પણ એની જીંદગીની કથા છેક એના જન્મથી માંડીને હું શરૂ કરીશ. ત્યારથી જ એ એટલી સરભરી છે. ચિત્તુ ઇંડામાં હતો ત્યારે જ એક ઘાત તો એના પરથી ગઇ. એની માએ બે ઇંડાં મુકેલાં, તેમાંથી એક મારે હાથે શરૂઆતમાં જ ફુટી ગયું! અરેરે! એ દિવસ હજી સંભારૂં છુ ને શોક થઇ આવે છે. એને બદલે ચિત્તુવાળું ઇંડું ફુટી ગયું હોત તો? અને કોને ખબર છે કે જે ઇંડું ફુટી ગયું એમાંથી કદાચ ચિત્તુ કરતાં પણ વધુ નામી નંગ ન નીકળત?

વાત એમ બની કે અમારા ઘરને ચોથે માળે અગાસીમાં અમે કબુતરોનાં પાંજરાં ને ખોખાં રાખેલાં. તે સાફ કરવા એક દહાડો બપોરે હું ગયો. ચિત્તુની મા બંને ઈંડાં સેવતી બેઠી હતી. મેં એને ઉડાડી અગાશીની પાળ પર બેસાડી અને ખાનામાંથી ઇંડાં કાઢી ધીમેથી બીજા ખાનામાં મુકી પેલું સાફ કર્યું. પછી હળવે રહીને એક ઇંડું તો મેં બરોબર મુળ ખાનામાં ગોઠવીને મુક્યું, પણ જેવું બીજું મુકવા જાઉં છું ત્યાં જાણે અગાશીનું આખું છાપરૂં મારા પર ઉડી આવ્યું હોય એમ મને લાગ્યું. ચિત્તુનો બાપ પોતાની જોરદાર પાંખો વડે મારા મોં ઉપર કારમી ઝપટો મારી રહ્યો હતો. પોતાના બંને પંજા વડે તેણે મારૂં નાક પકડ્યું હતું અને પાંખના સપાટાથી મારા બંને ગાલ અને માથાને જાણે સોરી નાખતો હતો. આ અણધાર્યા હુમલાને લીધે હું થથરી ગયો અને મારા હાથમાંનું ઇંડું જમીન પર પડી ગયું.

મહામહેનતે ચિત્તુના બાપને મારી હઠાવી મેં ઇંડાની તપાસ કરી. પણ એ તો ફુટીને ખુરદો થઇ ગયું હતું. મને એ કમબખ્ત પંખી ઉપર અને મારી જાત ઉપર બહુ દાઝ ચડી. મારી જાત ઉપર એટલા માટે કે મારે બેફામ ન રહેતાં આવા હુમલા માટે અગાઉથી જ ચેતતા રહેવું જોઇતુ હતું; કેમકે ઇંડાંની મોસમમાં પક્ષીઓ પોતાનાં ઇંડાં અને બચ્ચાં માટે એટલાં અધીરાં અને તેજ બની જાય છે કે ખુદ પોતાના માલિકો ઉપર પણ આવા હુમલા કરતાં અચકાતાં નથી.

પણ આપણી વાત આગળ ચલાવીએ. હું રોજ જઇને તપાસી આવતો કે બચ્ચું નીકળ્યું કે નહિ. બચ્ચું સેવાઇને બરોબર પાકી રહે ઈંડાનું કોચલું કયે દહાડે અને ક્યારે ફોડવું તે ચિત્તુની મા બરોબર જાણતી હતી. એનો બાપ, જોકે લગભગ ત્રીજા ભાગ જેટલો વખત (રોજ સવારથી બપોર આથમવા આવે ત્યાં સુધી) પોતે સેવવા બેસતો, છતાં એને આ બાબતનું ભાન પણ નહોતું. અને માદા સિવાય બીજા કોઇને એની ખબર પડતી જ નથી. એ બંધ ઈંડાંની અંદરથી

કુદરતનો, કોણ જાણે એવો કયો અદશ્ય સંદેશ એને મળે છે કે બરાબર ખરી ક્ષણ આવી લાગ્યે એ જાણી જાય છે કે અંદર, પેલી પ્રવાહી સફેદી અને પીળી લુગદીનાં હાડચામ બંધાઇ પ્રાણ ફુંકાઇને નાનકડું બચ્ચું તૈયાર થઇ ગયું છે. અને તેમાં પણ કયે ઠેકાણે ચાંચ મારવી એનું પણ એને બરોબર જ્ઞાન હોય છે.

ચિત્તુના જન્મ વેળા આ ચમત્કારિક બનાવ મેં મારી સગી આંખે જોયો છે. ઇંડાં મુક્યા પછીને બરાબર વીસમે દહાડે જોયું કે આજ માદા ઈંડા પર બેસતી નથી. નર બેસવા આવતો હતો તેને પણ તે વારેવારે ચાંચો મારીમારીને દૂર હાંકી કાઢતી હતી. આથી નરે જરા ચીડાઇને એક ટુંકુ કૂજન કરી પુછ્યું, 'આજ મારા પર આટલી ચીડાઇ શાને જાય છે?' અને માદાએ ફરી ચાંચ વડે દાંતિયું કરી જાણે જવાબ આપ્યો, 'મહેરબાની કરીને જતા રહો. આજ તમારૂં કામ નથી. મામલો જરા ગંભીર છે.' ને આ સાંભળીને નર તરત રસ્તે પડ્યો.

મને જરા ચટપટી થવા માંડી. માદા પોતે સેવતી નથી ને નરને પાસે આવવા દેતી નથી; આજ આ થયું છે શું? હું તો ત્યાં ને ત્યાં જ ઉભો રહ્યો. કલાક વીતી ગયો; સવા કલાક ગયો; દોઢ ને પોણા બે કલાક થયા. હવે માદા, જાણે કાંઇક સાંભળતી હોય એમ ઇંડા આગળ કાન માંડી રહી. પછી તેણે ચાંચ વડે હળવેથી ઇંડું ટપારી જોયું. એ વખતે મેં તેના શરીરમાંથી એક કંપારી પસાર થતી જોઈ. પણ એ કંપારી સાથે જ તેનામાં જાણે હીમત અને સ્થિરતા આવી. માથું ઉચું કરી બરોબર નિશાન લઇને તેણે ચાંચ વડે ઇંડાના એક ચોક્કસ ભાગ ઉપર બે ધીમી ઠોકર મારી. ઇંડાનાં કાચલાં કોઇ જાદુઇ દરવાજો ઉઘડે એમ જુદાં પડી ગયાં, અને અંદરથી નાનકડું, ગભરૂ, પણ કંગાલ દેખાવનું લોલસા જેવું બચ્ચું બહાર નીકળ્યું.



માદાના રંગઢંગ જોવા જેવા હતા. તે જાણે ગાભરી બની ગઇ હતી,—આશ્ચર્યથી, કુતૂહલથી. આ એકવીસ દિવસની તપશ્ચર્યા પછી આવું મળવાનું?—કાંગલું લોલસું? પણ એ જ ક્ષણે એને પોતાના બાળકની અનાથતાનું—નિરાધારીનું ભાન થઇ આવ્યું અને પોતાની સુંવાળાં પીછાંની છાતીની હુંફમાં તેને ઢાંકી દીધુ.

બચ્ચાના જન્મ જેટલો જ કૌતકભર્યો બીજો દેખાવ એનાં માબાપ એને હુંફ આપે છે તથા ટાઇટાઇને ખોરાક ખવડાવે છે એ છે. આપણાં નાનાં બાળકોને જેમ પાસું દીધા કરીને હુંફમાં રાખવાનાં હોય છે તેવી જ રીતે પક્ષીઓ પણ પોતાનાં બચ્ચાંને હજી જાણે સેવતાં હોય તેમ પોતાની છાતીની ઓથે ભરાવી જ રાખે છે. એને લીધે દુનિયાની નવી હવાથી એનું જતન થઇ તેને હુંફ ને આસાયેશ મળે છે. આવે વખતે કબુતરનો માળો (કે ખાનું) બહુ રૂ કે ઉનના કુચાથી ભરી મુકવો ન જોઇએ, નહિતર માળાની ગરમી વધી જઇ બચ્ચું બફાઇ જવાનો ભય રહે છે. શિખાઉ કબુતર-શોખીનોએ આ મુદ્દો ધ્યાનમાં રાખવાનો છે. આ સમયમાં માળો પણ સાફ કરવાની જરૂર નથી. બચ્ચાનાં માબાપ જે જે ચીજો પોતે અંદર રાખે તે રહેવા દેવી.

મને બરોબર યાદ છે કે જન્મ પછી બીજે દહાડે ચિત્તુએ આપમેળે પોતાનું મો ખોરાક માટે પહોળું કર્યું. એની ચાંચ નાની હોય છે, પણ મોઢું પુરતું મોટું હોય છે. જેટલી વાર નર કે માદા ઉડીને માળામાં આવતાં તેટલી વાર એ પોતાનું મોં ધમણની પેઠે ઉઘાડીને તેમની સામે ઉચું જોઈ ધરી રાખતો, અને નર માદા પોતાની ચાંચ બચ્ચાના મોંમાં નાખીને, પોતે બાજરીના દાણા મોંમાં પલાળી દુધ જેવા કરી રાખ્યા હોય તે તેમાં રેડતાં. બચ્ચું પુરૂં એક માસનું ન થાય ત્યાં સુધી કોઇ પણ કબુતર તેને આમ પલાળ્યા વિનાના દાણા આપતું નથી, એ મેં બરોબર ધ્યાનથી જોયું છે.

અને ચિત્તુ ખાધરો પણ ભારે હતો. મા ને બાપ બંનેને એ પોતાની તહેનાતમાં ખડે પગે રાખતો. એક જણ એને હુંફ આપતું પાસામાં લઇ બેઠું હોય ને બીજું તેને માટે ખોરાક તૈયાર કરીને ટાતું જતું હોય. પક્ષીઓમાં આપણી પેઠે

ખાસ એવું નહિ કે બચ્ચાંની સંભાળ એકલી માદાને જ માથે રહે. મેં જોયું કે ચિત્તુનો બાપ પણ એની પાછળ માદા જેટલી જ મહેનત ઉઠાવતો: એને સેવતો પણ ખરો અને દાણા પણ લાવી ખવડાવતો.

ધીમેધીમે ચિત્તુનો માંસલ લોલસા જેવો રંગ ફરીને પીળાશ પડતો સફેદ થતો ગયો. પીછાંની ઝીણી રૂંવાટી ઉગવાની આ નિશાની હતી. થોડા જ દિવસમાં શાહુડીનાં ઝીણાં ઝીણાં સાસોળિયાં જેવાં ગોળ અને સહેજ અણિયાળાં એવાં સફેદ પીછાંના કોંટા તેના શરીરે ઉગી નીકળ્યા. તેના મોં તથા આંખોની આસપાસ આજ સુધી લટકી રહેલી વધારાની પીળી ચામડી હતી તે ખરી પડી, અને ધીમેધીમે ઝીણી ખીલી જેવી તીણી ને મજબુત ચાંચ બંધાતી ગઇ. ઓ! શી નમણી ને લોંઠકી એની ચાંચ હતી! ને તરત, એક દહાડો, એનો ઉપયોગ પણ થયો.

ત્રણેક અઠવાડિયાની ઉમરનો થયો હશે. ચિત્તુ પોતાના ખાનામાં બેઠો હતો. એવામાં એક મંકોડો ખાનાની કોર પર ફરતો તેણે જોયો. મા બાપ કોઇ નહોતાં; કોઇની કશી સૂચના પણ નહોતી; કેવળ પ્રેરણાથી ચિત્તુએ તેના પર ચાંચની ઠોકર મારી. બીજી જ પળે એક મંકોડાનાં બે અડધિયાં થઇ પડયાં. પોતે આ શું કરી બેઠો તે તપાસવા ચિત્તુએ પોતાનું નાનકડું માથું નીચું કરી મંકોડાના મૃત દેહને નિરખવા માંડયો! તેને પસ્તાવો થતો લાગ્યો. ભુલમાં ને ભુલમાં, અનાજનો દાણો જાણીને પોતે એક નિર્દોષ જંતુનો જીવ લીધો છે એવું જાણે તેને ભાન થયું હોય એમ તે ઉદાસીનપણે જોઇ રહ્યો. મને લાગે છે એ શરમાયો ને પસ્તાયો. તે પછી તેણે કદિ એક પણ કીડીમંકોડી મારી નથી.

ચિત્તુ સવા મહીનાનો થયો એટલે તે પોતાના ખાનામાંથી કુદીને નીચે આવી પાણીની કુંડીએ જઇને પાણી પી શકતો થયો. જોકે હજી ય ચણુ તો એને એનાં માબાપ જ લાવીને ખવડાવતાં. પણ હવે ધીમેધીમે તે પોતાની મેળે ખાતાં શીખવાનો પ્રયત્ન કરતો હતો. હું હથેળીમાં થોડા દાણા લઇ મારા કાંડા પર તેને બેસાડતો ને એ એકેક દાણો ચુનીચુનીને ખાતો. એક દાણો લે, ગળામાં એકબે વાર આમતેમ ઘુંટે ને પછી નીચે ઉતારી મારા સામું જોઇને જાણે કહે, 'કેમ?' મને હવે ચણતાં આવડતું જાય છે ને?'

આમ ચિત્તુને હથેળીમાં લઇને ખવડાવતાં ખવડાવતાં મેં એક નવી શોધ કરી. આટલા દહાડા મને રોજ વિચાર થતો ને નવાઇ લાગતી કે કબુતરો હવામાં ઉડે ત્યારે ધુળના વંટોળિયા ને હવાનાં તોફાનથી એમની આંખો પુરાઇ નહિ જતી હોય? પણ એક દહાડો મેં ચિત્તુની આંખ પર એક આછું પડ ફરી વળતું જોયું. પહેલાં તો હું ગભરાયો કે એની આંખે આ અચાનક શું થયું? કાંઇ આંખો ખોટી તો નહિ પડી ગઇ હોય? આમ વિચારી તેની આંખો આગળ આંગળી ધરવા ગયો ત્યાં તો તરત પેલો પડદો ખસી જઇને એની કંચન જેવી આંખો બહાર ઝળકી આવી. મને તો કુતૂહલ થયું ને હું તેને અગાશી પર સૂર્યના તડકામાં લઇ ગયો. હં! બરોબર. એની આંખનાં પોપચાં સાથે એક અતિશય પાતળો ને પારદર્શક પડદો જોડાએલો હતો. જેવો હું એનું મોં સૂર્યના તડકામા ધરતો કે તરત એ પડદો એની આંખ આડે ખેંચાઇ આવતો. હવે મને સમજાયું કે ધુળ, હવા, વરસાદ, ધુમસ, તડકા વગેરેથી આંખનું રક્ષણ કરવા માટે કુદરતે આ પડદો પક્ષીઓને આપેલો હોય છે. જ્યારે એવી અડચણ આવે ત્યારે એ પડદો ઢળી જઇને આંખનું જતન કરે છે. એ પારદર્શક હોવાથી કશી પણ મુસીબત વિના પક્ષી એની આરપાર નરી આંખ જેટલું જ જોઇ શકે છે, અને જરા પણ ઇજા વિના તોફાની વંટોળિયામાં કે ધોમ ધખતા સૂર્યને સામે તડકે પણ બેધડક ઉડી શકે છે.

બીજા એક પખવાડિયામાં તો ચિત્તુ ઉડતાં શીખ્યો. તમને લાગશે કે એ પંખીની જાત રહ્યા, એટલે એમાં તે શી નવાઇ? પણ ના; એ શીખતાં ય એને બહુ મુશ્કેલી પડી. નાનું છોકરૂં ચાલતાં પહેલાં જેમ શરૂઆતમાં પગ માંડવાની ધરપત રાખી શકતું નથી તેમ આને પણ પાંખ ઉઘાડતાં જીવ નહોતો ચાલતો. એના જીવને ખાતરી જ નહોતી થતી કે એમ હવામાં પડતું મુકયેથી એ પોતાની પાંખને બળે અદ્ધર રહી શકશે! એ આખો પ્રસંગ રસમય છે એટલે હું જરા વિગતથી વર્ણવું.

અમારી અગાશીની પાળ છાતીપુર ઉંચી છે. ચિત્તુને ઉડતાં શીખવવાના ઇરાદાથી હું એને આ પાળ ઉપર મુકી આવ્યો. પણ મેં કહ્યું તેમ એટલું કુદીને નીચે આવતાં પણ એનો જીવ ન ચાલે. એ તો ત્યાં હવા ખાતો કલાકોના કલાકો બેસી રહે! આમ

દિવસો વીત્યા. હું કંટાળ્યો. મેં ધાર્યું કે આમ કામ નહિ આવે. એટલે મેં એક હિકમત શોધી કાઢી. એને ચોખા બહુ ભાવતા. એક દહાડો મેં એને અગાશીની પાળ ઉપર મુકયો, અને નીચે જમીન પર મુઠ્ઠી ભરીને ચોખાના દાણા વેરી તેને ચણવા બોલાવ્યો. થોડી વાર એ આતુર નજરે મારી સામે જોઇ રહ્યો. પછી એણે મારા પરથી નજર ખસેડી ચોખા પર ફેરવી. આમ ઘડીક મારી સામે ને ઘડીક ચોખા સામે તે થોડી વાર ટગરટગર જોઇ રહ્યો. પછી આખરે જ્યારે તેની ખાતરી થઈ કે એ સ્વાદિષ્ટ ભોજન હું તેને લઇ જઇને ધરવાનો નથી, ત્યારે તેણે આગાશીની પાળ પર આંટા મારવા માંડયા. આમ જાય, તેમ જાય ને ચોખા સામે ડોક લંબાવતો જાય; પણ એ સાડાત્રણ ફૂટનો કુદકો મારતાં એનો જીવ ન ચાલે. લગભગ પાએક કલાકની આ આનાકાનીની તપશ્ચર્યા પછી એણે આંધળિયાં કરીને કુદકો માર્યો. છેક એના પગ જમીનને અડયા ત્યાં સુધી એની પાંખો ન ઉઘડી; પણ જરાક જમીન પર પગ દર્યા કે તરત બે પડખાં-માંથી નાનકડા સઢની માફક બે પાંખો ખીલી આવીને ફફડી રહી.—આવડયું, આવડયું!

બરાબર આ જ વખત દરમ્યાન મેં એનાં પીછાંનો રંગ પણ ધીમેધીમે બદલાતો જતો જોયો. મેલા ભુખરા રંગને બદલે તેના આખા શરીરે ખુલ્લો આસમાની ચમકવા લાગ્યો, ને એક દહાડો સવારે ઉગતા તડકામાં એ બેઠો હતો ત્યાં મેં એની ડોક ઘેરા વાદળી રંગે ચમકતી જોઇ.

પણ ભાઇને હજી ખરેખરૂં ઉડતાં આવડતું ન હતું. મેં તો મારાથી બની શકયો તેટલો તેને રસ્તે પાડયો; પણ એને ખરૂં ઉડતાં શીખવવાનું તો એનાં માબાપને માથે હતું. રોજ હું એને મારા કાંડા પર બેસાડતો ને પછી હાથને આમથી તેમ ઝુલાવતો. એટલે એને પોતાની બેઠક જાળવી રાખી સમતોલ રહેવા માટે પાંખો ફફડાવ્યા વિના છુટકો જ નહિ. આમ સતત ફફડાટથી એની પાંખોને કસરત મળતી. પરંતુ આથી વધારે હું શીખવી શકું એમ નહોતું.

પણ આખરે એના બાપે એ કામ ઉપાડી લીધું. એક દહાડો બપોરે ત્રણેક વાગ્યાને શુમારે નાનકડો ચિત્તુ અગાશીની પાળ પર બેઠો હતો; સવારનો ઠંડો પવન શમી જઇને નીતર્યા આકાશમાં શહેરનાં ઘરો અને દૂરદૂરની ક્ષિતિજ સુધીનો પ્રદેશ સ્પષ્ટ કાચ જેવો જણાતો હતો; અને જાણે એ બધાની લહેર માણતો હોય તેમ ચિત્તુ મોજથી તડકાની હૂંફ લેતો હતો. એવામાં તેનો બાપ ઉડી આવીને તેને પડખે બેઠો. થોડી વાર ટહુકા કરીને એણે વિચિત્ર નજરે પોતાના બચ્ચા તરફ જોયા કર્યું અને જાણે ઠપકો આપવા લાગ્યો કે 'આવડો મોટો ત્રણ મહીનાનો ઢઢ્ઢો થયો પણ હજી ઉડતાં ન આવડયું, આળસુના પીર! તું તે કબુતરનો જણ્યો છે કે કોઇ અબાશિયો!' પણ ચિત્તુ જેનું નામ! મોટા મહાનુભાવની પેઠે એ તો ગંભીર થઇને બેસી રહ્યો. ન બોલે, ન ચાલે. આથી એનો બાપ તો ખીજાઇને વધારે ને વધારે ફૂંજીફૂંજીને ઠપકો આપવા લાગ્યો. ચિત્તુ ધીમે રહીને સરકયો ને પાળ પર આગળ ચાલ્યો. પણ એનો બાપ એને કયાં છોડે એમ હતો. એ પણ ઠપકો દેતો ને પાંખોની ઝપટ મારતો તેની પાછળ પાછળ ચાલ્યો. આમ એનો બાપ ચિત્તુને ઠેઠ પાળના છેડા સુધી ધકેલી ગયો. અહીંથી ઉડીને નીચે જવા સિવાય બીજો કોઈ રસ્તો જ નહોતો. એવામાં એકાએક ચિત્તુના શરીર પર પોતાનું શરીર નાખીને તેણે એક ધીમો હડસેલો દીધો. ચિત્તુ લથડયો!

લથડીને માંડ અરધોક ફુટ નીચે ગયો હશે ત્યાં એની પાંખો આપમેળે ઉઘડી ગઈ અને તે ઉડયો. આહ! શો આનંદદાયક એ દેખાવ હતો! મને, ચિત્તુના બાપને ને ખુદ ચિત્તુને પણ. એની મા બપોરની ઉંઘથી પરવારીને નીચે પાણીની કુંડીમાં પડીપડી પીછાં સમારતી હતી, ત્યાંથી આ દેખાવ પર એની નજર પડી. નહાતી નહાતી એ ઉડીને પોતાના બચ્ચાને સાથ દેવા આવી. માદીકરો બંને દસેક મિનિટ સુધી ઘરના છાપરા પર ગોળ કુંડાળામાં ઉડયાં—ફર્યાં ને પછી પાછાં છાપરે જઇને બેઠાં. મા તો શાંતિથી પાંખો બીડીને બેસી ગઇ. પણ ચિત્તુનો દેખાવ જોવા જેવો હતો. એનું શરીર આખું જાણે ટાઢ ચડી હોય એમ કંપતું હતું અને એના પગ કયાંયે ઠરતા નહોતા. હાંફતો હાંફતો તે આમથી તેમ લથડતો હતો ને પાંખો ફફડાવતો હતો. આખરે એક બાજુના કરાને જઇ તે અથડાયો એટલે તેમે ટેકે તે સ્થિર થયો ને પાંખો બીડી. તેના માએ હળવેથી પાસે આવી પોતાનું શરીર લાકડા

બચ્ચાના શરીર જોડે દાબીને ઘસવા માંડ્યું. ને તે જાણે બે દહાડાનું બાળક હોય તેમ પાસામાં લઇ હૂંફ આપવા પ્રયત્ન કરવા લાગી.

ચિત્તુનો બાપ આ બધું અગાશીની પાળ પર રહ્યો રહ્યો ધ્યાનથી જોતો હતો. પોતાનું કામ બરોબર પાર પડી ગએલું જોઇ હળવેકથી ઉઠીને તે નહાવા ચાલ્યો ગયો.

ઈ. ત.

બાપુ ગોદર (અનુસંધાન પાછળ પાન ૫૩થી)

જ સાથે મીઠી સાકર જેવી સાખ અને નીચે તીખો ભાલો લઇ બેઠેલા કાળુમિયાં પણ યાદ આવ્યા. બાપુ ગોદરની મરજી થઇ પછી એ રોકાય ? સાગરીતને ઢંઢોળી મસલત કરી નિશ્ચય કરી દીધો, અને કેડમાં તલવાર ખોસી બંને જણ છાપરા બહાર નીકળ્યા.

બીજા પહોરનાં શિયાળિયાં બોલતાં હતાં. મીણ જેવી અંધારી રાત જામેલી. સામસામું મોઢું નહોતું સુજતું. બહાર નીકળી ગામને પાદરે આવતાં ફાઉડી બોલી. સાગરીતે કહ્યું, 'બાપુભાઇ અવશકન થાય સે.' બાપુને પણ સહેજ ડર લાગ્યો; પરંતુ બીજી જ પળે એને જીંદગીભરની પોતાની નીડરતા યાદ આવી. બાપુ ગોદર ફાઉડીથી બીએ તો એની જણનારી લાજે. એણે સાગરીતને તતડાવી નાખ્યો: 'વાણિયા બ્રાહ્મણને શકન ને અવશકન; આપણે તો કાંડાબળે જીવનારા. આપણને એવા બાયલાવેડા ન પરવડે.' કચવાતે મને સાગરીત આગળ થયો.

એએક વાગ્યાનો શુમાર થવા આવ્યો હશે. આંબા પાસે કાળુમિયાં ઘોરતો હતો. આજુબાજુ બધું શાંત હતું. બાપુએ માથેથી લાંબી પાઘડી ઉતારી એક છેડો સાગરીતના હાથમાં સોંપ્યો અને બીજો છેડો હાથમાં રાખી આંબાની ડાળી પકડી રજમાત્ર અવાજ કર્યા વિના ઉપર ચડ્યો. સફાઈ એટલી હતી કે મિયાંના કાન પણ સળવળવા દે એમ ન હતું. એ તો નીરાંતે ચપળ હાથે કેરી તોડી, બેવડી વાળેલી પાઘડીના પનામાં મુકી દેતો, એટલે કેરી ગબડતી ગબડતી સાગરીતના હાથમાંના છેડા પાસે જઇ ઉભી રહેતી; તે સાગરીત લઇને નીચે ઢગલો કરતો. આવી રીતે મણેક કેરી એણે ઉતારી! એક પાંદડું સરખું યે ખખડવા દીધા વિના એકાદ કેરી પણ તોડી જોઇ હોય તેને આ મણ કેરી ઉતારનાર ચોરની અજબ જેવી સફાઇનો ખ્યાલ આવે!

કેરી ઉતારવાનું કામ નિર્વિઘ્ને પાર પાડી એણે મનમાં ખોડિયાર માતાનો આભાર માન્યો. પરંતુ ખોડિયાર માતાએ આ વેળા ભક્તની સહાય કરવામાં સહેજ ઢીલ કરી. તાવવાળા બાપુનું નબળું શરીર આટલા શ્રમ પછી જરા લથડ્યું અને ઉતરતાં સહેજ પાંદડું ખખડ્યું. તરત નીચે સુતેલા મિયાં જાગી ઉઠ્યા. એ બધી વાત એકદમ કળી ગયા અને બાપુ ઉતરીને નાસે એ પહેલાં તો પડકાર કરી ભાલો લઈ ઉભા થઇ ગયા. બાપુને હવે આંધળિયાં કરી પડવા સિવાય બીજો આરો ન હતો. એણે ઉપરથી જ પડતું મુક્યું; પણ ઉઠીને નાસવા જતાં મિયાંના ભાલાએ એને પેટ સોંસરો વીંધી નાખ્યો.

પણ શરીર કરતાં જે પહેરણની વધારે દરકાર કરે એને આમ ભાલાનો ઘા પણ તરત મ્હાત શેનો કરી શકે ? ઝડપ દઇને એણે ભાલો પેટમાંથી ખેંચી કાઢી કેડે બાંધેલી ખાદીની મજબુત પછેડીથી પેટ સજ્જડ વીંટી લીધું અને તલવાર કાઢી મિયાંના ઉપર ઘા કર્યો. એ એક જ ઘાએ મિયાં પડ્યો. હવે નાઠા સિવાય બીજો રસ્તો ન હતો. કેરી પડતી મુકી બંને જણ ભાગ્યા.

ચોરીની વાત ઉઘાડી પડે તો આબરૂ ખરાબ થાય એમ ધારી એણે બહાનું કાઢ્યું. ઘર આગળ એક લાકડા ઉપર બેસી જઇ એણે બુમ પાડી કે 'ચક્કર આવવાથી પડી ગયો છું અને લાકડું પેટમાં પેસી ગયું છે.' ઘરનાં માણસ એને અંદર લઇ ગયાં. ખાટલે નાખી ટેભા લેવડાવી દવાદારૂ કર્યાં. પરંતુ તુટી એની બુટી નહિ. આખરે એનો આત્મા જીંદગી-ભરનાં સારાંનરસાં કામનો હિસાબ આપવા એના નાશવંત શરીરને સગાંઓના હાથમાં છોડી ચાલ્યો ગયો.


આજે એનો છોકરો તદ્દન નામર્દ હોવાથી ગામનું પાણી ભરી જીવન નિર્વાહ કરે છે.

સારાભાઇ મ. પટેલ



ગગન પંથે

જેમ મનુષ્યની આકાંક્ષાઓ વધી તેમ જગતની પ્રગતિ પણ વધી અને સાધનો પણ વધ્યાં એ જગતનો વ્યવહાર સુચવે છે. મનુષ્યને જુના જમાનામાં ઘોડા ઉપર બેસી મુસાફરી કરવાનું મન થયું; પણ એટલાથી સંતોષ ન થયો ત્યારે ચાર ઘોડાની ગાડી રચી. કાળ જતાં જીવતાં પ્રાણીની મદદ વગર મુસાફરી કરવાની આકાંક્ષા થતાં ટાઇસિકલ શોધાઇ અને તેના પરિણામે બાઇસિકલ પણ આવી. પેટ્રોલ ગૅસની શોધ થતાં મોટર શોધી કાઢવામાં આવી અને અત્યારે સર્વોત્તમ મોટરો જગતમાં દોડી રહી છે.




૭૬ ઉતારુઓને લઇ જર્મનીથી અમેરિકા સુધી ઉડેલું મોટું ગ્રાફ ઝેપેલિન

પહેલાં નદી અને દરિયા ઉપર નાવડામાં બેસી મુસાફરી થતી. પછી મનુષ્યની મનઃશક્તિ વધી એટલે મોટાં વહાણો બન્યાં અને વરાળની શક્તિની શોધ થતાં આજે મહાન સ્ટીમરો દરિયા પર ચાલી રહી છે.

આ રીતે જેમ મનુષ્યની આકાંક્ષાઓ વધી તેમ મનનું બળ પણ વધ્યું અને કલ્પનાશક્તિ પણ તીવ્ર થઇ. પંચમહાભૂતમાંના પૃથ્વી અને પાણી ઉપર એ રીતે કાબુ મેળવતા મનુષ્યને સંતોષ ન થયો. આકાશમાં પક્ષીની માફક આપણે પણ કેવી રીતે ઉડી શકીએ એ વિચાર મનુંષ્યનાં મનમાં ઉદ્‌ભવ્યો. છેક ૧૬મા સૈકામાં લીઓનાર્દોદા વિન્સી નામના એક ઈટાલિયન ગૃહસ્થે એવો વિચાર કર્યો કે પક્ષીના જેવી કૃત્રિમ પાંખો બનાવીને મનુષ્ય કદાચ હવામાં ઉડી શકે. તેથી તેણે તીડ પક્ષી જેવા આકારનાં નાનાં યંત્ર બનાવ્યાં. પણ એનું જ્ઞાન અને કાર્ય કરવાની પદ્ધતિ યોગ્ય માર્ગે દોરાએલાં ન હોવાથી એ દિશામાં એનાથી કંઇ પણ કામ થઈ શક્યું નહિ. તે વખતે વરાળ, પેટ્રોલ, ગૅસ, વગેરેમાં રહેલી શક્તિનો કોઇને બરાબર ખ્યાલ નહોતો એટલે વિન્સી કેમ ન ફાવ્યો એ આપણે સમજી શકીએ છીએ. પણ સાધનો પાસે ન હોવા છતાં ૪૦૦ વર્ષ પહેલાં વિન્સી આટલી પણ દૃષ્ટિ પહોંચાડી મથ્યો એ કંઇ ઓછું નથી.

આ નિષ્ફળ પ્રયત્ન છોડી દઇ વિમાનીઓએ બીજો માર્ગ લીધો. ૧૭૮૨માં મોન્ત ગૉલ્ફર નામના બે ફ્રેંચ ભાઇઓએ રાત્રે તાપણી કરતા કાગળની કોથળીઓ ધુમાડાથી ભરી જોતાં તેમને માલુમ પડ્યું કે એ કોથળીઓ જમીનથી એક ફુટ ઉંચે ચડી. આટલાથી તેમને સંતોષ ન થયો. એમને એમ વિચાર આવ્યો કે જો એ ધુમાડાને ગરમી આપવામાં આવે તો ગરમ વસ્તુ ઠંડી વસ્તુ કરતાં હલકી હોવાથી વધારે ઉંચે જઇ શકે. તેથી કોથળીઓ ભરી નીચે દેવતાની નાની રકાબી મુકી તો એમણે જોયું કે ઠેઠ છાપરા સુધી કોથળીઓ ઉડવા માંડી; ને પછી તો સો ફુટ જેટલી પણ ઉંચે ઉડી શકી. પાછળથી તો એ બે ભાઇઓએ ગરમ હવાનો પણ ઉપયોગ કર્યો.

તે પછી ઇ. સ. ૧૭૬૬માં કૅવૅન્ડિશ નામના અંગ્રેજ વિજ્ઞાનીએ હાઇડ્રોજન નામનો વાયુ શોધી કાઢ્યો અને પુરવાર કરી આપ્યું કે એ વાયુ હવા કરતાં ૧૪ ગણો હલકો છે. એ વાયુનો પણ એ ભાઇઓએ ઉપયોગ કર્યો, વરાળનો પણ ઉપયોગ કર્યો; પણ એ બધા પ્રયત્ન ધાર્યા પ્રમાણે સફળ ન થયા. તેમને અનેક મુશ્કેલીઓ નડી. હવા ઠંડી થઈ જતી કે વાયુ નીકળી જતો. અંતે એ ભાઇઓએ પારીસના લોકોની મદદથી ૩૫ ફુટ પહોળું ગોળાકાર એક બલુન બનાવ્યું અને લોકો જોઇને ખુશ થાય તેથી એની ઉપર સરસ ચિત્રકામ પણ કરવામાં આવ્યું. એ બલુનની નીચે એક કંડિયો લટકાવવામાં આવ્યો, જેમાં સગડી રાખવામાં આવી. પછી એ બલુનમાં ગરમ હવા ભરી. પણ એ બે ભાઇઓને શંકા થઈ કે જાતે હવામાં ઉડવાથી કદાચ



વરાળથી ચાલતું જિફાર્ડનું બલુન

પોતાના જીવને જોખમ થશે. તેથી એ કંડિયામાં એક ઘેટું એક કુકડો અને એક બતક મુકવામાં આવ્યાં. આ પ્રયોગ ૫ મી જુન ૧૭૮૭માં થયો અને બલુન ૬૦૦૦ ફુટ ઉંચે ઉડયું. ત્યાં અંદર દેવતા ઓલવાઈ જવાથી સહીસલામત રીતે નીચે ઉતરી ગયું. આ દશ્ય જોવા માટે રાજા લુઈ તેના દરબારીઓ સાથે આવ્યો હતો લોકો એમ માનતા કે બલુનમાંનાં પ્રાણીઓ પાછા નહિ આવે; કેટલાક એમ માનતા કે ઉપર હવા નહિ હોય તેથી એ પ્રાણીઓ માર્યાં જશે. કેટલાકને વળી ભય પેઠેલો કે ત્યાં એવી ઠંડી લાગશે કે એ પ્રાણીઓ બીચારાં ઠરી જશે. પણ એમાંનું કંઈ પણ બન્યું નહિ. ઉલટું કુકડો પોતાના રાજવંશી ઠાઠથી આમતેમ ઘુમવા લાગ્યો, અને બતક પાણીની પાળ ઉપર બેસી જીવડાં અને માછલીની તપાસ કરવા બેસી ગઈ.


આમ આ પ્રયત્ન સફળ થવાથી આ ભાઇઓમાં કંઇક હીમત આવી. પરંતુ હજી પણ તેમનામાં જાતે ઉડવાની હીમત નહોતી. અંતે તેમણે બે ગુનેહગારોને બલુનમાં ઉડાડવાનો વિચાર કર્યો. ઉડવામાં સાહસ ઘણું હતું; બલુન કયે સમયે ફાટી જાય તેની કલ્પના નહોતી. પણ કદાચ આ પહેલા પ્રયત્નમાં આવા ગુનેહગારોને જશ મળે એ ખોટું એવો વિચાર રોઝીઅર નામના ફ્રેંચ વિમાનીને થયો અને એ માન જાતે ખાટવાએ તૈયાર થયો.

વાર્નીશ કરેલા રેશમનું નવું બલુન તૈયાર થયું અને તેને એક લાંબા દોરડાથી બાંધી રાખવામાં આવ્યું; કારણકે હજી પણ ઘણી શંકા મનમાં રહી ગઇ હતી. આમાં તે ફક્ત ૮૪ ફુટ જ ઉડી શકયો. આટલાથી એને સંતોષ ન થયો. તેથી ૧૭૮૩માં માર્કિવસ અરલૅંડરને સાથે લઇને તે દોરડા વગર ઉડયો. આ પ્રયોગ જોવા પારીસની આસપાસ સંખ્યાબંધ લોકો એકઠાં થયાં. રોઝીઅર પચીસ મિનિટ સુધી હવામાં રહીને પાંચ માઇલ સુધી ઉંચે ઉડી શકયો. વચ્ચે ઘણી વાર આગ લાગી પણ આ બે જણે ઓલવી નાખી.

આ પ્રકારના બલુનની રચના બહુ વિચિત્ર હતી અને તેને અંગે સંકટો પણ બહુ હતાં. એટલે વિજ્ઞાનીઓએ બીજી દિશામાં પ્રગતિ કરી. ૧૭૬૬માં કૅવેંન્ડિશે હાઇડ્રોજન નામનો વાયુ શોધ્યો એટલે ડૉ. બ્લેક નામના વિજ્ઞાનીએ સુચવ્યું કે આ વાયુ બલુન ભરવામાં ઘણો કામ લાગે. ચાર્લ્સ નામના ફ્રેંચ વિજ્ઞાનીએ ૧૭૮૩ના ડિસેમ્બરમાં એક રેશમનું બલુન ટર્પેન્ટાઇન અને ઇન્ડિયા રબરથી વાર્નીશ કરી બનાવ્યું અને અંદર હાઇડ્રોજન ભર્યો. તેમાં એ ૩૦૦૦ ફુટ ઉંચે ઉડયો. તે વખતે થર્મોમીટરમાં ૯° સેન્ટીગ્રેડ ઉષ્ણતા હતી. હવા એવી સુકી હતી કે કાગળો જાણે બળી ગયા હોય એવા જણાતા. ઓછી હવાને લીધે શ્વાસોશ્વાસ પણ ઝડપથી થતો અને નાડીના ધબકારા પણ વધીને છેક ૧૦૨ સુધી પહોંચેલા.

આ બલુન ઉડયું તે પહેલાં ફ્રાંસના લોકોની અજ્ઞાનતા કેવી હતી તેનો એક રમુજી દાખલો મળી આવે છે. જયારે પહેલવહેલું હાઇડ્રોજનથી ભરેલું એવું બલુન માણસ વગર ઉડયું અને એક ખેતરમાં ઉતરી આવ્યું ત્યારે ત્યાંના ખેડુતો એને રાક્ષસ માનીને બીના, અને નાઠા. એમાંના કેટલાકે એના ઉપર લાકડીના અને પત્થરના પ્રહાર કરવા માંડયા. એક ખેડુતે તો બંદુક ફોડીને તેને ફાડી નાખ્યું. પરિણામે જયારે તેથી એ બલુન દબાઈ ગયું ત્યારે એણે તો એમ જ માની લીધું કે રાક્ષસ મરાયો. અંતે ફ્રાંસની સરકારે આવા બનાવો ન બને એ હેતુથી બલુનમાં કોઇ પણ પ્રકારનો જીવ નથી અને તે હાનિકારક વસ્તુ નથી એવો ઢંઢેરો બહાર પાડીને ખબર આપી કે બીજાં એવાં બલુનો પણ ઉડશે. માટે કોઇએ ડરવું નહિ.

ફ્રાંસની આવી પ્રગતિ જોઇ ઈટાલી પણ તૈયાર થયું અને લુનાર્ડી નામનો વિમાની ૧૭૮૪માં લંડનમાં ઉડયો. તે વખતે ત્યાંના લોકો આ નવી રચના સ્વીકારવા તૈયાર નહોતા તેથી લુનાર્ડી સામે લોકોનો વિરોધ બહુ હતો. પણ ધીમેધીમે એ વિરોધ શમ્યો અને જે દિવસે એ બલુન ઉડનાર હતું તે દિવસે એક લાખ લોકો તે જોવા એકઠા થયા ખુદ પ્રીન્સ ઑફ વેલ્સ પણ એ પ્રેક્ષકવર્ગમાં હતો. જયારે બલુન ઉડયું ત્યારે તો રાજા ત્રીજો જયોર્જ પોતાની કાઉન્સિલ સાથે મસલત ચલાવતો હતો. એને જાણ થઇ કે લુનાર્ડી



જાણીતું જંગી ઝેપેલિન R 34

હવામાં ઉડયો ત્યારે સભામાંથી ઉઠતાં બોલ્યો: 'ગૃહસ્થો, આપણી સભા તો બીજી વાર થશે પણ ગરીબ બીચારા લુનાર્ડીને આપણે બીજી વાર જોઇ શકવાના નથી!' આટલી શંકા રાજાના મનમાં હતી તો બીજાના મનમાં કેમ ન હોય?

બીજે જ વર્ષે બ્લેન્શાઉ નામના ફ્રેંચ વિમાનીએ બલુનમાં બેસી અંગ્રેજી ખાડી ઓળંગી અને ફ્રાંસના કિનારાથી ઇંગ્લંડ પહોંચવા રોઝીઅરે બીડું ઝડપ્યું. પણ આ મુસાફરી પ્રાણઘાતક નીવડી. બલુન ઉડયું ત્યારે તો લોકોએ તેને વધાવી લીધું પણ ઉંચે જતાં એમાંના હાઇડ્રોજનને ગરમી લાગવાથી બલુન બળવા માંડયું. લોકોના શ્વાસ થંભી ગયા અને રોઝીઅર માર્યો ગયો.

ટેસુ નામના બીજા ફ્રેંચ વિમાનીએ ફ્રાંસની પ્રદક્ષિણા કરવાનું સાહસ આરંભ્યું. બલુનમાં તે ૩૦૦૦ ફુટ ઉંચે ઉડયો અને આખા ફ્રાંસ દેશની પ્રદક્ષિણા કરી. પણ પાસે ભાર ખુટી જવાથી અંતે એક ખેતરમાં ઉતર્યો. ખેડુતો આ વિચિત્ર વસ્તુ જોઇ વિસ્મય પામ્યા અને બલુનને તેના દોરડાથી પકડી ગામમાં જ ખેંચી ગયા. ટેસુએ અક્કલ વાપરી દોરડાં કાપી નાખ્યાં અને હવામાં ઉડી ગયો. પણ કમનસીબે તેને એક જબરૂં વિઘ્ન નડયું. ઉપર ભારે વાવાઝોડું થયું. વિજળીના ચમકારા થવા માંડયા; કરા અને બરફનાં ઝાંપટાંએ તેને ઘેરી લીધો. છતાં યે બે ત્રણ કલાક સુધી આ બહાદુર વિમાની હવામાં રહ્યો; રાત આકાશમાં ગાળી અને સવાર થતાં પારીસથી ૬૩ માઇલ દૂર ઉતર્યો.

આ બધા પ્રયાસો ફ્રાંસમાં થયા. તે બધાં બલુ-



માંગોલ્ફરે ઉડાડેલું પહેલું બલુન

નોમાં હાઇડ્રોજન જ ભરવામાં આવતો. પણ ગ્રીન નામના અંગ્રેજ વિમાનીને સુઝયું કે હાઇડ્રોજન ઘણો ભયકારક વાયુ છે માટે એને બદલે જો કોયલામાંથી બનતો કોલ–ગૅસ વાપરવામાં આવે તો હવામાં મુશ્કેલી વગર ઉડી શકાય. હવે આ કોલ–ગૅસ હવા કરતાં લગભગ $\frac{1}{2}$ ભારે છે એટલે સૌને શંકા થઇ કે કોલ–ગૅસની મદદથી હાઇડ્રોજન જેટલું ઉડી નહિ શકાય. પણ ગ્રીન તો ચોક્કસ એમ માનતો કે પોતાનો સિદ્ધાંત ખરો છે અને તે પુરવાર કરવા માટે રેશમનું ૮૦ ફુટ ઉંચું બલુન બનાવ્યું અને એની નીચેના કંડિયામાં બેસવા માટે ૧૫ ઉતારૂ જેટલી જગ્યા રાખી. એનો વિચાર તો એવો હતો કે ઇંગ્લંડથી ઉપડી પારીસના પ્રદર્શનમાં બતાવવા માટે એ બલુનમાં ઉડવું. ૧૮૩૬ના નવેમ્બરમાં તે ઉડયો. પણ પવન સખત નડયો. એક કલાકમાં તો કેલે ઉપર આવી પહોંચ્યા, પણ પછી હવામાં તણાયા. ધુમસની અંદર તેઓ ક્યાં જતા હતા તે ખબર જ ન પડી. ધુમસ જતું રહ્યું ત્યારે તો તેમને માલુમ પડયું કે તેઓ ઠેઠ જર્મનીમાં આવી પહોંચ્યા હતા! આમ પાંચસો માઈલની મુસાફરી એણે અઢાર કલાકમાં પુરી કરી.

કોઇ પણ અંગ્રેજ વિમાનીએ ગ્રીન જેવા સાહસિક પ્રયાસો આદર્યા નથી. એમ કહેવાય છે કે ગ્રીન હવામાં લગભગ એક હજાર વાર ઉડયો હશે. એ તો સાથે

ઘણી વાર એને પ્રસંગ આવેલો. નોકરીમાંથી નિવૃત્ત થયો ત્યારે એણે બલુન સંબંધે વધારે વિચાર કર્યો અને દેશને માટે કંઇક કરવું એવો તેણે નિશ્ચય કર્યો. એણે જ્યારે મોટું દોરી શકાય એવું બલુન તૈયાર કરવાનો વિચાર પ્રથમ જાહેર કર્યો ત્યારે લોકો હસવા લાગ્યા. એ ઘરડો માણસ આવું કામ કરી શકશે એવો વિચાર પણ માનવામાં ન આવ્યો. લોકોએ કહ્યું, 'એનું મગજ ઠેકાણે નથી.' પણ કાઉન્ટ એમ હીમત હાર્યો નહિ. કારણકે જીવનમાં તેને શ્રદ્ધા હતી. મુશ્કેલીઓ અનેક હતી. બીજો કોઈ પણ માણસ નાસીપાસ થઇ જાત એટલી વિટંબણા અને નુકસાનો એને વેઠવાં પડયાં. પોતે ગરીબ હતો; સરકારની બીલકુલ મદદ નહોતી; આખા સાહિત્યનો તેને અભ્યાસ કરવાનો હતો; એના બલુન માટે એક મોટું કારખાનું જોઇએ; કામ કરનારાઓ નાસી જાય, વિલંબ કરે, માન માગે; સાધનોની મુશ્કેલી; લોકોનો વિરોધ પણ એણે હારી ખાધું નહિ. શરૂઆતનો ગંજાવર ખર્ચ ઉઠાવવા માટે એણે પોતાની ૩૦,૦૦૦ પાઉન્ડની મિલકત વેચી નાખી અને એ એક જ કામે લાગ્યો. અંતે તેણે જલદીથી હવા કાપી શકે એવું ચીરૂટ જેવા આકારનું ઝેપલીન બનાવ્યું. રેશમને બદલે કોઈ પણ હલકી ધાતુમાં એને એલ્યુમીનિયમ પસંદ આવી અને અંદર પેટ્રોલ એન્જિન નીચે લટકાવ્યું. બે વર્ષની સતત મહેનત પછી ૧૯૦૦ના ઑક્ટોબરમાં કોન્સ્ટન્સ તળાવ પર એ ઉડયો અને સહીસલામત ઉતર્યો. પણ બીજી વારની મુસાફરી ઘાતક નીવડી. એનું આખું મશિન ભાંગી ગયું. પણ શોક કરવાને બદલે તેણે હીમતથી કામ આગળ ચલાવ્યું. જેટલું તેનું સાહસ હતું તેટલું પૈસાનું સાધન નહોતું. પણ અંતે મિત્રો મદદે આવ્યા અને બીજું ઝેપલીન બનાવ્યું.

જર્મન સરકાર કાઉન્ટની પ્રવૃત્તિની બરાબર નિરીક્ષા કરતી હતી. છેવટે કૈસરના આશ્રય હેઠળ ત્રણ લાખ પાઉન્ડ જેટલું એક ફંડ એકઠું કરવામાં આવ્યું અને તેની મદદથી કોન્સ્ટન્સ તળાવ ઉપર એક મોટું કારખાનું કાઢવામાં આવ્યું. તેમાં ઝેપલીન નં. ૪ નામનું એક ઝેપલીન બનાવ્યું.

લંબાઇમાં તે ૪૮૦ ફુટ હતું; તેની પહોળાઈ ૪૮ ફુટ હતું; અંદર ૪,૮૦,૦૦૦ ઘન ફુટ હાઇડ્રોજન સમાઈ શકતો અને વજન ઉંચકવાની તેની શક્તિ ૩૪,૦૦૦ પાઉન્ડની હતી. એની અંદર ૧૮ વિભાગ કરવામાં આવ્યા હતા અને તે દરેક વિભાગમાં હાઇડ્રોજન ભરવામાં આવ્યો હતો. અઢાર ભાગ કરવાનું કારણ એ હતું કે એક ભાગને ઇજા થાય તો બીજા ભાગોની મદદથી તે હવામાં રહી શકે. વિમાનીને માટે એક કે બે કાર ઝેપલીન સાથે જોડવામાં આવે છે જેમાં એન્જિન અને સુકાન હોય છે તથા તેની મદદથી તે ધારેલી દિશામાં જઇ શકે.

કાઉન્ટ ઝેપલીનના આ પ્રયાસોમાં કેટલાંક તો એવાં સંકટો ને નુકશાન થયાં છે કે કાઉન્ટ એકલો જ તે સહન કરી શકે. ૧૯૧૩ની સાલમાં બે ગંભીર આફતો આવી. તેનાં બે સારામાં સારાં ઝેપલીનો ઝેપલીન L 1 અને L 2 તદ્દન નાશ પામ્યાં. તે સમયે જર્મન લોકોને ઝેપલીન માટે ઘણો ગર્વ હતો; તેઓ માનતા કે તેમનો વિમાનનો કાફલો દુનિયામાં શ્રેષ્ઠ થશે. તેથી આખી જર્મન પ્રજાને કુદરતના આ કોપથી ઘણો આઘાત થયો. ઉત્તરસમુદ્રમાં જર્મનીના દરિયાઇ કાફલાની કવાયત હતી તે વખતે ઝેપલીન L 1 પણ સાથે હતું. કૅપ્ટન હેન એ ઝેપલીનનો વિમાની હતો. એવામાં આકાશ અચાનક સખ્ત ઘેરાયું. વાયવ્ય ખુણામાં વાદળાં ઘણાં ઘેરાયાં અને કૅપ્ટનને પૂર્વ દિશા તરફ હંકારવું ઠીક લાગ્યું. પણ કુદરતનો કોપ એવો થયો કે વાયવ્ય ખુણાને બદલે અગ્નિમાંથી પવન ફુંકાવા માંડયો જેથી જે દિશામાં વાદળાં ઘેરાયાં હતાં તે જ દિશામાં ઝેપલીન તણાયું. ૫૨૫ ફુટ લાંબુ આ ઝેપલીન કુદરત સાથે લડતમાં પડ્યું, પણ ફુટબૉલની માફક આમતેમ કુદવા માંડયું; એનું સુકાન બગડી ગયું અને પવનના જોરથી તે પાણીમાં અથડાઈ નાશ પામ્યું. અરધા કલાક સુધી એ ઝેપલીનના ભાગો પાણીમાં તર્યાં; અંદર બેઠેલાં માણસોએ ચિંતાથી રાહ જોઇ; તારના સંદેશા મોકલ્યા; અને બે સ્ટીમરો આવી પહોંચી. પણ એ સ્ટીમરો આવે તે પહેલાં ૧૩ માણસો ડુબી ગયાં; માત્ર સાત બચવા પામ્યા. એક તો બીચારો આ બનાવની ધાસ્તીથી મરણ પામ્યો.

આ બનાવ પછી એક જ મહીનામાં બીજો ગંભીર અકસ્માત થયો. ૧૭મી ઑક્ટોબરે ઝેપલીન L 2 ઉડયું. તે સમયે આ ઝેપલીન સૌથી મોટું અને સૌથી

વધારે ઝડપવાળું ગણાતું. જે દિવસે ઝેપલીન L I ઉત્તરસમુદ્રમાં નાશ પામ્યું તે જ દિવસે આ ઝેપલીન કારખાનામાંથી કાઢવામાં આવ્યું. એ ઉડીને બર્લિન પહોંચ્યું ત્યાં સુધી કંઇ પણ અડચણ ન આવી. ૨૭ લશ્કરી અમલદારો અને એક મુસાફરને લઇને એ ઝેપલીન ઉડેલું. હવા શાંત હતી. પવન બહુ નહોતો. આકાશ થોડું ઘેરાએલું હતું પણ વેરાઈ જશે એમ ભાસતું. ૬૦૦–૭૦૦ ફુટ ઉંચે ગયું એટલામાં તો આગલી કારમાંથી ધુમાડા નીકળવા માંડ્યા અને થોડા સમયમાં તો મોટો ભડાકો થયો, જેનો અવાજ માઇલો સુધી સંભળાયો અને આસપાસનાં ગામનાં ઘરોની કાચની બારીઓ પણ એ અવાજથી ભાંગી ગઇ. અંદર બેઠેલાં માણસો જીવ બચાવવા કુદી પડ્યાં, પરંતુ આખું ઝેપલીન તેમના ઉપર પડ્યું અને બધા કચરાઇને મરણ પામ્યા. આ બધો બનાવ ફક્ત પાંચ જ મિનિટમાં બન્યો. ઝેપલીન જમીન ઉપરથી ઉડ્યું ત્યારે જે લોકોએ એને વધાવી લીધેલું તેમને જ પાંચ મિનિટમાં આ બનાવ જોઇ કમકમાટી થઈ. બંબાવાળાઓ આવી પહોંચ્યા અને આગ ઓલવી નાખી. ફક્ત એક જ માણસ બૅરન બ્રુઅલ અંદરથી જીવતી અવસ્થામાં કાઢવામાં આવ્યો. પણ તેને અત્યંત દરદ થતું હતું. તેના હાથપગ ભાંગી ગયા હતા અને ચામડી બધી બળી ગઇ હતી. જ્યારે તેને કાઢવામાં આવ્યો ત્યારે 'મને મારી નાખો ! મને મારી નાખો. મારાથી આ દુઃખ નથી ખમાતું' એવી બુમો તે પાડતો હતો. આઠ કલાક આવી અવસ્થામાં ઑસ્પિટલમાં કાઢ્યા અને અંતે એ મરણ પામ્યો. બીજા જે માણસો મૃત અવસ્થામાં હતાં તેમની દશા એવી હતી કે જોનારને કમકમાટી જ થાય. કોઇનો પગ ન હોય તો કોઇનો હાથ ન હોય. કોઇનું માથું ભાંગી ગયું હોય તો કોઇનું જડબું દબાઈ ગયું હોય. જે ઝેપલીન માટે આટલો ગર્વ હતો તેની ઇશ્વરના કોપથી પાંચ જ મિનિટમાં આ દશા થઈ. દૈવી શક્તિ આગળ માનુષી શક્તિનું કેટલું પ્રમાણ છે તે આવા દાખલાઓ પુરા પાડે છે.

આ આગ લાગવાનું કારણ શું હતું તે કોઈ પણ કહી શકતું નથી. કેટલાક કહે છે કે એ ઝેપલીનમાં જે વાયરલેસ યંત્ર હતું તેને લીધે વિજળીના તણખાથી



ગ્રાફ ઝેપલિનનો બનાવનાર ડૉ. હ્યુગો એકનર

આ થવા પામ્યું. ગમે તે હોય, પણ કાઉન્ટ ઝેપલીનને આ બનાવથી સખ્ત ફટકો લાગ્યો. એ મગરૂરીથી કહેતો કે ઝેપલીન L I જ્યાં સુધી ઉત્તર સમુદ્રમાં નાશ ન પામ્યું ત્યાં સુધી ઘણી વાર હવામાં મુસાફરી કર્યા છતાં એક પણ જીંદગીનું જોખમ નથી લાગ્યું, અને આ તો બે મહીનામાં જ બહાદુર વિમાનીઓએ કુદરત સાથે બાથ ભીડતાં જીવ ખોયો. પણ જર્મન પ્રજા, ત્યાંની સરકાર કે કાઉન્ટ ઝેપલીન કોઈ તેથી હીમત હારે એવા નહોતા. તરત જ હંસા નામનું બીજું ઝેપલીન બનાવ્યું અને બર્લીન ઉપર જ તેને ઉડાડવામાં આવ્યું જેથી લોકોની એમાં શ્રદ્ધા ઓછી ન થાય.

કાઉન્ટને જર્મની માટે ઘણો જ પ્રેમ હતો. પરદેશથી ઝેપલીનના સર્વ હક્ક સ્વાધીન કરી દેવા માટે ઘણી માંગણીઓ આવવા છતાં પોતાના દેશને ખાતર કાઉન્ટે પોતાની માલીકી કાયમ રાખી. એની રચનાની પણ પરદેશના લોકોને માહિતી ન મળે એ હેતુથી બધાં માણસો પાસે એ વસ્તુ ખાનગી રાખવાની પ્રતિજ્ઞા લેવડાવી. છતાં યે ફ્રાંસ અંદરની કેટલીક માહિતી મેળવી શક્યું. ૧૯૧૨ની સાલમાં એક ઝેપલીનને લુનેવીલેમાં ઉતરવું પડેલું જે વખતે ફ્રેંચ સરકારે ચોવીસ કલાક તેને રોકી રાખ્યું અને તે દરમિયાન હોશિયાર માણસોને તેનું નિરીક્ષણ કરવા રોક્યા.

ઝેપલીનનો સિદ્ધાંત બલુનના સિદ્ધાંત જેવો જ

છે. જેટલી હવા તે ખસેડી શકે તેનું વજન ઝેપલીનના વજન જેટલું થવું જોઇએ. અત્યારે તો મોટામાં મોટું ઝેપલીન કાર્ડિંગ્ટન (ઇંગ્લંડ)માં બનાવવામાં આવ્યું છે જેમાં ૫૦ લાખ ઘન ફુટ હવા સમાઇ શકે છે અને તેનું નામ R 101 રાખવામાં આવ્યું છે. તેમાં ૧૫૫ ટન વજન ઉચકવાની શક્તિ છે અને ૭૦–૮૦ માઇલની ઝડપે દોડી શકે છે. એ પ્રમાણે દરેક દેશમાં આવાં ઝેપલીન બનાવવાની હરીફાઇ ચાલી રહી છે.

લડાઈ દરમિયાન ઝેપલીનોએ ઇંગ્લંડમાં ત્રાસ વર્તાવ્યો હતો. ઍન્ટવર્પ ઉપર પણ ગરીબ બેલ્જીઅનો પર જર્મન લોકોએ બૉમ્બ નાખ્યા હતા અને નિર્દોષ માણસો માર્યા ગયાં હતાં. પહેલાં તો ઝેપલીનની અંદર જ તોપ ગોઠવવાનો વિચાર જર્મનોને થયો હતો, પણ તેમાં ઘણા અકસ્માત થવાનો સંભવ હોવાથી એ વિચાર છોડી દેવામાં આવ્યો હતો.

લડાઇ પછી એક મોટું ઝેપલીન જર્મનીથી અમેરિકા સુધી ઉડ્યું હતું અને તેમાં ૭૬ ઉતારૂઓ પણ હતા. તેનું નામ આર ઝેપલિન હતું અને લડાઈ પછી એ પહેલી વાર ઉડતું હોવાથી જર્મનીમાં અને અમેરિકામાં એનો ઘણો સત્કાર થયો હતો તથા સંખ્યાબંધ ટોળાંઓ એનું નિરીક્ષણ કરવા એકઠાં થયાં હતાં. એ ઝેપલીન હવે આર્કટિક સમુદ્રમાં શોધ કરવા માટે ઉડનાર છે એવી ખબર આવી છે. **ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોર**

છેલ્લું સાટું

(ઉપેંદ્રવજ્ર)

હું એકદા સુંદર કો પ્રભાતે
અટંત માર્ગે ઉચરી ઉઠ્યો કે,
'આવો અરે ઓ! અહીં કોઈ આવો
જીતી લઇ ભૃત્ય મને બનાવો.'
ત્યાં હસ્તમાંહી તલવાર ધારી
રથે ચડીને નૃપ એક આવી
વદ્યા ગ્રહીને કર બેઉ મારા:
'જીતું તને ભુજબળે જ હાવાં.'
ન કાંઇ કિંતુ નૃપનું વળ્યું જ્યાં,
વ્હીલાયું મોં, ગેહ ભણી વળ્યા ત્યાં.

બીજા પ્રસંગે નીકળ્યો બપોરે,
ગૃહો બધાં બંધ જ ઉકળાટે;
ભમ્યા કર્યું મેં ગલીકુંચી માંહી
મળ્યો મને કો જન વૃદ્ધ ત્યાંહી.
તેની કને સોનું હતું ઘણેરૂં
તેથી જ તેણે મન સાથ ઇચ્છયું:
'સુવર્ણ આપી ખરીદીશ તુંને,
ન સાટું કિંતુ મુજને ગમ્યું એ.

સંધ્યા સમે કોઇ બીજા પ્રસંગે
ગૃહે થકી હું નીકળ્યો જ કોડે;
ઉદ્યાનની વાડ ફુલે ભરી'તી
સુગંધ તેની સઘળે વહી'તી.
કુમારિકા સુંદર ત્યાંહી આવી
અને વદી સસ્મિત કુંળી વાણી:
'જીતું તને હું મૃદુ હાસ્યથી જ.'
પરંતુ તે નિષ્ફળ નીવડ્યું જ.
ફિક્કું પડ્યું એ મૃદુ હાસ્ય તેનું
અશ્રુ તણું પૂર જ ત્યાહી રેલ્યું;
અનાદરે ખિન્ન થઇ અકેલી
અંધારમાં લુપ્ત જ થૈ ગએલી.

જતાં વળી અન્ય જ કો પ્રસંગે
સમુદ્રકાંઠે ફરવા નિમિત્તે,
સુવર્ણ શાં કોમળ કિરણો ત્યાં
ઢળ્યાં હતાં વાલુ વિષે રવિનાં.
ઘૂ ઘૂ કરી ઘુઘવતો સમુદ્ર
નિહાળ્યું ત્યાં અર્ભક નાનું એક;
શુક્તિ લઇને રમતું હતું એ
ન ભીતિને લેખવતું હતું એ.
જણાયું એ ઓળખતું મને, ને
વધ્યું ધામેથી 'ખરીદીશ તુંને;
દઇશ ના કાંઇ જ તેહ માટે.'
પ્રસન્ન હૈયું થયું એહ સાટે.

(અનુષ્ટુપ)

વેચાયો બાળને બાર, તે દહાડાથી અહો હું તો
છતાં આશ્ચર્ય કે પુરો આત્મતંત્ર બની રહ્યો.

(રવિબાબુની એક કૃતિ ઉપરથી) 'બિલિબિલ્લ'

નવાં ભક્તિકાવ્યો

કેટલાક માને છે કે કવિઓ ને કલાકારો તો બેફિકરા થઇ ફર્યા કરે તો જ તેમને કલાદેવી વરે. એ તો ફુલનો રોપ કહેવાય. એમને તડકો ટાઢ કે તોફાન ન લાગવા દેવાં જોઇએ. દુનિયાએ એમની ખુબ પરવા અને જતન રાખવાં જોઇએ.

મધુર આર્દ્ર ભાવોભરી કવિતાની ગુજરાતી સાહિત્યમાં રસભર રેલ રેલવનારા અને આપણી સાથે આપણા યુગનું જીવન જીવી રહેલા કવિશ્રી અરદેશર ફરામજી ખબરદારને મળવાની તક જેને મળે છે તેને ઉપરની માન્યતાનો જરા પણ દેખાવ નજરે નહિ ચડે.

મદ્રાસની હાઇકોર્ટ સામે આર. પટેલની કંપની નામની સાઇકલો અને મોટરકારના સામાનની એક દુકાન છે. તેની મોટી ઑફિસ પાર્કટાઉનમાં એક મોટા મકાનમાં આવેલી છે. ત્યાં અગિયારથી પાંચ વાગ્યા સુધી ગમે ત્યારે જઇને ઑફિસના વડાને મળવાની ઈચ્છા કરો કે એક મોટા ટેબલની સામે તરત તમને ખુરશી મળશે અને ઑફિસના કામના ગંજની વચ્ચે દટાએલા એક ઉંચા કદાવર પહેલવાની શરીરનો વિશાળ પંજો તમારા લંબાવેલા હાથને પકડી ખુબ ગરમી આપશે. એક ક્ષણમાં દિલ્લગીભર્યું ખુલ્લું હાસ્ય વર્ષાવતું એ મોં તમને બધી જાતના સંકોચથી છુટા કરી પોતાના આકર્ષણમાં બાંધી લેશે. એ જ ગુજરાતના કવિ અરદેશર ફરામજી ખબરદાર.

પણ ઑફિસમાં તમારા માટે કાવ્યના કબાટ નહિ ઉઘડે. ઑફિસના દરેકેદરેક કામમાં તેમની હાજરીની એટલી બધી જરૂર હોય છે કે તેમનાથી આરામની ખાતર થોડા દિવસ બહાર જવાનું પણ અશક્ય બને છે. પણ રવિવારે ધંધાને ઑફિસના તાળા પાછળ પુરી રાખી ઘર આગળ તે પોતાના નિત્યના ખંડમાં મિત્રો, સ્નેહીઓ અને મુલાકાતે આવનારની મહેફિલ જમાવે છે. ગમે તે પાયરીનો માણસ એમને ત્યાં જાય,—વિદ્વાન, વિદ્યાર્થી કે કોઇપણ સજ્જન ગુજરાતી એમના આદર અને ભાવનો અધિકારી બને છે. અને પછી વાતો, વિનોદ કે ચર્ચા માટે વખતનો હિસાબ રખાતો નથી.

કવિઓ અમરતાના ઉપાસકો છે. અમરતામાં તેમને શ્રદ્ધા ન હોત તો પ્રભુ અને પ્રિયજનોનાં ગીત કદિ ન સરજાત. સ્વર્ગસ્થ સહધર્મચારિણીના સ્મરણમાં રચાએલું રસકાવ્ય 'કલિકા' કવિ ખબરદારે બે વર્ષ ઉપર જ આપણને આપ્યું છે. પ્રિયને સંભારતાં કવિએ પ્રભુતામાં પગલાં માંડયાં અને પોતાના આત્માની એ સ્થિતિ કવિતામાં સેરવી દીધી. આ વર્ષે બહાર પડેલો એ કવિતાઓનો સંગ્રહ 'ભજનિકા' વાંચતાં એ વાત સમજાય છે. કેટલાં યે વર્ષોથી અર્ધાંગનાનો વિયોગ હતો; અને તેમાં શારીરિક દર્દ ને અસહ્ય દુઃખ ભળ્યું. માનસિક અને શારીરિક વેદનાની આ સ્થિતિ કોઇને પણ બેજાર બનાવી દે. હસતી મુદ્રા રાખી વાત કરતા કવિ ખબરદારના એ હાસ્યની પાછળ રહેલી તેમની શારીરિક અસહાયતા અને માનસિક દર્દ,



અરદેશર ફ. ખબરદાર

જોનાર તરત સમજી શકે છે. એક મોટી આરામ ખુરશી ઉપર તેમને ગોઠવાઈ જ રહેવું પડે છે. જરૂરનાં પુસ્તકોનું ફરતું સ્ટૅન્ડ એ જ માત્ર તેમનો નજીકનો સોબતી છે. પણ એમની મીઠી નજર ઘરનાં તમામ માણસોમાં શાંતિ અને સૌજન્યનો છંટકાવ કરતી લાગે છે. એમના યુવાન પુત્રની સાથે વાત કરતાં તમે જુઓ તો પિતા અને માતાના સ્નેહની સંગમસરિતા વહેતી જણાય.

પોતાના જીવનને અપરિચિત હોય એવો એક પણ ભાવ કવિતામાં પોતે મુકતા નથી એ તેમનો નમ્ર દાવો છે; અને કવિ તો દુનિયાદારીમાં ન સમજે એમ તેમને કોઇ કહે તો અપમાન માને છે. સંસારનાં ઝેર જીરવીને અમૃત આપી શકે તો જ કવિપદની ફરજ પૂર્ણ બનવી કહેવાય એમ તેમનું કહેવું છે.

(૨)

'ભજનિકા'ના પ્રાસ્તાવિક 'આલાપ'માં કવિ કહે છે કે "માનવજાતિના ઉંડા અંતરોદ્ગાર કવિમુખે જ રેગાઇ ઘડાઇને પ્રકાશ પામે છે...એ અંતરોદ્ગારનો રણકો કવિહ્રદયમાં સહજ આંદોલન ઉત્પન્ન કરે છે." આ પુસ્તકમાં એવાં આંદોલનોની આછી ઘેરી લહરીઓ છે.

એમાં ભક્ત હ્રદયની આતુરતા છે; મનોમંથનની વેદના છે, આત્મશોધનની જિજ્ઞાસા છે, પ્રભુપ્રેમની મસ્તી પણ ક્યાંક છે.

'મારો કર ધરની' કહીને 'પાંખડી' નામના કાવ્યમાં કવિ આજીજી કરે છે:

કાળ વીત્યો ને ઉઘડી આંખો, ગઈ સપનાંની માયા;
સુકાં સરવર દેખી તીર પર હંસ પછાડે કાયા: મારો૦

આત્મભાન થાય છે ત્યારે 'મને લુંટી ચાલ્યા લુંટારા રે' કરીને કવિ પ્રભુને વિનંતિ કરતા અંતરની વેદના વર્ણવે છે:

મને દિનભર સુરજ તાવે રે,
મને શુંગે ચંદ્ર ડરાવે રે,
મને અભ્રે નભ ગુંગળાવે રે,
તીણા ભાલા ભોંકે તારા રે:
ઝટ પ્રાજો હો નાથ મારા રે! —મને૦

કુદરતની રમ્ય અને આશ્વાસક વસ્તુઓ પણ માનસિક

દશા ફર્યે કેવી પીડાકારી થઇ પડે છે!

પણ પ્રભુના પ્રેમની પ્રતીતિ થયે આ વેદના ચાલી જાય છે, અંતરમાં ખુબ શાતા વળે છે,—જોર પણ આવે છે અને પોતાને હૈડે બાંધેલા પ્રભુને 'બંધન' નામના કાવ્યમાં કવિ કહે છે:

તું ક્યાં નાસી જશે મારા રસિયા ?
હવે તને છોડું નહિ પલવાર.
અનહદ છે આકાશ આ તારૂં, અનહદ તારૂં જોર;
તું બળિયાનો બળિયો ભલે, પણ બાંધ્યો તને મુજ દોર:
મારો પ્રેમ પ્રચંડ છે રસિયા
તને લાગે કાચા સુતરનો તાર—તું ક્યાં૦
સર્વ બ્રહ્માંડ ઉરે તુજ બાંધ્યાં, મેં બાંધ્યો તને ઉરપાશ;
એ રે હૈડાના છે બંધ અનેરા, ન તારે કંઇ છુટયાની આશ.

'કેડો' કાવ્યમાં પ્રભુનો પ્રેમભર્યો કેડો બહુ સુંદરરીતે વર્ણવ્યો છે:

મારો કેડો ધરે કિરતાર રે
જોની મારો કેડો ધરે કિરતાર!
મને છોડે નહિ પળવાર રે —જોની૦
માતાની ગોદમાં છુપાઉં ત્યાં ઉરથી
આવે એના ધબકાર:
રમતો પડું તો ત્યાં અણદીઠો હાથ એનો
નીચે મુકે નિરધાર રે —જોની૦
ફૂટતી જુવાનીમાં હૈયું ઝુકાવું,
ઘુમું વસંતને બહાર;
જે જે ધરૂં તે વિલાય મારા હાથમાં,
ફુંકે એ સૌમાં ફુંકાર રે, —જોની૦
સરતાં મુજ પાય પડું કાળકેરા વહેણમાં,
પડતાં હું મારૂં પોકાર:
એ તો હતો મારી પુઠેજ ત્યાંથી
આવીને દે આધાર રે —જોની૦

'સંતાકુકડી'ના ગીતમાં 'આખું વિશ્વ શોધ્યા પછી પ્રભુ તો પોતાના હૃદયમાં જ મળે છે' એ જુનો ભાવ છે, છતાં તેને રમ્ય કલ્પના ને ઉરભાવથી નવું સ્વરૂપ આપ્યું છે. છેલ્લી બે લીટીમાં પ્રભુ મળ્યા પછીની પ્રેમની ઉત્કટતા—

ફુંકતા પવનને ઉતાર્યો મેં શ્વાસમાં
ઉડની દૂર વિજળીને બાઝી પડયો;
મુક્યું મેં મુખ મારૂં મેહુલાની ધારમાં,
નહિ રે સાહેબો મારો કયાંયે જડયો:
ક્યાં છે સંતાયો મારો સાહેબો હો સંતજી!
ઉડતા તે કાળની પકડી મેં પાંખને,
પીંછે પીંછે તેનાં પગલાં દીઠાં:
પગલે પગલે મેં ચલાવ્યું પગેરૂં, પણ
થાકી પડયો, ન એનાં પગલાં નીઠયાં: ક્યાં છે૦
ઉંડી અનંતતામાં બોળ્યા: મેં હાથને,
આખર કો ભાળ એની મળશે જરી:
ઘોળી ઘોળી ખાલી મંથન હું તો કરૂં,
આવે નિરાશા નરી ઉપર તરી: કયાં છે૦
આંખે દેખાય નહિ, કાને સુણાય નહિ,
હાથે ધરાય નહિ: એ શું હશે ?
જનમોજનમ તને ખોળ્યો મેં ખંતથી;
કયારે સાહેબા! તારી ઓળખ થશે ? કયાં છે૦
ધબકીને ઉઠે મારૂં હૈયું હુલામણું,
અણુગણુ જગત મારે ઉદરે ભર્યું;
એ રે સાહેબો મારે હૈયે સંતાયલો,
હસવું ન એનું મારી નજરે તર્યું: કયાં છે૦
શાને સંતાય મારા સાહેબા, તું ભીતરે ?
કયાં તક ભુલવણીમાં ભમતો ભુલું ?
જા રે જગત તારૂં નથી રે જોઇતું—
આવ રે સાહેબા! તારી ડોકે ઝૂલું! કયાં છે૦

'પ્રભુની લૂંટ' શરૂઆતમાં ખાસ આકર્ષણ નથી કરતી પણ પછી તો—

એ ધન ને અમૃત એ એના નહીં શેં આપણુ કાજ ?
જન્મોજન્મ ભિખારી ભમીએ: એ જ કરે શું રાજ ?
ચાલો લૂંટવા જી.
ચાલો ભૈયા જોગી સંતો! બાંધો મનની કેડ!
સત્ય સુરંગે કરશું કપરા કિલ્લા કેરી ઉખેડ: ચાલો૦
લૂંટવું ધન ને લૂંટવા અમૃત, સૌ આનંદનો સાથ;
લૂંટવું આખું સ્વર્ગ અદલ હો, લૂંટવો આખો નાથ! ચાલો૦
પ્રભુને લૂંટવાજી, ચાલો લૂંટવા જી!

દર્શન માટે તલસતા અંત:કરણની આરત જુઓ:

રે પ્રભુ! ક્યાં લગી એમ છુપાશો ?
સૃષ્ટિ તણાં પડ પડ પાછળ શું
અણુગણુ યુગ સંતાશો ?
રે પ્રભુ! ક્યાં લગી એમ છુપાશો ?—(ધ્રુવ)
ક્વચિત્ ઉષા રંધ્યામાં નિરખું
કર કો તમ છાયા શો;
કરમાંથી તમ મુખને કલ્પું,
તોય ન શું કલ્પાશો ?
રે પ્રભુ! ક્યાં લગી એમ છુપાશો ?
જ્યાં જોઉં ત્યાં તમ અદ્ભુત કૃતિના
ઢગલામાં ઢંકાશો:
એક દિગંત સદા રહે સામે:
નહિ મુજ આંખ સમાશો ?
રે પ્રભુ! ક્યાં લગી એમ છુપાશો ?

બાકી છુટાછવાયા સુંદર ચમકારા તો ઠેરઠેર છે: 'દિલની વાતો'માં એક કડી છે:

દિવસે તેજપટે બંધાતું મુખ આકાશનું,
જાણે ઉઘડશે રાતે એના ઉરલેખ;

રજનીમાં ધુંધવાઈ રહે ઉંડા અંધાર ત્યાં,
વિધિ તો ત્યાં પણ મારે લાખો રૂપામેખ!

'વિશ્વવૃક્ષ'ના વર્ણનમાં:

મુળ રહ્યાં છે ઉંડાં એનાં અણદીઠાં અંધારે રે
તિમિરરસે પોષાય છતાં એ જ્યોતિફુલો ઝળકારે;

અને 'અંતરની જ્યોત'માં:

રહ્યું અગોચર ધામ ધણીનું, કયાં મુકે નીસરણી?
કયાં ટેકવશે પોકળ આભે, કયાં નીચે છે ધરણી?

'અશક્તિ'માં પુછે છે:

ઘર છોડીને ઘરને શોધ્યાં, તરુ છોડીને છાયા,
નહિ જીતાતી કાયા-માયા, શું જીતો જગરાયા?

કવિ ખબરદારનાં કાવ્યોથી ગુજરાત ઘણું પરિચિત છે. ખાસ કરીને એમનાં વીરરસનાં કાવ્યોને તો ગુજરાતીઓએ સન્માન્યાં છે, પ્રિય કર્યાં છે, મોખરે મુકયાં છે.

ખરૂં છે કે 'ભજનિકા' એ વીરરસ કાવ્યોનો નહિ પણ ભક્તિનાં પદોનો સંગ્રહ છે, અને આ યુગમાં એ પ્રકારનાં કાવ્યો બહુ ઓછાં પ્રકટે છે એ કાજે એમનું ચોક્કસ પ્રકારનું વિશિષ્ટત્વ પણ છે: પરંતુ કવિશ્રીને પિછાનનારા અને એમની કલમનો આસ્વાદ પામેલાઓને આથી સંતોષ નથી થતો. એમને તો હજી જોઇએ છે એ રસભરતી ભર્યાં, ગગનગામી કલ્પનાઓલે રમતાં, ભાવપ્રચુર અને ભાવનાભોમના કોઇ 'નવલા દેશ' બતાવતાં હૃદયગ્રાહી અને પ્રાણોન્માદી ગીતો ને કાવ્યો. અને કવિશ્રી પાસેથી ગુજરાત એ અવશ્ય પામશે એવી અમને આશા છે, શ્રદ્ધા છે.

આપણું

જજ—તું કહે છે કે આ માણસે તારે ત્યાં ચોરી કરી. તો તું તેની પાસેની ચીજોમાંથી કોઇ ઓળખી શકે છે કે?

ફર્યાદી—હા, જી. તેની પાસે ગેલો રૂમાલ છે એ મારો છે.

જજ—એ કંઇ પુરાવો નથી. બરાબર એના જેવો જ એક રૂમાલ મારી પાસે પણ છે.

ફરિયાદી—સાચી વાત, સાહેબ; મારા એવા બે રૂમાલો ચોરાઈ ગએલા.

જી

નાનુ—કાકા, આટલી ઉમરે પણ તમારી તબિયત હજી વાંભા જેવી છે.

ડોસા—હોય નહિ? પંચ્યાશી વરસ થયાં, છતાં દાંત તો હજી, જન્મ્યો ત્યારે હતા તેવા ને તેવા જ છે!

(કાકા દાંત સાથે જન્મ્યા હશે?)

જી

(ટેલિફોનમાં વાતચિત)

'દાકતરને જલદી મોકલો; કાન્તા ટાંકણી ગળી ગઇ છે.'

કમ્પાઉન્ડર—દાકતર અત્યારે કામમાં છે તેથી નહિ આવે; તમારે એ ટાંકણીની શું હમણાં જ જરૂર છે?



ઉગતી પ્રજા

ગુજરાત કૉલેજની હડતાલનો અંત આવ્યો છે એ સમાચાર, નિયમિત છાપાં વાંચનારાઓ માટે જુના છે. પણ એ પ્રસંગ ઉગતી પ્રજા સમક્ષ સદાકાળ ઉભો રહે એવો તાજગીભર્યો છે. સત્ય અને સ્વમાનની લડત માટેનો નિશ્ચલ આગ્રહ અને જુવાનોની જાગૃતિ શું કરી શકે છે તેનું એ જ્વલંત દષ્ટાંત છે. એ નાના સરખા દાખલાએ હિંદુસ્તાનની રાજકીય મુક્તિની કૂચને એક કદમ આગળ ધપાવી છે.

હિંદુસ્તાનના પહેલા ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્સે—જેના સમયથી ખરી રીતે હિંદુસ્તાનની રાજકીય પીસણી શરૂ થઇ તેણે—હિંદમાં ચલાવેલા ગેરવહીવટને માટે ૧૩મી ફેબ્રુઆરીએ ઇંગ્લંડની પાર્લામેંટમાં તેની સામે કેસ મંડાઇને તપાસ શરૂ થએલી. પણ હિંદુસ્તાનનો ગેરવહીવટ તેથી કાંઈ અટકયો નથી; બલ્કે તે દિવસથી આજની ઘડી સુધી હજી એકધારો ચાલ્યો આવ્યો છે. એ તારીખની અને સરકારી ગેરવહીવટની બંનેની યાદગીરી કરવા—તે સામે પોતાનો રોષ પ્રદર્શિત કરવા અખિલ હિંદ યુવક મહાસભાના ફરમાનથી ગઈ ૧૩મી ફેબ્રુઆરીએ ગેરવહીવટ દિન યુવકોએ ઉજવ્યો.

ગુજરાત તરુણ સંઘ નામની યુવકોની એક નવી સંસ્થા ઉત્પન્ન થયાના ખબર 'સુણાવ' ગામથી મળ્યા છે. ખેડા જિલ્લાના નાના ગામમાં એની ઉત્પત્તિ હોવા છતાં તેના ઉદ્દેશો અને અભિલાષ સમસ્ત ગુજરાતના તરુણોને આવરી લે એવા છે. સંઘનો મુખ્ય ઉદ્દેશ 'રાજકીય, સામાજિક અને ધાર્મિક દંભો અને અન્યાયો સામે ખેડો (અહિંસાત્મક) બળવો' જગાડવાનો છે. તેને માટે સભ્ય થનારે દરેકે વ્યસન વગેરેની મુક્તિથી અંગત સુધારણા તથા જુની રૂઢ માન્યતાઓ અને વહેમોને ફગાવી દઇ નિર્ભય નિખાલસ વિચારણા પ્રાપ્ત કરવાના નિયમો છે. રાજકીય અને સામાજિક ક્ષેત્રોમાં સક્રિય સુધારણા, અસ્પૃશ્યતા-નિવારણ, ખાદી-પ્રચાર અને સ્વદેશી વ્રત એ તેનાં કાર્યક્ષેત્ર છે. અગાઉ નીકોરામાં થએલા યુવક-સંમેલન જેવાં વાર્ષિક સંમેલનો ભરી વ્યક્તિગત પ્રગતિ અને પ્રવૃત્તિની આપલે કરવાની યોજના પણ તેમાં છે. અઢાર વર્ષ પુરાં કરેલ હરકોઇ એક રૂપિયાના વાર્ષિક લવાજમથી તેના સભ્ય થઈ શકે છે. મે મહીનાથી નવું વર્ષ શરૂ થાય છે. કુલસિંહજી ડાભી મંત્રી ગુજરાત તરુણ સંઘ, વ. બો. વિનયમંદિર સુણાવ એ સરનામે પત્રવ્યવહાર કરવો.



બકરી બેં . . . કેમ કરે છે !

એક વાર બે બ્હેનો ફુલ વીણવા ગઇ. વાતો કરતાં કરતાં એ તો ખુબ દૂર નીકળી ગઇ. એવામાં અંધારૂં ઘોર જંગલ આવ્યું ને બ્હેનો તો એકએકથી જુદી પડી ગઇ. નાની બ્હેન મોટીને શોધે અને મોટી બ્હેન નાનીને શોધે. પણ બંનેએ જુદીજુદી દિશામાં ચાલવા માંડેલું, એટલે પત્તો ક્યાંથી લાગે?

ચાલતાં ચાલતાં સાંજ પડી ને ધીમેધીમે અંધારૂં વધવા લાગ્યું. બ્હેનો તો જંગલમાં ખુબ મુંઝાય. ભુખ પણ કકડીને લાગેલી.

પણ મોટી બ્હેન તો નશીબદાર. અંધારા જંગલમાં એણે તો એક મોટો મહેલ દીઠો. પહેલાં તો એને મહેલમાં જતાં બીક લાગી: 'કોઇ ભુતપ્રેતનો હશે તો?' પણ પછી હીમત ધરીને ગઇ. જુએ છે તો મહેલમાં સાતસાત ઓરડા, ભાતભાતનાં ખાવાનાં, પલંગ પાથરેલા, લાખલાખ દીવા બળે, અગર ચંદનના ધુપ મહેકે ને સોનારૂપાનો તો પાર જ નહિ!

મોટી બ્હેન તો આ બધું જોઇ રાજીરાજી થઇ ગઇ. એણે પરીઓની વાતો સાંભળેલી, તેમાં પરીઓના મહેલનું બરાબર આવું વર્ણન આવે. એને લાગ્યું કે નક્કી આ કોઇ પરીનો જ મહેલ હોવો જોઇએ. પરીઓ બહુ દયાળુ હોય; નાના બાળકો ઉપર તો બહુ જ હેત રાખે; એવુંએવું એણે વાર્તાઓમાં ઘણું યે સાંભળેલુ એટલે એને બીક તો જરા યે રહી નહિ.

એ આખા મહેલમાં ફરી વળી, પણ ક્યાંય પરી દેખાઇ નહિ. 'પરી કયાંક ફરવા ગઇ હશે તે હમણાં આવશે' એમ કરી એ પરીની વાટ જોતી પલંગમાં બેઠી. આખા દિવસનો થાક લાગેલો એટલે એને તરત જ ઉંઘ આવી ને એ તો પલંગમાં ઢળી પડી.

થોડી વાર પછી પરી આવી. એણે બ્હેનને જગાડીને બધી વાત પુછી. પરીને તો બ્હેનની દયા આવી ને એને પોતાના મહેલમાં રાખી.

પણ પેલી નાની બ્હેનનું શું થયું? એ તો ભુખી ને તરસી ચાલી જ જાય. વાટ બધી 'બેન, ઓ બેન!' એમ બુમો પાડે છે. પણ બ્હેન કયાંથી જવાબ આપે?

એવામાં એણે એક ઝાડ જોયું. મોટાંમોટાં પાકાં ફળ લટકે. એ કયું ઝાડ હશે એની તો બ્હેનને ખબર નહોતી; પણ ભુખ બહુ જ લાગેલી, એટલે એકબે ફળ ખાઈ લીધાં.

પણ એ તો રાક્ષસનું ઝાડ હતું. જે કોઇ એનાં ફળ ખાય તે માણસ મટી પશુ બની જતું: કોઇ હરણ, કોઇ વાઘ, કોઇ સિંહ, કોઇ બકરી તો કોઇ બિલાડી. નાની બ્હેન તો બકરી બની ગઇ!

પણ તો યે એ કાંઇ બેનને ભુલે? એ તો બુમો પાડયા જ કરે છે, 'બેન, ઓ બેન!' પછી તો એનો સાદ બેસી ગયો. 'બેં.....' બોલે ને સાદ અટકી જાય.

ને હજી યે એ બકરી એની બેનને બોલાવે છે. 'બેં... બેં... બેં...'

એને બ્હેન મળશે ખરી? **વ્રજલાલ શાહ**

(અનુસંધાન માધુકરીને છેડેથી)

નો માણસ માણસ છે એ ભુલી જવાયું છે: તેની સ્વમાનની લાગણીનું સંરક્ષણ કરવામાં રાજહીત છે તેનું વિસ્મરણ થયું છે. ગામડામાં નાના જુલ્મગારોને હાથે મનુષ્યત્વ હણાઇ રહ્યું છે, તેનો વધ થઇ રહ્યો છે.

યુવક બંધુઓ! જ્ઞાનની મશાલ ગામડાંમાં લઈ જવા ચાલો. ગામડાંના ખંડેરોનું પુનર્જીવન કરવા, ચોરાના ઠાકુરનું સન્માન વધારવા, ગામલોકોની ભીરૂતા અને સ્વમાનહીનતા ટાળવા, ગામડાંના ગરીબોને ઉદ્યોગ આપવા, હિંદુ ધર્મનો ત્યાં પ્રાણ ઠાલવવા, ગામડાંનું અસલી નૂર પાછું લાવવા એક વાર ગામડાં તરફ કુચ કરો. તમારાં મોંઘા જીવનસ્વપ્નો સિદ્ધ કરવા ગામડાંને કાર્યક્ષેત્ર બનાવો, ને ગામડાંની નાડીમાં નવું રૂધિર પ્રસરાવી દેશને નવપલ્લવિત કરવામાં તમારો હિસ્સો આપો. —બળવંતરાય ગોપાળજી મહેતા (કર્તવ્ય)



માધુકરી

એક તેજસ્વી તંત્રી

કલકત્તાથી નીકળતા અંગ્રેજી દૈનિક પત્ર 'ફૉર્વર્ડ'ના તંત્રી શ્રી સત્યરંજન બક્ષીને 'યૂનાઈફૉર્ડ' નામનો લેખ લખવા સારૂ સરકારે છ માસની જેલની સજા કરી છે. પણ આવી સજા કાંઈ એ પહેલી વાર નથી ખાતા; આ તો પાંચમી વાર છે.

આજ સુધીની પાંત્રીસ વર્ષની એમની ઉમર આખી તેજસ્વી કારકીર્દિથી ભરેલી છે. બારથી નામના ગામમાં એક ખાનદાન કુટુંબમાં તેમનો જન્મ થએલો. પિતા દાક્તરી અમલદાર હતા. ઑનર્સ સાથે એમ. એ. અને એલએલ. બીની પરીક્ષાઓ પાસ કરી એ વકીલાતમાં જોડાયા. પણ બે વર્ષ વીત્યાં ત્યાં તો અસહકારનો જુવાળ ચડ્યો અને વકીલાત છોડી સ્વ. દેશબંધુ દાસના સાથી તરીકે દેશસેવામાં જોડાયા. ૧૯૨૩માં દેશબંધુએ 'ફૉર્વર્ડ' દૈનિક શરૂ કર્યું. શ્રી બક્ષી તેના તંત્રી-ખાતામાં કામ કરવા લાગ્યા; અને દાસબાબુના અવસાન પછી તેના તંત્રી થયા.

સૌથી પહેલી, 'પંજાબમાં અંધાધુંધી' નામનો લેખ લખવા માટે તેમને એક પખવાડિયાની સજા થએલી. તે પછી 'ફૉર્વર્ડ'ની સાથોસાથ નીકળતા 'બાંગલાર કથા' નામના બંગાળી પત્રમાં લેખો લખવા માટે દંડાયા; પછી 'ગૃહસ્થ સ્વાંગમાં જંગલીપણું' માટે એક માસ અને 'બેલુર ટ્રેઈનની અથડાઅથડી' માટે ત્રણ માસની સજા થએલી, જેની અપીલ હજી નીકળનાર છે. માથા ઉપર ત્રણત્રણ રાજદ્રોહી કેસો લટકેલા હોવા છતાં આ આઝાદ માણસને તેની કશી પરવા નથી. હસતે મોઢે એણે આ છ માસની જેલ સ્વીકારી છે, ને આવીને પાછો એ જ કામ કરવાનો છે. એની કલમ પર બંગાળીઓ તો મુગ્ધ છે.

એકલા બંગાળમાં જ નહિ પણ હિંદુસ્તાનભરમાં 'ફૉર્વર્ડ'નું સ્થાન ઘણું ઉંચું છે. રાષ્ટ્રીય દૈનિકોમાં તે મોખરે છે, અને રાજકીય લડતનો સૂર પ્રધાન રાખીને તે દેશની સામાજિક, ઔદ્યોગિક અને બીજી બાજુઓના નવસર્જન માટે પણ ખુબ પ્રયત્નો કરે છે. શ્રી સત્યરંજન બક્ષીએ આ રીતે 'ફૉર્વર્ડ' મારફત દેશની અનેક રીતે અનુપમ સેવા બજાવી છે. દેશભરમાં ધુમી જાગૃતિ આણનારા તથા સેવાનાં બીજાં વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરનારા દેશસેવકો જેટલી જ—કદાચ વધારે—આવા પત્રકારોની સેવાની કીમત છે,—જેઓ ગર્જના કરતાં જંગી સંચાઓની ધડધડાટીની પાછળ અખંડ દીવા બાળતી ઓરડીઓમાં રાત્રિના દિવસ કરીકરીને અવિશ્રાંત પરિશ્રમ ખેડે છે અને જેમની કલમમાંથી નીકળતી ચીનગારીઓ પ્રત્યેક સવારે દેશના ખુણેખુણાને રાષ્ટ્રીય અસ્મિતાથી પ્રજ્વલિત કરી મુકે છે.

સંગ્રામસિંહ બારવટિયો

કાશીથી મારા પિતાની બદલી બાંદા થતાં મારા બાલ હૃદય ઉપર બે બીનાઓએ અજબ પ્રભાવ છાંટી દીધો. એક તો બારવટિયા સંગ્રામસિંહનું દર્શન. બનારસ જિલ્લાના એક ગામડામાં સંગ્રામસિંહ ખેતી કરી પેટગુજારો ચલાવતો હતો. એક દિવસ એ ઘેર નહોતો તે વખતે પોલીસે આવીને એના ઘરની જડતી લીધી અને એની પત્નીનું શિયળ લોપવાની કોશિશ કરી. ઘેર વળતાં રજપુતનેઆ

ખોલ રે ખોલ નજર તારી!
ખુલી આ સૃષ્ટિ સારી.


પૂર્વ તણું પંખીડું જાગ્યું,
ખોલ્યાં પિચ્છ સમારી;
ઉઘડી કંચન બારી નભની,
બંધ રહી તુજ બારી:
ખોલ રે ખોલ નજર તારી!

ઉઘડ્યા કોકિલ કંઠ વનોના,
વૃક્ષ રહ્યાં પોકારી;
કમળો કેરી કીકી ઉઘડી:
શેં રહી તુજ અંધારી?
ખોલ રે ખોલ નજર તારી!

ગયું બધું તે રજની ગળશે;
લે દિનધન સ્વીકારી:
ભૂત બધું ભીડી, જા ધરવા
ભવિષ્યની આ સ્વારી!
ખોલ રે ખોલ નજર તારી!

કવિ ખબરદાર

(ભજનિકા)



વાતની જાણ થઇ અને એ પોલીસના મોટા અધિકારીની પાસે રાવે દોડ્યો. ત્યાં એની સાથે પણ પોલીસે બિરાદરી આચરણ બતાવ્યું. સંગ્રામસિંહનું રાજપુતી રક્ત ફકળી ઉઠયું. ઘરમાં છુપાઇને પડેલી કટાએલી જુની તલવાર ઉઠાવી પહેલાં પ્રથમ પોતાની નિરપરાધી અર્ધાંગનાને સદાને માટે બદનામી-માંથી બચાવવા સારૂ ઠાર કરી ને પછી પહાડી જંગલમાં નીકળી ગયો. સાથે હાથીસિંહ નામનો રજપુત જઇ ભળ્યો. હાથીસિંહની બંદુકનું નિશાન કદિ ખાલી જતું નહોતું. વીસ પચીસ બીજા સિપાહી પણ ભેગા કરી લીધા. એ રીતે સંગ્રામ-સિંહ એક નાની સેનાનો સરદાર બની ગયો.

જોતજોતાંમાં તો અંગ્રેજી ઇતિહાસમાં અને નવલકથાઓમાં દેશભક્ત બારવટિયાની જેવી વાતો આવે છે તેવી વાતો સંગ્રામસિંહને નામે પણ લોકોમાં પ્રસરવા લાગી. સંગ્રામસિંહ તો અમીરોને લુટી લઇ ગરીબોને આપે છેઃ વનવગડામાં વારાંગનાઓને બોલાવી નાચગાનથી જંગલમાં મંગલ કરે છેઃ દાયરા ભરે છેઃ એવાં એનાં યશોગાન ગવાવા લાગ્યાં. જિલ્લે જિલ્લામાં એનાં રમખાણ બોલવા લાગ્યાં.

દોઢસો હથિયારબંધ સિપાહીઓને લઇ ગોરા પોલીસ ઉપરીએ સંગ્રામસિંહના રહેઠાણને ઘેરી લીધું. સાહેબ પોતે બે અર્દલી (ઑર્ડર્લી પોલીસ)ને સાથે રાખી ધીમે પગલે આગળ વધ્યા જાય છે. કાળું ઘોર અંધારૂં છે. એકાએક બે આદમી આવી ચડ્યા. છલંગ મારીને બંને અર્દલીને બાથમાં જકડી લીધા. ત્રીજો નીકળ્યો એણે સાહેબ બહાદુરને ઘોડા પરથી નીચે પટકી છાતી પર ચડી બેસી તમંચો બતાવ્યો. બોલ્યો કે 'કાઢ પૈસા, નહિતર આટલી વાર છે!'

સાહેબે પોતાનું સોનાનું ઘડિયાળ, અછોડો, નોટ, રૂપિયા વગેરે બધો માલ બારવટિયાને સુપ્રત કર્યો. બારવટિયો ઉભો થયો, સાહેબને સલામ કરી અને કહ્યું, 'સંગ્રામસિંહને પક-ડવા માટે આવી ગફલતથી હવે ન આવજો સાહેબ!'

ઉઠીને ગોરા સાહેબે તો ઘોડાને એવો દોડાવી મુકયો કે વહેલો આવે પોતાનો બંગલો!

પછી તો ખુદ કાશી નગરી ઉપર બારવટિયાના હુમલા થવા લાગ્યા. એમાં આલમસિંહ નામના રજપુત કોટવાળે બડાઈ મારી કે 'અરે, બાર શા છે સંગ્રામસિંહના! એક મહિનામાં તો બેટાને પકડીને માજીસ્ટ્રેટ પાસે હાજર કરીશ.' ચાર પાંચ દિવસે આલમસિંહ પર જાસાચિઠ્ઠી આવી પહોંચી. લખ્યું હતું કે 'હવે તો અમારા ધામા કાશી નગરીમાં જ નખાઇ ગયા છે, અને ચંદ્રગ્રહણનું સ્નાન કરવા માટે પણ હું આવ-વાનો છું. જો ક્ષત્રિયના પેટનો હો તો આવી જજે!'

ચંદ્રગ્રહણની રાત આવી પહોંચી. પહાડમાંથી પોતાની માતાને ગંગામૈયામાં સ્નાન કરાવવા માટે બે સાથીઓને લઈ સંગ્રામસિંહે મણિકર્ણિકાના ઘાટનો માર્ગ લીધો. માતાને નવડાવી, બંને સાથીઓની સાથે રવાના કરાવી સંગ્રામસિંહ એકલો ચાલ્યો. કયાં ચાલ્યો? એના ઓડા બાંધીને આલમ-સિંહ ફોજ સાથે વાટ જોતો હતો ત્યાં! ચોકી પહેરા ફોગટ ગયા. કોઇ એને ઓળખી શક્યું નહિ. ફક્ત એક કામળો જ ઓઢીને એ જવાંમર્દ સડસડાટ ફોજ વચ્ચેથી પસાર થયો. આલમસિંહની લગોલગ આવી પહોંચ્યો. મોં પરથી કામળી ઉઘાડી કરીને પડકાર કર્યો, 'જોઇ લે રજપુત! સંગ્રામસિંહ સ્નાન કરીને જાય છે.'

આલમસિંહ ચમકી ઉઠયો. મોંમાંથી વેણ નીકળે ત્યાં તો સંગ્રામસિંહની કટાર વિજળી શી ઝબુકી ઉઠી. આલમસિંહ દિગ્મૂઢ બનીને પાછો હઠયો. સંગ્રામસિંહ અદૃશ્ય થયો. પછી તો દોડો દોડો! પકડો પકડો! ઓ જાય ઓ જાય! એવાએવા હાકલા થવા લાગ્યા. પણ કોને પકડે? દાંતોમાં દઇને ગયો.

આખરે પોલીસની આવજા માટેના તમામ રસ્તા ઉજ્જડ બન્યા એટલે ત્રણે જિલ્લામાં નવી પોલીસની ભરતી થઈ. હજારો પોલીસોએ તમામ રસ્તા પર ઓડા બાંધી લીધા. મારા પિતા પણ એક સ્થળે મોટી સંખ્યા લઇને નાકું બાંધી ઉભા. પાંચ દિવસ સુધી નદીના પાણીની અંદર છુપાયા પછી ખાવાને માટે સંગ્રામસિંહ પાંચ છ સાથીઓની સાથે બહાર નીકળ્યો. એમાંથી એક આદમી પિતાજીના હાથમાં પકડાયો. એની પાસેથી પત્તો મેળવીને પોલીસ આગળ વધી. સંગ્રામ-સિંહ એક ચમારની ઝુંપડીમાં પેસી ગયો. ઝુંપડીને આગ લગાવી. બહાદુર રજપુત બહાર નીકળ્યો, પણ પાણીમાં પડવાથી દારૂ નકામો થઇ ગયો હતો એટલે બંદૂક ન છુટી. તલવાર ખેંચવા જાય તો તલવાર મ્યાનમાંથી બહાર જ ન નીકળી. આ બાજુથી પોલીસે ગોળીની ઝીક બોલાવી. પાંચે સાથી પટકાયા. સંગ્રામ-સિંહે બંદુક ઉંધી ઝાલીને લાકડીની પેઠે વીંઝી. જોતજોતાંમાં ત્રણ ચાર સિપાઇને ઢાળી દીધા. પિતાજીના ઘોડાની ગરદન પર પણ એવી ચોટ લાગી કે ઘોડો પંદર કદમ પાછો હઠી ગયો. પ્રથમ તો પિતાજીએ આ એકલા દુશ્મન પર ગોળી ચલાવવાની મના દીધી હતી. પણ આખરે પોતે ક્ષત્રીવટ ચુક્યા. ગોળીબારનો હુકમ દીધો. ૨૫ ગોળી ખાઇને સંગ્રામ-સિંહ પડયો. એને બાંધીને કાશીની ઇસ્પિતાલમાં લઇ આવ્યા. સિવિલ સર્જને જ્યારે એના શરીર પર ૨૫ જખ્મો જોઇને કહ્યું કે 'કાં! પકડાઇ ગયો ને!' ત્યારે એ વીર ક્ષત્રિયે જવાબ વાળ્યો કે 'એમાં શી બહાદુરી કરી! એક વાર મારા હાથમાં તલવાર આપો, ને પછી મારી સામે ૨૦ આદમી આવી જાય! પછી જોઈ લઉં કે મને કોણ પકડે છે!"

સાંભળીને સાહેબ તાજ્જુબ થઈ ગયા. સંગ્રામસિંહને ફાંસી મળી. પણ હિંદુસ્તાની પોલીસ અમલદારોને એ વીરના મૃત્યુથી બહુ જ દિલગીરી થઇ. ખાટલા પર સુતેલા એ સંગ્રામસિંહનો દેખાવ મને હજુ યાદ છે. મારા જીવન પર એની ઊંડી છાપ છે

(સત્યવીર શ્રદ્ધાનંદ)

ચાલો ગામડાંમાં

સાત લાખ ગામડાંઓની લીલી હરિયાળી ભૂમિથી ઉજમાળો આપણો આ દેશ શહેરીઓનો નથી તેટલો ગામડાંના વાસી આપણા ગરીબ બંધુઓનો છે. એક કાઠિયાવાડ લઇએ. કાઠિયાવાડમાં કેટલાં શહેરો ? પચાસ હજારથી વધારે વસતિનું એક જ શહેર. પચીસથી ઉપરાંત વસતિવાળાં ચાર પાંચ, અને વીસેક, દશ હઝારથી ઉપરનાં. આ શહેરો થોડાં. તેમ આખા પ્રાંતની વસતિને મુકાબલે તેમની વસતિ ય થોડી. છવ્વીસ લાખના કાઠિયાવાડમાં પુરા અઢી લાખ લોકો શહેરોમાં નહિ વસતા હોય. પ્રાંતના ક્ષેત્રવિસ્તારમાં શહેરો આમ બિંદુમાત્ર છે. શહેરો દેશની આર્થિક કે નૈતિક સંસારરચનામાં કેવોક ફાળો આપે છે ? દેશનું દ્રવ્ય ગામડાંમાં જ, ગ્રામ્ય લોકની રાતદિવસની કાળી મહેનતને પરિણામે પેદા થાય છે, અને શહેરી બંધુઓ તો ઘણે ભાગે તેનો ભોગવટો જ કરે છે. શહેરની નીતિએ ગામડાંની નીતિ ભ્રષ્ટ કરવામાં કે શહેરી કુટેવોએ ગામડાંમાં ઘર કરવામાં જે ભાગ ભજવ્યો છે તે શહેરને માટે શોભાસ્પદ તો નથી. દ્રવ્યોત્પત્તિ અને નીતિમત્તામાં ગામલોકો શહેરીઓ કરતા સહેજે ચડે.

ગામડાંની અગત્ય આ રીતે ઉઘાડી જ છે. પરંતુ, આપણે નવયુગના યુવકોએ આ ગામડાંને કેટલાં સંભાર્યાં છે ? પોંખ, આંબા કે શેરડી ખાવા ગામડે ગયા હોઇએ, અમલદારોએ રહેવા દીધી હોય તો ગામડાંની ફુલવાડીએ પાકાંમોડાં ફળો ખાવા દોડીએ , કે વાડીનાં શાકભાજીની ભેટ સ્વીકારવા જઇએ તેનો અર્થ ગામડાંને યાદ કર્યાં એવો હું નથી કરતો. એમ તો શહેરી શાહુકારોએ પણ ગામલોકોને યાદ કર્યા છે. જોકે તેમાંના કેટલાક ભલા ભાઇઓએ ઘણા ગ્રામલોકોને તાર્યા છે; પરંતુ તેમાંના મોટા સમુદાયે તો ગામલોકોને નીચોવી લીધા છે એ ખરી હકીકતની વાત છે. આવો સ્વાર્થપૂર્ણ સહકાર નથી જોઇતો. શહેરી અમલદારો પણ ગામડાંને યાદ કરે છે;—કોઇ ઉચ્ચ સૃષ્ટિના માનવી તરીકે, ગ્રામ્ય જંતુઓ પ્રત્યે મહેરબાનીની તીરછી નજર ફેંકવા તેઓ ગામચોરે આવે છે, અને રહીસહી ગ્રામ્યલક્ષ્મીનો ઉપભોગ કરવાનો તેમની ઉપર ઉપકાર કરે છે. આવો અહંકારભર્યો સહકાર ગામલોકો સાથે કરો એવી પણ માગણી નથી.

ગામડાં આજે કેવાં છે ? મારૂં બાળપણ ગામડાંમાં પસાર થયું છે. ગામડાંનો વૈભવ મારાં બાલ ચક્ષુએ જોયો છે. ગામડાંની સાદી મોજોમાં મેં ભાગ લીધો છે. આડંબર વિનાના એમના ઉત્સવો અને રમતગમતોની લ્હાણ મેં લીધી છે. છેલ્લાં છ વર્ષથી ગામડેગામડે ભટકતો મુસાફર હું બન્યો છું. બાળપણનાં ગ્રામ્ય જીવનની મોંઘી યાદ મેં સંઘરી રાખી હતી. વિદ્યાર્થીજીવનના શહેરી વાતાવરણમાં એ સ્મરણો અને મધુર સ્વપ્નો મેં ભાવથી સેવ્યાં હતાં. ગામડાંના મારા પ્રવાસે મને ઘેલો બનાવી મુક્યો છે. ક્યાં છે એ ગામડાંનું નૂર ? ક્યાં ગઈ એ રંગબેરંગી ફુલવાડીઓ ? ક્યાં ગયાં એ સુશોભિત ખોરડાં, ક્યાં છે એ પુષ્ટ ધેનુઓનું આંખ ઠારતું ધણ ? ગોવાળોની રસમસ્તી, ભાત લઈ ખેતરે જતી ખેડુત નારીઓનો ધમધમાટ, લગ્નોત્સવ કે તહેવારોના ક્યાં છે એ બહાર ? આજે ગામડાં નિસ્તેજ જણાય છે. ગામડાંમાં સોનું રૂપું ક્યાં રહ્યું છે ? ગ્રામ્ય નારીઓનાં, ગામડાંનાં બાલકનાં શરીર અડવાં થઇ ગયાં છે. કળાના સાદા વૈભવના અસંખ્ય નમુનાઓ આજે અલોપ થઇ ગયા છે.

ભારતનાં ગામડાંની જાહોજલાલી જતાં ભારતી જનતા સુકાઇ રહી છે. ભારતની નાડીમાં રૂધિરની ગતિ મંદ, અતિ મંદ થઇ ગઇ છે. ભારતે જીવનનો ઉલ્લાસ ખોયો છે. શહેરના બાગબગીચા, રોનકદાર મહેલો, કૉલેજો અને હાઇસ્કુલો, સિનેમા અને નાટકો, રાજમાર્ગો અને રાજમંદિરોના દર્શને તૃપ્ત થતી આંખ સાચું દર્શન ચુકી ગઇ છે. એ વૈભવ, એ ઠાઠ શહેરી કમાણીનો નહિ, પણ ગામડાંની ખેંચી લીધેલી લક્ષ્મીનો છે. ગામડાંમાં લક્ષ્મી ખુટશે, લક્ષ્મી પેદા કરવાનાં સાધનો ખુટશે, તો શહેરો પણ હાડપીંજરનાં માળખાં બની જશે તેનું વિસ્મરણ કરવાની આપણે ગંભીર ભુલ કરી છે.

ગામડાંની ખેતીનો કસ ઉતરી ગયો છે, ગ્રામ્યલક્ષ્મી–પશુધન—ની દુબળતા વધી ગઇ છે ખેતી સાહિત્ય કમી થઇ ગયું છે; ખેડુતોનો જીવનઉલ્લાસ ઓટ પામ્યો છે. ગામડાંની શેરીઓ કાયમી ઉકરડા સમાન બની છે. ખોરડાં પાધર થતાં જાય છે. કેડા અને મારગ ધુળના ઢગલા કે ખાડા ટેકરાથી વસમા થઇ ગયા છે. વાડી–ફુલવાડી સુકાયાં છે. વૃક્ષકુંજો અલોપ થઈ છે ચોરો પડુંપડું છે, અને ઠાકુરબાપા રીસાયા છે. મેઘરાજાની મહેરબાની કમી થઇ છે, ખેતી સિવાય બીજો ઉદ્યોગ રહ્યો નથી અને ખેતરના માલિકોને પણ પેટ માટે દર વર્ષે થોડા માસ પરદેશ ખેડવા પડે છે. કારખાનાના દુર્ગુણોએ ગામડાંમાં પ્રવેશ કર્યો છે અને ગ્રામ્ય નીતિમત્તા શિથિલ થઇ પડી છે. ગ્રામ્ય લોકોના આગેવાનો, એક વારનાં દુઃખદર્દો ફીટાડનાર સમર્થ સ્થંભો આજે અમલદારોનાં દુષ્કૃત્યોનાં હથિયાર બની પોતાના ભાઇઓને પીડવામાં સામેલ થયા છે. સંસ્કારિતાનો લોપ થવા બેઠો છે. અક્ષરજ્ઞાન તો નથી આવ્યું પણ શાસ્ત્ર-પુરાણોની જુની પાવનકારી કથાઓ ઉલટી અદ્દશ્ય થઇ છે.

વડીલોની આમન્યા, અતિથિનો સત્કાર, નાનેરાંનું ભરણ-પોષણ, સ્ત્રીજાતિનું સન્માન, વૃક્ષો તથા પશુઓનું બાલક પેઠે લાલન, ‘પંચ ત્યાં પરમેશ્વર’ એ સૂત્રનો સ્વીકાર, સંઘ-કલ્યાણની ભાવના,—હિંદુ ધર્મનાં આ લક્ષણોનો શહેરોમાં નાશ થઈ ગયો છે—હજી ગામડાંમાં થઈ રહ્યો છે. સામાજિક અને ધાર્મિક અધઃપતનથી આ ક્રિયા અટકી નથી, પણ રાજકીય ક્ષેત્રમાં યે અનર્થ થઈ રહ્યો છે. ગ્રામ્ય લોક સાથેનો શહેરી અમલદારોનો વહેવાર વર્ણવ્યો જાય તેમ નથી. ગામડાં-


અનુસંધાન પાન ૭૬ને છેડે)

અમેરિકન સ્વાતંત્ર્ય–યુદ્ધના સમયમાં સ્ટેમ્પ ઍક્ટ રદ કરવાની વિચારણા માટે નીમાએલી આમની સભાની સમિતિએ અમેરિકાના પ્રતિનિધિ બેન્જામિન ફ્રાંક્લિનને સવાલ પુછેલો, 'અમેરિકનો પહેલાં શામાં ગૌરવ માનતા ?' જવાબ મળ્યો 'ઇંગ્લંડથી આવતાં શોખીન કપડાં પહેરવામાં.' સ 'અને હવે શામાં ગૌરવ માને છે ?' જ–'દેશનાં જ કપડાં પહેરવામાં; અને નવાં ન મળી શકતાં હોય તો જુનાં ફરીફરી ધોઇને પહેરવામાં.'

c/o ની નિશાની કોઇ માણસ મારફત પત્ર મોકલવો હોય ત્યારે જ વાપરવી જોઇએ. ઘણા લોકો ઠેકાણું બતાવવા તરીકે તેનો ઉપયોગ કરે છે તે ભુલ છે. અશોક મુનશી c/o પીપળા પોળ એમ લખવું એ ખોટું છે.

છત્રીસ ખાનાંના નીચેના ચોરસમાંના આંકડાઓનો ચારે બાજુથી સરવાળો કરી જોતાં ૧૧૧ જ આવશે. કરી જુઓ:

૧	૧૬	૩૪	૩૩	૨૧	૬
૩૦	૧૦	૧૮	૧૭	૧૧	૨૫
૨૯	૫	૨૩	૨૪	૨	૨૮
૮	૩૨	૧૩	૧૪	૩૫	૯
૧૨	૨૬	૨૦	૧૯	૨૭	૭
૩૧	૨૧	૩	૪	૧૫	૩૬



ગયે મહીને આપેલા કાગળના ટુકડા ગોઠવવાથી આ કરચલો બને છે. હવે આ નીચે આપેલા ટુકડા ગોઠવી ચકલી બનાવો



પહેલું સુખ તે જાતે નર્યા
બીજું સુખ તે ઘેર દીકરા
ત્રીજું સુખ કુલવંતી નાર
ચોથું સુખ તે કોઠીએ જાર
પાંચમું સુખ જ્યાં ચડવા ઘોડી
છઠ્ઠું સુખ બાંધવની જોડી
સાતમું સુખ પેટીએ નાણું
આઠમું સુખ જ્યાં એક દુઝાણું
નવમું સુખ તે રામનો હાથ
દસમું સુખ તે પાંસર્યા નાથ

કાશી હિંદુયુનિવર્સિટીસ્થપાઈ:૪થીફેબ્રુ.

લીમડાનાં પાન ઉકાળેલા પાણીથી માથું ધોવાથી ખોડો મટે છે: લીમડાનાં પાનનો રસ મધ નાખીને હમેશાં સવારે પીવાથી કમળો મટે છે. **બોરડીનાં** મુળ ને લીંડીપીપર ઘસીને માથે ચોપડવાથી માથાનો દુખાવો મટી જાય છે.

દુનિયાભરમાં સૌથી ઉંચાં વૃક્ષ ઑસ્ટ્રેલિયામાં થાય છે. એનું નામ બ્લ્યુગમ. એ ઝાડ ચારસો ચારસો ફુટ ઉંચાં ઉગે છે.

સફેદને બદલે લાલ શીશીમાં દુધ રાખી મુકવાથી તે વધારે વખત સારૂં રહે છે.

છાપવાના બ્લૉકો કેમ બને છે ?

જસતનું બીબું



જે ચિત્રનું બીબું કરવું હોય તે જસતની સાફ કરેલી સપાટ પ્લેટ ઉપર બ્લૅક જાપાનથી ઉતારવું, ને તેને થોડું સુકાવા દેવું. પછી રબરની કે ચીનાઇ માટીની ચોખંડી રકાબીમાં એક ભાગ સુરોખારનો તેજાબ (નાઇટ્રિક ઍસિડ) અને સોળ ભાગ પાણી મેળવી ચિત્રવાળી પ્લેટ તેમાં મુકવી, ને ધીમેધીમે હલાવવું પ્લેટની પાછળની બાજુએ જાડો બ્લૅક જાપાનનો કે ડામરનો પટ ચોપડવો જેથી ઍસિડ તેના પર અસર ન કરે. ચિત્રવાળી બાજુએ જે ભાગ ઉઘાડો હશે તે ઍસિડથી ધીમેધીમે ખવાતો જશે. પહેલી વાર આશરે દસ પંદર મિનિટ ચિત્રને કોરાવા દીધા પછી પ્લેટ બહાર કાઢી સ્પિરિટના દીવા કે કોલસાની સગડી પર ધરીને સુકવી નાખવી, અને તે ઠંડી પડે એટલે તે પર પહોળી પીંછી વતી રાળની ચાળેલી ભુકી પાથરવી. બ્લૅક જાપાનના ચિત્રામણ ઉપર તે ચોંટી રહેશે અને બાકીના ભાગ પરની રાળ પીંછી વડે કાગળ પર ખેરવી લેવાશે. પછી એ પ્લેટને ફરી ગરમી આપવાથી રાળ ને જાપાન મળીને મજબુત વારનિશ થશે, જેથી ઍસિડમાં મુકતાં લીટીઓની બાજુઓ ખવાશે નહિ. જેમજેમ પ્લેટ ઉંડી કોતરાતી જાય તેમતેમ રાળ લગાડવાની અને ગરમી આપવાની ક્રિયા ફરી ફરી કરવી. છેવટે, છાપવાના ટાઇપોની ઉંડાઇ જેટલી ઉંડાઈ કોરાઇ રહે ત્યારે પ્લેટને ટર્પેન્ટાઇનથી સાફ કરી નાખવી. પછી ટાઇપોની ઉંચાઇના લાકડા પર ખીલીઓથી ચોડી લેવી. બ્લૅક બનાવવાની આ સામાન્ય રીત છે. વધુ બારીક કારીગરી અને કાપકુપ માટે ઘણો સામાન જોઇએ. છતાં જાડી લીટીઓ કે અક્ષરોનું કામ આ પદ્ધતિએ સૌકોઇ સારીરીતે કરી શકે.